
# ખોજ

જીવન એક અવિરત ખોજ

મે-જૂન ૨૦૦૮
વર્ષ ૨ અંક ૩



## આલોચનાત્મક રેશનાલિટી

Karl Popper
Unended Quest

आ नो भद्रा क्रतवः यन्तु विश्वतः।

–ऋग्वेद

*Whence this creation has*
*come*
*He who is its surveyor in*
*heaven*
*he alone knoweth*
*And yet doth he know?*

*– Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know*
*things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*

*–Xenophanes*

*A Greek bard, 570–475 B.C.*

# ખોજ

## જીવન એક અવિરત ખોજ

મે - જૂન ૨૦૦૮
વર્ષ ૨, અંક ૩

**સંપાદક**
અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**
તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**
રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
સુદર્શન આયંગાર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુકલ
પાર્થ શાહ
ચ.અ. પ્રિયદર્શી

**આલેખન-સજાવટ**
જરીન જોષી

સર કાર્લ પોપરના મુખપૃષ્ઠ પરના ફોટોગ્રાફના ફોટોગ્રાફર લોટે મેઈટ્નર-ગ્રાફ છે.

| | | |
|---|---|---|
| સંપાદકીય | અંબરીષ મહેતા | ૪ |
| પત્રો | | ૫ |
| પ્રતિભાવ - ચર્ચા | જયંતી પટેલ, કિરણ દેસાઇ | ૭ |
| સાંપ્રત | | |
| - આપણી મૂળભૂત સ્વતંત્રતાઓ | તૃપ્તિ પારેખ | ૧૧ |
| - અભિવ્યક્તિ-સ્વાતંત્ર્ય સંમેલનનો ઠરાવ | | ૧૪ |
| - હવે આપણે પૂતળું બનાવીએ | કુમાર કેતકર | ૧૬ |
| - અમરનાથ યાત્રાનો ખોટો વળાંક | તૃપ્તિ પારેખ | ૧૮ |
| - રામસીંગ, ગોલ્કી અને રાની | | ૨૦ |
| અગ્રલેખ | | |
| - વિજ્ઞાન-અધ્યાત્મ-૬ | અનિલ પટેલ | ૨૧ |
| - ન્યાયતંત્રની અતિરેક્તા | રાજીવ ધવન | ૩૬ |
| - મુખ્ય ન્યાયમૂર્તિનાં વિધાનોનું ઔચિત્ય | અશ્વિન ન. કારીઆ | ૩૭ |
| - વહીવટીતંત્ર અને સરદારનો રાજયોગ | રાજેશ મિશ્રા | ૩૮ |
| - વન અધિકાર કાયદાનો અમલ | તૃપ્તિ પારેખ | ૪૭ |

લવાજમ :
વાર્ષિક રૂા. ૧૫૦/-
દ્વિવાર્ષિક રૂા. ૨૫૦/-
પાંચ વર્ષ રૂા. ૬૫૦/-
સહયોગ રાશિના ચેક / ડી.ડી.
એકશન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટના નામે મોકલવા વિનંતી છે.
બહારગામના ચેકો પર બેંક કમિશનના ૪૦ રૂપિયા ઉમેરવા. પત્રવ્યવહાર/લવાજમ મોકલતી વખતે પોતાના સરનામા સાથે ફોન નંબર અચૂક લખવા.

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

'ખોજ'માં પ્રસિદ્ધ થતાં મંતવ્યો સાથે સંપાદક મંડળ સહમત હોય એ જરૂરી નથી.

## સંપાદકીય

# વિજયનગરના આદિવાસી આરોપીઓ માટે આશાનું પહેલું કિરણ

આ અંક પ્રેસમાં જઈ રહ્યો છે તે જ અરસામાં વિજયનગરના આંતરસુબા આશ્રમના બનાવ સંબંધી કેસના ૧૨ આદિવાસી આરોપીઓને ગુજરાત હાઇકોર્ટે જામીન પર મુક્ત કર્યા. ૧૩ ફેબ્રુઆરીના આ બનાવમાં પોલીસના અંધાધૂંધ ગોળીબારમાં બે આદિવાસીઓએ પોતાના જાન ગુમાવેલા અને બીજા ત્રણ ગંભીર રીતે ઘવાયેલા એનાથી તો 'ખોજ'ના વાચકો પરિચિત છે જ. સામે પક્ષે પોલીસ કે વન વિભાગના કર્મચારીઓને કોઈ ગંભીર ઇજા નહોતી થઈ. અને છતાં આ આદિવાસીઓ ઉપર 'વન વિભાગના કર્મચારીઓને જાનથી મારી નાખવાના ઇરાદા સાથે હુમલો કરવાનો (કલમ ૩૦૭નો)' ફોજદારી કેસ મૂકી દેવામાં આવ્યો છે, જ્યારે ગોળીબાર માટે જવાબદાર પોલીસ અધિકારીઓ સામે આજ દિન સુધી કોઈ કેસ કરવામાં નથી આવ્યો. બે મૃતકો સહિત કુલ ૪૧ આદિવાસીઓને આરોપી બનાવવામાં આવ્યા છે (એફ.આઇ.આર.માં તો માત્ર ૧૦ જ નામો હતા, બાકીના નામો પાછળથી ઊમેરવામાં આવ્યા છે), અને ત્રણ ઘાયલ સહિત ૧૨ લોકોને પકડીને જેલમાં પૂરી દેવામાં આવ્યા હતા.

છેલ્લા ત્રણેક મહિનાથી એમને જામીન પર છોડાવવાની કોશિશ કરતા હતા, પરંતુ સફળતા નહોતી મળતી. છેવટે ૪થી જુલાઇએ ગુજરાત હાઇકોર્ટના જસ્ટીસ ડી. એન. પટેલે એમને જામીન પર છોડવાનો હુકમ કર્યો. એમની છબી કડક જજ તરીકેની છે, એટલે જામીન મળશે કે નહીં તેવી ફડક તો હતી જ, પરંતુ એ દિવસે કેસ શરૂ થયો ને થોડા જ સમયમાં એ દૂર થઇ ગઇ. આપણા વકીલ કૃતિબેન શાહે દલીલ કરી કે આ સાવ ખોટો કેસ છે અને ખરેખર તો પોલીસે અંધાધૂંધ ગોળીબાર કરીને બે વ્યક્તિઓને સ્થળ પર જ મારી નાખેલી અને બીજા ત્રણને ગંભીર ઇજા પહોંચાડેલી તે માટે એમના પર કોઇ કેસ ન થાય એ માટે જ આ બનાવટી કેસ ઊભો કર્યો છે... લોકો ખરેખર તો પોલીસ અને વનવિભાગના કર્મચારીઓ મળસ્કે ૫ વાગ્યે ગામોમાં છાપા મારીને ઘરોમાં ઘૂસી જઇને છ માણસોને પકડી ગયા હતા તેનો વિરોધ કરવા અને એમની ભાળ મેળવવા માટે જ ભેગા થયા હતા અને નહીં કે કોઇને 'જાનથી મારી નાખવા' માટે... એનો સ્પષ્ટ પુરાવો એ છે પોલીસ કે વનવિભાગના કર્મચારીઓ તરફે કોઇને ખાસ કોઇ ઇજા જ નથી થઈ. આ ઉપરાંત, આ બનાવ અંગે સરકારે શ્રી પી. કે. લાહિરીના અધ્યક્ષપદે નીમેલ ઉચ્ચસ્તરીય કમિટીના અહેવાલ તેમજ અન્ય સ્વતંત્ર સંસ્થાઓના અહેવાલોની જાણકારી પણ એમણે કોર્ટને આપી. એમની રજૂઆતોની જસ્ટીસ ડી. એન. પટેલે તરત જ ગંભીર નોંધ લીધી અને પછી સરકારી વકીલ પર સવાલોની ઝડી વરસાવી - એવો તે ક્યો કેસ હતો કે આમ મળસ્કે અંધારામાં લોકોનાં ઘરોમાં ઘૂસીને એમને પકડવામાં આવ્યા ? આ રીતે રાત્રે લોકોનાં ઘરોમાં ઘૂસતા પહેલા પરવાનગી મેળવવી પડે, તે મેળવી હતી ? આમ માણસોને ઊઠાવી જાવ તો લોકો ભેગા થઈને આવે જ ને? એટલે સવાલ ટોળું હતું કે નહીં તેનો નહીં પણ એમણે કર્યું શું તેનો છે, એમણે હુમલો કર્યો હોય તો તમારા પક્ષે કોઇને કોઇ ઘસરકો સુધ્ધાં કેમ નથી પડ્યો? વિગેરે. આ સવાલોના પ્રોસીક્યુશન પાસે કોઇ સંતોષકારક જવાબ નહોતા !

લાહિરી કમિટીનો અહેવાલ સરકાર અત્યાર સુધી જાહેર નહોતી કરતી. અમને પણ એ મહિનાઓની જહેમત પછી માંડ આગલા દિવસે જ મળ્યો અને તે પણ માહિતી અધિકાર કાયદા નીચે મુખ્ય માહિતી કમિશ્નરને ફરિયાદ કરી ત્યાર પછી જ. આ અહેવાલમાં ૧૩ ફેબ્રુઆરીએ ખરેખર શું બનેલું તે સવાલને વિગતે તપાસવામાં નથી આવ્યો (મામલો ન્યાયિક પ્રક્રિયા હેઠળ હોવાને કારણે). પરંતુ એણે પણ એટલું જરૂર નોંધ્યું છે કે ૧૩મીના મળસ્કે આ ગામોમાંથી પોલીસ ૬ વ્યક્તિઓને પકડી ગઈ હતી એટલે લોકો તેમને છોડાવવા માટે જ આંતરસુબા આશ્રમ ખાતે ભેગા થયા હતા. ત્યાર પહેલાં ૯મી અને ૧૨મી તારીખે વનવિભાગના અધિકારીઓ તેમજ પોલીસ અધિકારીઓ ગામોમાં ગયેલા ત્યારે કોઇ હિંસા નહોતી થઇ એની નોંધ પણ એણે લીધી છે. અહેવાલમાં મુખ્યત્વે વન વિભાગને આદિવાસીઓ સાથેના તેના વ્યવહારમાં પરિવર્તન લાવીને તેમનો વિશ્વાસ સંપાદન કરવાની તેમજ નવા વન અધિકાર કાયદાના અમલમાં સકારાત્મક ભૂમિકા ભજવવાની તેમને ભલામણ કરવામાં આવી છે. તેમજ તપાસ લોકલ ક્રાઇમ બ્રાંચને બદલે રાજ્ય કક્ષાની ક્રાઇમ બ્રાંચ મારફત કરવામાં આવે એવો અનુરોધ કર્યો છે. આમ, વિજયનગરના આદિવાસીઓને આટલા વખતની હતાશા પછી આશાનું પહેલું કિરણ દેખાયું છે, જો કે ન્યાય મેળવવાની એમની મંઝિલ તો હજી ઘણી દૂર છે.

- સંપાદક

# પત્રો / પ્રતિભાવો




આપના પત્રો / પ્રતિભાવો આવકાર્ય છે.
પત્ર વ્યવહારનાં સરનામાં :

આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦ ૦૦૨ ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

આર્ચ, મુ. પો. માંગરોલ,
તા. રાજપીપળા, જિ. નર્મદા
ગુજરાત. પીનઃ ૩૯૩ ૧૫૦
ફોન : ૦૨૬૪૦-૨૫૦૧૪૦

છેલ્લા કેટલાક સમયથી એટલે કે ૩ અંકથી ખોજ નિયમિત મળે છે. માર્ચ એપ્રિલ ૨૦૦૮ ના અંકમાં કવર પેજ 'વિકાસ કે તોડફોડ' ખૂબ જ આકર્ષક રહ્યું. દરેક વિકાસની સાથે તોડફોડનું કાર્ય સંકળાયેલુ હોય છે. અમદાવાદમાં વાડજ વિસ્તારમાં રામાપીર ટેકરા નામે ઓળખાતા વિસ્તાર કે જેમાં ૩૦૦થી વધુ ઝૂંપડાંઓ હતાં તેને અન્યત્ર ખસેડીને રસ્તો પહોળો કરાયેલ છે કારણ કે ગાંધી આશ્રમને સરકાર દ્વારા સાયલન્ટ ઝોન નક્કી કરવામાં આવનાર છે જેથી આ વિસ્તારમાં વાહનોની અવર જવર પ્રતિબંધિત થનાર છે. તે જ રીતે ચીમનભાઈ બ્રીજથી વિસત પેટ્રોલ પંપ સુધીનો નેશનલ હાઈવે ૨૦૦ ફૂટ પહોળો બનાવવા માટે બન્ને બાજુથી ઝૂંપડપટ્ટી અને ગેરકાયદેસર મકાનોને દૂર કરાયેલ છે. આ માર્ગ પરનાં કેટલાંક ધાર્મિક સ્થળો પણ આમાં સમાવિષ્ટ થયેલ છે.

અગ્રલેખ ''વિકાસના નામે આ શું થઇ રહ્યું છે'' અને વાયબ્રન્ટ ગુજરાતના વિકાસનો ચહેરો અને મુંડેટીના આદિવાસીઓ ન્યાય માગે છે વગેરે વિચારણીય છે.

ગાંધીનગર જેવા કેપિટલ સીટીમાં ઝૂંપડપટ્ટી ન હોવી જોઈએ તેવું સરકાર ચલાવનાર દરેક જણ માને છે અને ગરીબોને વહીવટી તંત્રના ઉપયોગથી સહેલાઈથી પરેશાન કરી શકાય છે તે નિર્ભેળ સત્ય છે. સમગ્ર વહીવટી તંત્ર અને ન્યાયતંત્ર સરકારના આદેશ હેઠળ જ કામગીરી કરતું હોય છે. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ અને રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ પણ આ બાબત સંવેદનશીલ નથી. રાજ્ય સરકાર દ્વારા લેવાયેલ નિર્ણયોનો અમલ કલેક્ટર, જિલ્લા પોલીસવડા વગેરે ન કરે તો તેમની નોકરી જોખમમાં મુકાઈ જાય છે.

ગાંધીનગરમાં જે ઝૂંપડાંઓની તોડફોડ કરીને જમીનો ખાલી કરાવવામાં આવી છે તે અંગે જો અસરકારક રજૂઆત કરનાર સંસ્થાઓ ઝૂંપડાંવાસીઓને મળી હોત તો કમસેકમ તેમને અન્યત્ર વસવાટ માટેની વૈકલ્પિક વ્યવસ્થા કરવાની સરકારને ફરજ પડી હોત. મધ્યમ વર્ગ અને ઉપલા વર્ગને શહેરમાં ઝૂંપડપટ્ટી પસંદ નથી એ પણ હકીકત સ્વીકારવા જેવી છે. કારણ કે હાલમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી દરેક પ્રજાજનને અકલ્પ્ય સુખ મળવા લાગેલાં છે.

રમણ પાઠક, અનિલ પટેલ અને કિરણ દેસાઈની પ્રતિભાવ ચર્ચા સરસ છે. મેઘા સામંત અને દિનેશ શુકલના લેખો પણ સરસ છે.

વિજ્ઞાન અધ્યાત્મ-૫માં લેખક શ્રી અનિલ પટેલ દ્વારા ખૂબ જ ઝીણવટપૂર્વક અધ્યાત્મની છણાવટ કરવામાં આવેલ છે.

પ્રો. અશ્વિન કારીઆનો વિજ્ઞાન અને શ્રદ્ધા વચ્ચેનો સંબંધ નામનો લેખ પણ ચિંતન માટે સરસ છે. શ્રદ્ધા એ આંતરિક પ્રેરણા છે અને તે વ્યક્તિગત છે. શ્રદ્ધામાંથી જ વિજ્ઞાન પેદા થયેલ છે કારણ કે રાઈટ બંધુઓને પક્ષીની માફક ઊડવામાં સફળતા મેળવવાની ઊંડી શ્રદ્ધા હતી જેમાંથી તેઓ વિજ્ઞાનની મદદ દ્વારા વિમાન બનાવી શક્યા.

***- જી.વી. મકવાણા, ચાંદખેડા***

'ખોજ' વાંચીને ઘણી વાર મનના વિચારોને વ્યક્ત કરવાનું મન થઈ આવે પરંતુ ઘણા બધાના અભિપ્રાયો વાંચતાં વિચાર માંડી વાળું. ખોજમાંના લેખો ખરેખર વાંચવા, માણવા અને વિચારવાલાયક બની રહ્યા છે તે તેની આગવી ખાસિયત ગણી શકાય. પુસ્તક-પરિચયમાં પુસ્તકનું પ્રાપ્તિસ્થાન અને કિંમત જણાવવી જરૂરી હતી, જેથી અમારા જેવાને મંગાવવા માટેની જરૂરી માહિતી ઉપલબ્ધ થઈ શકે.

***- રમેશ પંડ્યા, જૂનાગઢ***

આતુરતાપૂર્વક રાહ જોવડાવ્યા પછી 'ખોજ'નો માર્ચ-એપ્રિલનો અંક મળ્યો. વાંચતાં વાંચતાં ઉનાળામાં પંખાની ગતિ સાથે વાંચન-વિચારવાની ગતિ સાચવતાં સાચવતાં આ પત્ર લખી રહ્યો છું.

મુ.શ્રી રમણભાઇ પાઠક સાહેબનો 'ખોજ'માં આ કદાચ મારા ધ્યાન મુજબ, પ્રથમ લેખ અને પ્રતિભાવ હશે. ગુજરાતમાં રેશનાલિઝમની વિચારસરણીને પ્રસ્થાપિત કરી એનો ફેલાવો કરવામાં એમનો સિંહફાળો છે. અને આથી તેઓ સાહેબ જ્યારે પૃથક્કરણ કરે ત્યારે એક સિદ્ધહસ્ત કલમનું માર્ગદર્શન - ટીકા જ હોય. મારા મતે રેશનાલિસ્ટો ભગવાનની હયાતીને સ્વીકારતા નથી પણ માનવસદ્‌ગુણો, નૈતિકતાને જીવનના શ્રેષ્ઠ ગુણોને વિકસાવવા પ્રયત્નશીલ છે. It is a way and rational thinking for good living. જાણીતા ગાંધીવાદી પણ રેશનાલિસ્ટ છે.

ગુજરાતની ચૂંટણીની સમીક્ષા કરતા બે લેખો આપે આપ્યા છે. દરેકને પોતાનો મત અને અભિપ્રાય છે. મારા મતે શ્રી નરેન્દ્રભાઇ મોદી હિંમતવાન યુવા રાજકારણી છે અને આખો દેશ એની પાસે નેતૃત્વની આશા રાખી શકે. આમ છતાં પાયામાં મને ખૂટતી લાગણી એ એમનો આર.એસ.એસ.નો વિચારપ્રભાવ છે. આની જગ્યાએ સર્વોદયવાદ સાથે ગાંધી-વિચારસરણી ભળે તો રાજકારણ-અર્થકારણ અને વિકાસને સમજવાની વિભાવના બદલાય. બધાને સાથે રાખી વિકાસ કરવા માટે ભ્રષ્ટાચાર જો નાથી શકે તો 'નરેન્દ્ર' મોદીમાંથી 'કૃષ્ણ' મોદી કહેવાશે.

એસ.ટી.નો અકસ્માત એ એક દુર્દૈવ ઘટના હતી. આ માનવરચિત જ ઘટના ઘટી. પણ આપણે સદા યાદ રાખવું જોઇએ કે સરકારી મદદ - સહાય એ ગોવર્ધન આંગળી નથી. સામાજિક સંસ્થા-જાગૃત નાગરિકો સંકટ સમયે મદદમાં આવી શકે.

**- બી.એ. પંડ્યા, સુરત**

'ખોજ'ના છેલ્લા અંક માર્ચ-એપ્રિલ ૦૮ માં ડાબેરી-જમણેરી આર્થિક વિચારધારાના સંદર્ભમાં શ્રી દિનેશભાઇ શુક્લએ રજૂ કરેલ મુદ્દા અંગે વિશેષ ઉમેરણ કરવું જરૂરી લાગે છે. ડાબેરી-જમણેરી આર્થિક વિવાદ વધારે પ્રસ્તુત ત્યારે જ બને છે જ્યારે અર્થકારણમાં ઉત્પાદન- વ્યવસ્થા - ઉત્પાદનતંત્રમાં બદલાવ આવે છે. પ્રવર્તમાન ઉત્પાદન-વ્યવસ્થા વિકેન્દ્રિત અને શ્રમપ્રધાન હતી ત્યારે ડાબેરી-જમણેરી એવો વિવાદ હતો જ નહીં. એટલે આપણે એમ કહી શકીએ કે ઉત્પાદન-વ્યવસ્થાના બદલાવના લીધે ડાબેરી વિચારધારાઓ પ્રસ્તુત બને છે. એટલે આપણા જે પ્રશ્નો છે, જેને આપણે ડાબેરી-જમણેરીના સંદર્ભમાં ઉકેલવા પ્રયત્ન કરીએ છીએ, તે મૂળભૂત રીતે ઉત્પાદન-વ્યવસ્થાનો - ઉત્પાદનતંત્રનો પ્રશ્ન છે. એટલે આપણે આ ઉત્પાદન-વ્યવસ્થાના દૃષ્ટિબિંદુને ધ્યાનમાં લેવો જોઇએ.

પ્રવર્તમાન ઉત્પાદનવ્યવસ્થા મૂળભૂત રીતે કેન્દ્રિત છે, યાંત્રિક છે, અને વિશાળ પરિપ્રેક્ષ્યમાં ઉત્પાદનલક્ષી છે. આ વ્યવસ્થામાં માનવશ્રમની આવશ્યકતા છે, પરંતુ માનવની નહિ. આ વ્યવસ્થામાં ઓછામાં ઓછા માનવોને સ્થાન છે અને તેથી જ તે શ્રમપ્રધાન નથી. જેમ અને જેટલા માનવો આ ઉત્પાદન-પ્રક્રિયામાં સામેલ થાય તેમ તેને ઉત્પાદન-લક્ષ્યમાં સરળતા રહે છે. કારણ કે છેવટે તો માનવશ્રમમાં સંવેદનશીલ માણસો જ રહેલા હોય છે. પરિણામે આ સમગ્ર ઉત્પાદનતંત્ર ક્રમશઃ સંવેદનાહીન બનતું જાય છે, જે આ તંત્રના વિકાસ અને પ્રગતિ માટે આવશ્યક છે. આ માનવ ક્રિયાન્વિત કરનાર માનવો પણ છેવટે તો આ વિશાળ ઉત્પાદનતંત્રનો એક ભાગ જ છે. તેનાથી વિશેષ તેની કોઇ કિંમત કે મહત્ત્વ નથી. આ ઉપરાંત સમગ્ર ઉત્પાદન-વ્યવસ્થા સમગ્ર વિશ્વના ઉત્ક્રાંતિના વિકાસની વિરુદ્ધમાં ઉત્ક્રાંતિ થયેલ સમગ્ર જીવનસૃષ્ટિના વિકાસની પ્રગતિની વિરુદ્ધમાં કામ કરે છે. આ એક નક્કર હકીકત છે. તે અંગે વિશેષતા અનાવશ્યક છે. સમગ્ર વિશ્વમાં ઉત્પન્ન થયેલ પર્યાવરણ પ્રદૂષણના પ્રશ્નો અને ગ્લોબલ વૉર્મિંગ અને ગ્લોબલ કુલીંગ વગેરેના ભયજનક સંકેતો આના સાક્ષી છે.

આમ આ કેન્દ્રિત રીતે ઉત્પન્ન થયેલ અને વિકાસ પામેલ ઉત્પાદન-વ્યવસ્થા આપણને ક્યાં લઇ જશે એ એક મોટો પ્રશ્નાર્થ છે. આ વ્યવસ્થામાંથી નીપજતું શહેરીકરણ, સંવેદનહીન માનવતા, વધતી જતી સામાજિક હિંસા, ગુનાખોરી, નશાખોરી - બધાં આ ઉત્પાદન વ્યવસ્થાની નીપજ છે. ડાબેરી-જમણેરી વિચારધારા માટે આ ઉત્પાદન-વ્યવસ્થામાં કશો જ ફેરફાર નથી. આ ઉત્પાદન વ્યવસ્થાતંત્ર એટલું બળવંત અને અસરકારક છે કે લગભગ સીત્તેર વરસો સુધી ચાલેલું અને વિકસેલું સામ્યવાદી તંત્ર પણ તેની આગળ તૂટી પડ્યું. આટલો વિશાળ ચીન દેશ પણ ઘર આંગણે (જેવો તેવો પણ) સમાજવાદ અને દુનિયામાં મૂડીવાદી હરીફાઇમાં સામેલ છે. એટલે સર્વાંશે એમ કહેવું પડશે કે જમણેરી-ડાબેરીની આ ગડમથલમાં આપણે પગ નીચેથી સરી જતી ધરતીનો ખ્યાલ રાખીએ.

આ સર્વના વિકલ્પે ગાંધીએ ચીંધેલ-નિર્દેશેલ શ્રમપ્રધાન વિકેન્દ્રિત ઉત્પાદન-વ્યવસ્થાને આપણે નજરઅંદાજ ન કરીએ. આ શ્રમપ્રધાન વિકેન્દ્રિત ઉત્પાદનવ્યવસ્થા ભલે આપણને સમૃદ્ધિનાં શિખરો ન બતાવે પરંતુ તે રોજગારલક્ષી છે અને ભારત જેવા એક અબજથી પણ વધારે માનવવસ્તી ધરાવતા વિરાટ દેશ માટે આવશ્યક છે. એટલું જ નહિ, પણ આ પ્રકારની ઉત્પાદન વ્યવસ્થા સમગ્ર સમાજને સાચી સ્વતંત્રતા અને આત્મનિર્ભરતા તરફ દોરી જશે. ભલે, આ બધું આપણે કહીએ કે લખીએ તેટલું સહેલું ન હોય. ઘણા ઘણા આનુષંગિક પ્રશ્નો-સમસ્યાઓ ઊભાં થાય. પરંતુ જો ઇરાદો પ્રામાણિક હોય તો તે સર્વનો સંતોષજનક ઉકેલ આવી શકે.

**- રસિક શાહ, અમદાવાદ**

# રેશનાલિટીની આધુનિક વિભાવના

*-જયંતી પટેલ*

મારા ‘રેશનાલિટીની આધુનિક વિભાવના’ લેખ વિષે આટલા બધા પ્રતિભાવો તથા ચર્ચા રેશનાલિસ્ટ વિચારો માટે એક વધામણી જ ગણાય. સહુ મિત્રોનો આભાર.

રસિકભાઇ શાહે અધ્યાત્મને માનવમન (બુદ્ધિ!) અને ઇન્દ્રિયોથી પર સત્તાની વાત કરી છે. રેશનાલિસ્ટો આવી કોઇ અલૌકિક સત્તા કે માનવબુદ્ધિ કે ઇન્દ્રિયોથી સ્વતંત્ર જ્ઞાનનો સ્વીકાર કરતા નથી કારણ કે તેની ચકાસણી થઇ શકતી નથી, સત્યતા પુરવાર થઇ શકતી નથી કે સાર્વત્રિકતા સ્થાપી શકાતી નથી. તેમણે કહ્યું તેમ તે વૈયક્તિક અનુભૂતિની નીપજ છે. પરંતુ તેની ચરમસીમાએ સહુને એકસરખો અનુભવ થાય છે, તે સાબિત કરવું બાકી છે. આધ્યાત્મિક દૃષ્ટિ આવી એકતા અર્પતી હોય તો આધ્યાત્મિક ગણાતી વ્યક્તિઓ દ્વારા પ્રબોધાયેલા આટલા બધા ધર્મો, સંપ્રદાયો અને મતમતાંતરો શાથી? બુદ્ધે વિચારીને, ચકાસીને માનવાની વાત કહી તે તો રેશનલ અભિગમ સૂચવે છે અને આધ્યાત્મિક નહીં. એક એવી ભ્રામક માન્યતા પ્રવર્તે છે કે આધ્યાત્મિક એટલે મૂલ્યલક્ષી, નૈતિક અને પવિત્ર. વાસ્તવમાં અધ્યાત્મને નીતિ કે મૂલ્યો સાથે નહીં પણ અલૌકિક, ગેબી જ્ઞાન સાથે નિસબત છે.

હર્ષદભાઇ વ્યાસ, બી.એ.પંડ્યા અને કુંજન મહેતાનો તેમના પ્રતિભાવો માટે આભાર. મિત્ર મુકેશે ઉઠાવેલા મુદ્દાના વિવેચનના પ્રારંભે જણાવી દઉં કે રેશનાલિસ્ટો પોતે સર્વજ્ઞ છે તથા સૃષ્ટિનું સંપૂર્ણ જ્ઞાન તેમને છે તેવો દાવો કરતા નથી. અમારો આગ્રહ તો એટલો જ છે કે પ્રાપ્ત જ્ઞાનને ચકાસવાની, વધતા જતા જ્ઞાન અને સમજના આધારે તેમાં સુધારા વધારા કરતા જવાની, મોકળાશવાળી તે એક આધારભૂત પદ્ધતિ છે. રેશનાલિઝમ સમસ્યાના ઉત્તરો આપવા કરતાં ઉત્તરો મેળવવાની પદ્ધતિ સૂચવે છે. ઉત્તરો માટે તો વિજ્ઞાન, ફિલોસોફી અને વિચારધારા પાસે જવું પડે. તેમણે વાસ્તવિક જગત અને માનસિક જગતની વાત કરી છે અને રેશનાલિટી માત્ર આપણા માનસજગતના રેશનલ અંશને જ ગણતરીમાં લે છે તેવી રજૂઆત કરી છે. હકીકતમાં રેશનાલિટી વાસ્તવિક અને માનસિક જગત વચ્ચેની કડી છે. માનવીના મગજ દ્વારા વાસ્તવિક જગત વિષે ઇન્દ્રિયો દ્વારા પ્રાપ્ત જ્ઞાનનું મૂલ્યાંકન કરી, તેના વિષે તર્કબદ્ધ અને વૈજ્ઞાનિક પદ્ધતિથી વિશ્લેષણ તથા અનુમાન કરી ધારણા બાંધી તેને ચકાસતા રહેવાની પ્રક્રિયા છે. તે માત્ર અમૂર્ત તર્ક લડાવીને, રેશનલાઇઝેશન કરીને, કરવામાં આવતું કલ્પનાઓનું- આધ્યાત્મિક પદ્ધતિ જેવું - ઉડ્ડયન નથી.

આદરણીય રમણભાઇએ લેખ વિષે અભિનંદન આપતાં રેશનાલિઝમ માટેના ગુજરાતી પર્યાય વિષે વિગતથી વિવેચન કર્યું છે. પ્રથમ તો મને લાગે છે કે ચર્ચામાં હઠાગ્રહ, ગેરસમજ, ભૂલ જેવા શબ્દો ટાળીએ તો ચર્ચાની સુવાસ જળવાઇ રહે. વિવેકબુદ્ધિ શબ્દ વિષેનો આપનો આગ્રહ અને લાગણી સમજી શકાય પરંતુ કોઇને તે અપૂરતો કે ગેરસમજ કે ગૂંચવણ સર્જનારો લાગે તો તેને તે ન વાપરવાનો હક ખરો કે નહીં? રમણભાઇના આક્રોશમાંથી એવી છાપ પડે છે કે રેશનલ માટે વિવેકબુદ્ધિ શબ્દ ન સ્વીકારનારા જાણે તેમનું વ્યક્તિગત અપમાન કરી રહ્યા છે. રમણભાઇ, અહીં તો વિચાર વિષેનો નહીં પણ માત્ર શબ્દ વિષેનો જ મતભેદ છે.

આપ પોતે પણ કબૂલ કરો જ છો કે ગુજરાતીમાં વિવેક શબ્દ જે અર્થમાં વપરાય છે તેથી આ ક્ષતિ પેદા થાય છે. આપ મૂળ સંસ્કૃત શબ્દનો હવાલો આપો છો પણ ત્યાં પણ તે રેશનાલિટીના સંદર્ભમાં વપરાયો હોય તેમ શક્ય લાગતું નથી. ભતૃહરી કે શંકરાચાર્યને રેશનલ વિચાર પરંપરાના સમર્થકો તો ન જ ગણી શકાય. ભારતની કોઇપણ ભાષામાં રેશનાલિટીના પર્યાયમાં વિવેક શબ્દ પ્રયોજાયો નથી તે પણ સૂચક છે. હવે આપણે જે પ્રદેશમાં કે ભાષામાં લખતા હોઇએ, જે લોકોને આપણા વિચારો પહોંચાડવા મથતા હોઇએ, તે લોકોમાં જો આ શબ્દ બીજા જ અર્થમાં પ્રયોજાતો હોય તો તેથી વિચારોના સંવહનમાં ગરબડ પેદા થાય. આ દૃષ્ટિએ હું વિવેક શબ્દ ટાળું છું. સારું-ખોટું, સત્ય-અસત્ય, ઉચિત-અનુચિત વગેરેની સમજ પણ બુદ્ધિ અને તેની સાથે માનવવાદી મૂલ્યોના સાયુજ્યમાંથી જ સાંપડે છે.

મને લાગે છે કે અગાઉ આપે કિરણના લેખના સંદર્ભમાં આવો પ્રતિભાવ આપ્યો હતો પણ આપણી વચ્ચે આ ચર્ચા તો પ્રથમ વાર જ આવી છે. પરિણામે મારા હઠાગ્રહ (આપના સત્યાગ્રહ!)નો પ્રશ્ન જ નથી રહેતો. વળી, આપણી વાત અને મંતવ્ય જ સાચું એવી આપસચ્ચાઇ કે અમુક વ્યક્તિઓ પણ આવું જ માને છે તેવી દુહાઇ રેશનલ ચર્ચાવિચારણામાં બિનજરૂરી છે. ('વિવેક' શબ્દ અયોગ્ય લાગતો હોય તેવાં નામો હું પણ આપી શકું તેમ છું.) સામી વ્યક્તિને ઉતારી પાડતા, ભાવનાઓને અરજ કરતાં વિધાનો ટાળીએ, આપણા તર્ક અને વિવેચનને જ બોલવા દઇએ. આથી જ હું બને ત્યાં સુધી કોઇ વ્યક્તિનો ઉલ્લેખ કર્યા વિના માત્ર વિચારોની જ ચર્ચા કરું છું, તેનો હેતુ એટલો જ છે કે જે તે વ્યક્તિ પ્રત્યેના આગ્રહો કે દુરાગ્રહોથી નિરપેક્ષપણે મૂલ્યાંકન થાય. વધુમાં, કોઇને એમ ના લાગે કે તેમને નિશાન કરીને આ લખાયું છે તથા તેમનું માન ઘવાય. પરિણામે આપના કે અન્ય કોઇનાં નામનો ઉલ્લેખ કર્યો ન હતો.

એક સમયે ગુજરાતના રેશનાલિસ્ટોમાં બુદ્ધિનિષ્ઠ શબ્દ વ્યાપક બન્યો હતો પરંતુ તે પણ રેશનલ ખ્યાલની સંપૂર્ણ વ્યંજના વ્યક્ત કરતો નથી. આજે ભારતભરમાં મોટાભાગના રેશનાલિસ્ટો રેશનલ શબ્દ જ વાપરતા થયા છે. મને લાગે છે કે આપણે પણ, પર્યાયની કડાકૂટમાં પડ્યા વિના રેશનલ શબ્દ જ અપનાવી લઇએ તો કેવું? અને તેથી પણ વિશેષ તો, આવા સીમેન્ટીક મતભેદોને અભરાઇએ ચઢાવીએ. રેશનલ આંદોલનના વિકાસ માટે આપનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. આપની કલમે હજી પણ સમૃદ્ધ સર્જન થતું રહે, તેવી અપેક્ષા છે.

અનિલભાઇએ પણ તેમના 'વિજ્ઞાન-અધ્યાત્મ-૫' લેખમાં રસપ્રદ વિવેચન આપ્યું છે. આ વિષે અગાઉ અમે કેટલાક મિત્રોએ પ્રતિભાવ આપ્યો હતો. મને લાગે છે કે આ વિષે તો લેખમાળા પૂરી થાય અને અનિલભાઇનું તારણ તથા મંતવ્ય આવે પછી જ ઊંડાણપૂર્વકની તથા અર્થપૂર્ણ ચર્ચા થઇ શકે. ■

---

## સર્વજનહિતાય આત્મખોજ

*-કિરણ દેસાઇ*

આત્મખોજ-અનિલભાઇના પ્રતિભાવ સંદર્ભે સંવાદને આગળ વધારતાં.. અનિલભાઇ એક વરિષ્ઠ, કર્મનિષ્ઠ, વિદ્યાવ્યાસંગી, અભ્યાસી, ગુજરાતના એક અગ્રણી આદરણીય નાગરિક છે અને આથી તેમના પ્રતિભાવને (ખોજ, માર્ચ-એપ્રિલ ૨૦૦૮) ખૂબ ગંભીરતાસહ અને નમ્રતાપૂર્વક સ્વીકારવો જ પડે. આમાં સહેજે સંદિગ્ધતા કે અપારદર્શિતા ન લેખશો. અનિલભાઇ, કે આપ, અંબરીષભાઇ અને સમગ્રપણે આપની સંસ્થા પરત્વે ખૂબ ઊંડો આદર હું ધરાવું છું. જેને આપ સંદિગ્ધતા, અપારદર્શિતા કે ઇશારાની ભાષા કહો છે તે મારી અલ્પ શબ્દ-પ્રયુક્તિની નમ્ર શૈલી છે. કેમ કે 'અર્થાત્' ના સંપાદકમંડળનો સભ્ય હોઇ અન્ય જર્નલ કે વિચારપત્ર પાસે ઉપલબ્ધ શબ્દ-અવકાશના મૂલ્યને હું માન આપું છું. આ તો રહી અંગત સ્પષ્ટતા. . મને હર્ષ છે કે અંબરીષભાઇના લેખને વ્યાપક પરિચર્ચાના અવકાશને સંદર્ભે, ખાસ તો ૨૦૦૨ પશ્ચાત્‌ના ગુજરાતના નાગરિક સમાજને લક્ષમાં લેતાં, મેં મૂલ્યવાન, મહત્ત્વનો લેખ્યો હતો અને આથી પ્રતિભાવ આપ્યો હતો, તે ચર્ચા અનિલભાઇના આ લેખ દ્વારા આગળ ધપી છે. અન્ય એમાં જોડાય તે વધુ આવકાર્ય છે જ પણ સાથે, અનિલભાઇના લેખે મારી સંદિગ્ધતાને વધુ પારદર્શી કરવાની તક આપી છે એટલે તે સંદર્ભે પરિચર્ચાને આગળ વધારું.

શરૂઆત, તેમના એક અતિમહત્ત્વના મુદ્દાથી જ કરું. તેઓ દર્શાવે છે કે અંબરીષભાઇ પરિસ્થિતિને વસ્તુલક્ષી અભિગમથી સમજાવે છે, તેમાં તેમની સહમતિ, સહાનુભૂતિનું હોવું આવશ્યક નથી. મારી દૃષ્ટિએ આ એક તાર્કિક ભ્રમણા છે. વૈચારિક વિભ્રમણા છે. વિશ્લેષકની વસ્તુલક્ષિતામાં તેની વૈયક્તિક માન્યતા, ગમા-અણગમા, વૈચારિક ઝોકની છાયા જાણ્યે-અજાણ્યે રહેલી જ હોય છે. તે કયા મુદ્દા, વિષયવસ્તુને કેન્દ્રમાં રાખે છે, કઇ બાબતો પર ભાર મૂકે છે તેમ જ કયા મુદ્દાઓને ઉવેખે છે તેમાં જ સાપેક્ષતાનો પ્રવેશ થઇ જતો હોય છે. સાથે, મારા પ્રતિભાવમાં હું જ્યારે અંબરીષભાઇને સંબોધું છું ત્યારે એક વ્યક્તિ તરીકે તેમની પર કોઇ અંગત આક્રમણ કે આરોપણ, કે હેત્વારોપણનો આશય નથી, પણ અંબરીષભાઇ એક વૈચારિક પ્રવાહના વાહક છે અને આથી તેમના થકી હું તે વિચારધારાને સંબોધું છું - આ સ્પષ્ટતા અનિવાર્ય છે.

હવે પછી, અનિલભાઇના મારા પ્રતિભાવ સંદર્ભે તારણ પર આવું અને નમ્રતાપૂર્વક કહું તો, અનિલભાઇ જેવા સૂક્ષ્મદર્શી, અભ્યાસી અને વિદ્યાવ્યાસંગી વ્યક્તિનો નિષ્કર્ષ કદાચ મારા પ્રતિભાવના મૂળ સૂર, તત્ત્વને સમજ્યો જ નથી એમ કહેવું પડે. મારા પ્રતિભાવમાં દર્શાવ્યું

જ છે કે મુદ્દો મોદીના વિજય કે કોંગ્રેસની ચૂંટણીલક્ષી વ્યૂહરચનાનો નથી. મુદ્દો વધુ ઊંડો અને પેચીદો છે અને આથી જ કદાચિત સંદિગ્ધતા અને અપારદર્શિતા રહી જવા પામી હોઇ શકે. આપ કે અંબરીષભાઇ જે રીતે સ્પષ્ટપણે અલગ ઘટકો તારવી વિશ્લેષણ કરી શક્યા છો એટલા સુસ્પષ્ટ અંકિત અર્થઘટનને અવકાશ હોય એવું મને નથી લાગતું કેમ કે પરિસ્થિતિ ઘણી સંકુલ છે. મારી દૃષ્ટિએ, ખરો સવાલ મુખ્ય પ્રવાહની પરિચર્ચા (discourse)ની તરાહ અને લાક્ષણિકતાનો છે. કઇ અને કેવી બાબતો, પ્રશ્નો, મુદ્દાઓ અહીં કેન્દ્રિય મહત્ત્વ ધરાવે છે?

અંબરીષભાઇ અને આપ કહો છો તેમ, વીજળી-પાણી-સડકલક્ષી ભૌતિક આધાર સંરચનાકીય વિકાસ ગુજરાતે ચોક્કસ સાધ્યો છે. આપ દર્શાવો છો તેવું ભ્રષ્ટાચાર સંદર્ભે સુશાસન પણ ગુજરાતે અનુભવ્યું હશે. આપે, તે ઉલ્લેખ ટાળ્યો છે પણ હું તો કદાચ આ તબક્કે ત્રાસવાદના મુદ્દાને પણ સમાવી લઉં કેમ કે મુખ્ય પ્રવાહની પરિચર્ચામાં તેને પણ અપારપણે મહત્ત્વ મળ્યું છે અને તે સ્ફટિકપણે ગુણવંતભાઇ શાહના વણઝારાને પોંખવાના અભિગમમાં પડઘાતું જોવા મળે જ છે. પણ અહીં જ પરિપ્રેક્ષ્યકીય પસંદગી અને તેમાં જણાતી સંકુચિતતાનો પ્રશ્ન છે. આપની કે અંબરીષભાઇની નહીં, સમગ્રપણે પરિચર્ચાની લાક્ષણિકતા કે કલેવરની આ સમસ્યા છે. ફરી પાછા આપ અહીં મારી ઇશારાલક્ષી ભાષાપ્રયુક્તિને જોશો પણ અનિલભાઇ, મારો વાંધો વૈચારિક જ છે. અંબરીષભાઇની વિદ્યાકીય સજ્જતાને હું માન આપું છું. તેમ ગરીબી અને અસમાનતા સંદર્ભે આંકડાકીય તારણોના અભાવને મારી આ લક્ષણ સંદર્ભે દિમાગી પેદાશ આપ ન ગણો કેમ કે હું જાહેર પરિચર્ચામાં સહભાગી થઇ રહ્યો છું અને ગંભીર વિદ્યાકીય વિધાન કરી રહ્યો છું.

આંકડાઓ ટાંકી જ શકું. જેમ કે, ગુજરાતમાં શિક્ષિત બેરોજગારની સંખ્યા ૧૯૮૪ માં ૨.૫૪ લાખ હતી તે ૨૦૦૫માં ૭.૭૧ લાખ થઇ છે. તે જ પ્રમાણે, પાંચમી આર્થિક વસતીગણતરી મુજબ, કૃષિ સિવાયના ક્ષેત્રમાં રોજગારીના દરની વૃદ્ધિ ૧.૩૯ છે જે રાષ્ટ્રીય દર (૨.૪૯) કરતાં ઓછી છે. સાથે, ઔદ્યોગિક વાર્ષિક સર્વેક્ષણ સ્પષ્ટપણે દર્શાવે છે કે ગુજરાતમાં ઉદ્યોગો અન્ય રાજ્યોની તુલનામાં ઓછા લોકોને કામ તો આપે જ છે, પણ સાથે સાથે અન્ય રાજ્યોની તુલનામાં (જેમ કે, મહારાષ્ટ્ર, દિલ્હી, હરિયાણા, આંધ્રપ્રદેશ), સમાન કામ માટે ઓછું વેતન આપે છે. આપ સ્વીકારશો કે, વીજળી-પાણી સડક આધારિત ભૌતિક સંરચના જેવા જ મહત્ત્વના મુદ્દાઓ ગરીબી-રોજગારીના છે. તો, તે સંદર્ભે સમગ્રપણે ગુણવત્તાલક્ષી અને આંકડાકીય કેવી પરિસ્થિતિ છે? યાન બ્રેમનનો બહુખ્યાત બંધ મિલોનો અભ્યાસ કે ઇન્દિરા હિરવે-દર્શિની મહાદેવિયાના માનવવિકાસના અહેવાલ (૨૦૦૪) થી આપ વાકેફ ન હો એમ હું માની જ ન શકું. નવી આર્થિક નીતિના પ્રખર સમર્થક હોવા છતાં 'સેઝ'ના અમલ સંબંધિત મોદી સરકારની ઔદ્યોગિક નીતિના સૂક્ષ્મ અભ્યાસે આપને પણ ક્યાંક તો ક્ષુબ્ધતા પહોંચાડી હશે જ. . . આવી બેતમા, નફ્ફટપણે લોકવિરોધી નીતિવિષયક જોગવાઇઓ પણ 'સુશાસન'નો હિસ્સો છે, એમ આપ માનો છો? વિશ્લેષકની વસ્તુલક્ષિતાની આ જ પારાશીશી છે.

અને આથી જ હું માનું છું કે, અંબરીષભાઇ દર્શાવે છે તેમ સુશાસન અને આધાર સંરચનાકીય ગુણવત્તાઓને આધારે મોદી સરકાર રચાઇ હોય એમ માનવું અતિસરળીકરણ છે. દલીલરૂપે લઇએ તો, આંધ્રપ્રદેશમાં આ પ્રકારનો વિકાસદર ચંદ્રાબાબુ નાયડુએ હાંસિલ કર્યો હોવા છતાં તેમનો પરાજય થયો. લગભગ આવું જ હાલમાં કર્ણાટકમાં બન્યું.

પ્રશ્ન આપણી ચૂંટણીપ્રથાનો છે જ.. અને આથી જ, તદઆધારિત મનોસમાજિક વલણોનું વિશ્લેષણ અત્યંત જોખમી છે. આપણી બહુખ્યાત ચૂંટણીપ્રથા લઘુમતી મત, લાગણીની સરિયામ ઉપેક્ષા કરે છે. . .પણ એથી જ મુખ્ય નિસબત મુખ્યપ્રવાહની પરિચર્ચાના કેન્દ્રિય મુદ્દાઓને સંબંધિત છે. કે જેમાં, બહુજન, વંચિત, શોષિત સમૂહોને સ્પર્શતા મુદ્દાઓ સાવ કોરાણે ધકેલાઇ ગયા છે. આપ કહો છો તેમ આ તમામ સમૂહોએ પણ મોદીની તરફેણમાં મતદાન કર્યું હોઇ શકે. પણ પ્રથમ તો, તેઓ સુધ્ધાં તેમના પ્રાણપ્રશ્નોને આ ચૂંટણીલક્ષી વ્યવસ્થામાં ન સંબોધાતી જોઇ શકવાને સક્ષમ છે એમ માનવું પડે. આ બહુમતી સમૂહ-સંપૂટો જોઇ શકે છે કે બહુ ગવાયેલી અને પોંખાયેલી આપણી લોકતાંત્રિક ચૂંટણી તેમને કેટલાક કામચલાઉ લાભો આપી શકે. પણ તેથી વિશેષ અપેક્ષાને અવકાશ નથી જ... તે છતાં લાચારીવશ સહભાગી થવા સિવાય આરો છે ખરો?.. કેમ કે તેમની પાસે અન્ય કેટલાં વિકલ્પો છે? વળી, તેમના હિતના સંદર્ભે જે કાંઇ સમગ્રલક્ષી પરિવર્તનને અવકાશ છે તે આ ચૂંટણીલક્ષી પ્રણાલી થકી કદી શક્ય બને એમ નથી...

પણ એથી વિશેષ તો, જાણ્યે-અજાણ્યે તેઓ પણ આ પરિચર્ચાને કેન્દ્રિય માનવા લાગે છે જેમાં ભૌતિક આધારસંરચના, ભ્રષ્ટાચાર, ત્રાસવાદ જેવા મુદ્દાઓ કેન્દ્રસ્થાને છે અને તેની સાપેક્ષે માનવસંહારનો ભોગ અને લક્ષ્ય બનેલ એક વિશાળ, વંચિત, ત્રસ્ત, સમસ્યાગ્રસ્ત, લઘુમતી સમૂહ સહિતના બહુમતી સમુદાયના માનવીય ગરિમા અને અધિકારોના પ્રશ્નો તેમજ રોજીરોટી, ગરીબી, આરોગ્ય, શિક્ષણવ્યવસ્થા જેવા વધુ અગત્યના મુદ્દાઓ સાવ હાંસિયામાં ધકેલાઇ ગયા છે. એટલે જ

અનિલભાઇ, જેને તમે તમારા પ્રતિભાવમાં સ્થાન આપવાનું ઉચિત નથી માન્યું પણ મારા પ્રતિભાવમાં સમગ્રપણે આ સમસ્યાઓને જન્માવતી અને વકરાવતી પ્રવર્તમાન વ્યવસ્થાને વસ્તુલક્ષીપણે આલોચનાત્મક દૃષ્ટિકોણથી જોવાના મુદ્દા પર જ મેં ભાર મૂક્યો છે. મોદી કે કોંગ્રેસ તો મારી દૃષ્ટિએ માત્ર છિલકાં છે.

સાથે, કાયદાના શાસનને માન આપવાના મુદ્દા સંદર્ભે પણ ચર્ચાને અવકાશ છે. શું આપ પ્રવર્તમાન પરિસ્થિતિમાં 'રુલ ઓફ લો'ને સાચ્ચે જ વસ્તુલક્ષી રીતે શક્ય, સંભાવ્ય લેખો છો? આપ મારી પ્રચ્છન્ન આઇડોલોજીનો ઉલ્લેખ કરી એક અશોભનીય, નોંધારો, નાદાન આક્ષેપ કરો છો.. તેની સ્વાભાવિકપણે અવગણના કરીએ તો પણ... શું ભારતીય કાયદાઓ સમગ્રપણે માનવહિતને, જનસમૂહને લક્ષમાં રાખી વસ્તુલક્ષી રીતે આકાર પામતા હોય છે ખરા? કાયદાઓ કોઇ શૂન્યાવકાશની નીપજ નથી કે શૂન્યાવકાશમાં અમલ પામતા નથી પણ તેના ઉદ્‌ભવ, ઘડતર, અમલીકરણમાં જે તે સામાજિક-આર્થિક સંરચના, લાક્ષણિકતા મુખ્યપણે ભાગ ભજવતી હોય છે- જેમ કે, હાલના સંદર્ભમાં મજૂર કાયદાઓમાં સતત થતા 'સુધારાઓ' અને તેના અમલીકરણની ન્યૂનતા (અભાવ)ને આપ કેવી રીતે મૂલવશો? મુખ્ય પ્રશ્ન કાયદાના અમલીકરણનો છે. શું આપ સાચે જ માનો છો કે આપણા જેવી અતિવિષમ, અસમાન સમાજરચનામાં, જેમાં એક અલ્પસંખ્યક, અતિવાચાળ સમૂહનું સમગ્રપણે અપાર વર્ચસ્વ છે, તેમાં કાયદાનું નિરપેક્ષપણે અમલીકરણ શક્ય છે? તેને લક્ષમાં લેતાં, 'રુલ ઓફ લો' એક આભાસી વ્યંજના નથી તો શું છે? એક બીજા દૃષ્ટિકોણથી જોઇએ તો, 'રુલ ઓફ લો'થી વિશેષ મહત્ત્વનું ઘટક સર્વસામાન્યપણે સ્વીકાર્ય સામાજિક મૂલ્યો અને નીતિ-નિયમો છે. તે સંદર્ભે પરિસ્થિતિ કેવી છે?

છેલ્લે, કોમી મુદ્દાને સ્પર્શી લઇએ. અંબરીષભાઇના તારણને મેં સમર્થન આપ્યું જ છે કે ગુજરાત બહારના બૌદ્ધિકો જે રીતે સમગ્રપણે ગુજરાત-સમાજને પ્રતિક્રિયાવાદી અને કોમી લેખે છે, તેઓ ગુજરાતને ચોક્કસપણે અન્યાય તો કરે જ છે. પણ તેમની ગુજરાતસમાજની સમજ અત્યંત છિછરી છે. ગુજરાતસમાજ કોઇ એકસમાંગ અસ્તિત્વ કે સમૂહ નથી અને ચેતના અને લાક્ષણિકતા સંદર્ભે તેમાં અનેક સ્તરો, ઘટકો છે.

આમ છતાં એ સાથે એ પણ સ્વીકારવું રહ્યું કે, જાહેર પરિચર્ચામાં વર્ચસ્વનો પ્રશ્ન છે ત્યાં સુધી હિંદુત્વવાદી કોમી માનસિકતાનો નિ:શંકપણે અજગરભરડો જોવા મળે છે જ અને તે ખૂબ ઊંડે સુધી ઘર પણ કરી ગઇ છે. મારો તાજેતરનો અભ્યાસ દર્શાવે છે તેમ, એક સામાન્ય હિંદુ રોજબરોજની સામાન્ય પરિસ્થિતિમાં કોમવાદી હોતો નથી જ, પણ કોમી હુતાશનના અસામાન્ય માહોલમાં મહદંશે તે કોમી માનસિકતાથી ગ્રસ્ત બની જાય છે, પછી ભલે તે પ્રત્યક્ષપણે હિંસા કે તોડફોડમાં સહભાગી બનતો ન પણ હોઇ શકે. પણ પ્રવર્તમાન પરિસ્થિતિમાં વધુ ચિંતાનો વિષય એ છે કે હાલના ગુજરાતના સંદર્ભમાં સામાન્ય હિન્દુઓ રોજબરોજની જાહેર પરિચર્ચામાં પણ કોમી માનસિકતા પ્રકટ કરવા માંડ્યા છે. આ માટે ચોક્કસપણે ઐતિહાસિક પાર્શ્વભૂમિકાને જોવી પડે જ. પણ સાથે, કોમી સંસ્થાઓએ અને જાણ્યે-અજાણ્યે અન્ય નાગરિક સમાજની સંસ્થાઓની પ્રવૃત્તિઓએ વર્તમાન સંદર્ભમાં પ્રત્યક્ષ કે પછી પરોક્ષ હેતુસરના કરેલા અભિયાન, ગ્રાઉન્ડવર્કની પણ નોંધ લેવી જ પડે. ગુજરાતને હિંદુત્વની પ્રયોગશાળા બનાવવાનો રાજકીય એજન્ડા અચૂકપણે, અકસીરપણે કારગત નીવડ્યો જ છે.

આ સંદર્ભે એટલો જ મહત્ત્વનો મુદ્દો ઐતિહાસિક પરિપ્રેક્ષ્યનો છે. અહીં પણ જાહેર પરિચર્ચાના કલેવરનો સવાલ છે અને વિશ્લેષકની વસ્તુલક્ષિતાનો પણ સવાલ છે. ઇતિહાસ અર્થઘટનનો વિષય છે, જાહેર પરિચર્ચા (public discourse)માં ઐતિહાસિક અર્થઘટન સંદર્ભે કોને વિશેષ મહત્ત્વ મળે છે અને કોને અવગણાય છે, તે સમજવું પડે. સોમનાથ મંદિરના તોડવાની ઘટનાઓ અંગેનાં એકથી વધુ ઐતિહાસિક અર્થઘટનો છે. વર્તમાન રાજકીય માહોલ, ચોક્કસ રાજકીય એજન્ડા અને જાહેર પરિચર્ચા પરના પ્રભુત્વને કારણે કોઇ એક જ અર્થઘટન ઇતિહાસના પાઠ્યપુસ્તકો અને સામાન્ય નાગરિક ચર્ચામાં સતત પ્રક્ષેપિત થતું હોય ત્યારે કોમી માનસિકતા ઘેરી અને ઘટ્ટ બને જ બને. સાથે, પરિચર્ચામાં હિંદુ-મુસ્લિમની સંવાદી અને સહિયારી સાધનાનાં સ્થાનકો અને પ્રતીકો ગૌણ સ્થાને ધકેલાઇ જઇ શકે જ.

આપ માનો છો એટલી વૈશ્વિકીકરણની પ્રક્રિયાને કારણે આમ જનસમૂહને તમામ પ્રકારની માહિતી મળતી હોતી નથી. સામાન્ય લોકોને ઊલટું આવી જાણકારીથી વંચિત રખાયા છે. કેમ કે વર્ચસ્વકારી પરિબળને પરિચર્ચા પર જડબેસલાક સકંજો જોઇએ છે. અને તેમની પાસે આ માટે સમૂહ માધ્યમોનો કબજો છે . . . પછી તે કોમી મુદ્દો હોય, સુશાસન કે આધાર રચનાની સુવિધાનો સવાલ હોય - મારો મુદ્દો એટલો જ છે કે જાણ્યે-અજાણ્યે અંબરીષભાઇ આ dominant discourseનું પ્રતિનિધિત્વ કરે છે! ખરી નિસબત, ચિંતા આ પરિચર્ચાને પડકારવાની અને તેને સ્થાને, આમ જનસમૂહના પ્રશ્નો, અધિકારોને કેન્દ્રમાં રાખતી વૈકલ્પિક પરિચર્ચા સ્થાપવાની હોવી ઘટે, એટલું જ હું ભારપૂર્વક કહેવા માગું છું. ■

# આપણી મૂળભૂત સ્વતંત્રતાઓ સુરક્ષિત છે ખરી ?

*- તૃપ્તિ પારેખ*

બ્રિટીશ સરકારે બનાવેલ કાયદો 'ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ (Indian Penal Code)'ની એક કલમ (૧૨૪ એ) છે રાજદ્રોહ (sedition)ની, જેમાં કોઇ વ્યક્તિ પોતાનાં લખાણો, વક્તવ્યો કે ચિત્રણ-નિરૂપણ દ્વારા કાયદાથી પ્રસ્થાપિત થયેલી સરકાર સામે ઘૃણા, અનાદર, અસંતોષ (બિન-વફાદારી સહિત) પેદા કરે કે પેદા કરવાનો પ્રયત્ન કરે તો એ (આજીવન કારાવાસ કે ૩ વર્ષની કેદ કે દંડની) શિક્ષાને પાત્ર ઠરે. આ કલમ મૂળે બ્રિટીશ સરકાર (રાજ) સામેના વિરોધી સૂરને દબાવી દેવા માટે ૧૮૭૦માં આ કાયદામાં ઉમેરવામાં આવેલી. અને બ્રિટીશ સરકારનો દ્રોહ એટલે સરકારનો દ્રોહ નહીં, પણ રાજદ્રોહ (સરકાર અને રાજ્ય - State બન્ને એક નથી એ સાનુકૂળ રીતે ભૂલી જઇને) ગણાતો. આ કલમ નીચે લોકમાન્ય તિલકને પોતાના મરાઠી પત્ર 'કેસરી'માં બ્રિટીશ રાજ સામે આગ ઝરતો લેખ 'Misfortunes of the Country' લખવા માટે ૨૪ જૂન ૧૯૦૮માં ૬ વર્ષની કાળા પાણીની કેદ કરવામાં આવેલી. બરાબર એક સદી બાદ ફરી પાછી રાજદ્રોહ (sedition)ની કલમ (કે તલવાર!) ઉગામવવામાં આવી છે - ૨૬ જૂનના રોજ લદાયેલી કટોકટીના કાળા દિવસોના interludeને બાદ કરતાં. અલબત્ત, એક સદીનો ફાંસલો ધરાવતા આ બે બનાવોની સરખામણી અસ્થાને છે.

જૂન ૨૦૦૮. અમદાવાદમાં નવા મુકાયેલા પોલીસ કમિશ્નર ઓ.પી. માથુરે અંગ્રજી દૈનિક 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા''ના સ્થાનિક તંત્રી, રિપોર્ટર અને ફોટોગ્રાફર પર કલમ ૧૨૪ એ અને ૧૨૦ બી (ગુનાઇત કાવતરું) નીચે ફરિયાદ દાખલ કરી. કારણ એટલું જ હતું કે મે માસના અંતમાં ટાઈમ્સમાં છપાયેલા લેખોની શ્રેણીમાં રાજ્ય સામે મંડરાતા આતંકવાદીઓના પડકારોની શક્યતાઓના પરિપ્રેક્ષ્યમાં આ પોલીસ અધિકારીનો ભૂતકાળ, ખાસ કરીને એમની ગુનાઇત તત્ત્વો સાથેની સાંઠગાંઠની છાનબીન કરવામાં આવી છે અને આજના નાજુક સમયે અમદાવાદ શહેરના ટોપ પોલીસ આફિસર તરીકેની એમની નિમણૂક પર પ્રશ્નાર્થ ઊભા કરવામાં આવ્યા છે. ઓ.પી. માથુરે પોતાની ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે આ લખાણો કાયદાથી પ્રસ્થાપિત થયેલી રાજ્ય સરકારના ભાગરૂપ એવા અમદાવાદ શહેરના પોલીસ દળની કાયદેસરની ઓથોરિટીને નબળી પાડે છે.

આ પોલીસ અધિકારી એ સુગમતાપૂર્વક ભૂલી જાય છે કે આ જ કલમ (૧૨૪ એ)માં સ્પષ્ટીકરણ આપવામાં આવ્યાં છે કે લખાણ જો સરકારની વહીવટી કે અન્ય કાર્યવાહી તરફ દ્વેષ, અનાદર કે અસંતોષ પેદા કરવાના પ્રયત્ન વગર, માત્ર અસંમતિ દર્શાવતું હોય કે સરકારના પગલાને કાયદેસર તરીકાથી બદલાવવા માગતું હોય તો એ આ કલમ નીચે ગુન્હો બનતું નથી. જો આવું સ્પષ્ટીકરણ ન હોય તો આ કલમની તલવાર કાયમ માથા પર લટકતી જ રહે અને કોઈપણ વ્યક્તિ સરકારના કોઈપણ પગલાની ટીકા કરી જ ન શકે ! અને તો ભારતીય દંડ સંહિતાની આ કલમ જ બંધારણે બક્ષેલા નાગરિકના મૂળભૂત અધિકારની, અને તેથી કરીને બંધારણની અવહેલના કરતી હોવાના ન્યાયે ગેરબંધારણીય ઠરે !

પણ, અહીં તો પ્રશ્ન વધુ ઊંડો અને ગંભીર છે. અહીં તો પોલીસ અધિકારીએ પોતા પરના આક્ષેપો પૂરા પોલીસતંત્રની ઓથોરિટી પરના આક્ષેપો હોય, અને તેથી કરીને ''કાયદાથી પ્રસ્થાપિત થયેલી સરકાર'' પરના આક્ષેપો હોય એવું સમીકરણ આપીને સીધી ફોજદારી ફરિયાદ જ ઠોકી દીધી ! અહેવાલો ખોટા હોય તો બદનક્ષીની ફરિયાદ તેઓ કરી શક્યા હોત. અથવા પ્રેસ એસોસિયેશને જણાવ્યું છે તેમ તેઓ ખોટા રિપોર્ટિંગ સામે પ્રેસ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા સામે ફરિયાદ કરી શકયા હોત. એડિટર્સ ગિલ્ડે પણ આ પગલાને સખત શબ્દોમાં વખોડતાં જણાવ્યું છે કે ''ઓ.પી.માથુરના આ પગલામાં વેરભાવનાની બૂ આવે છે. રાજદ્રોહનો આરોપ બ્રિટીશ રાજકર્તાઓ આપણા સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે આપણા મીડિયા પર લગાવતા. આ કલમનો મીડિયા પરનો દુરુપયોગ તો ભારતના બંધારણે નાગરિકોને બક્ષેલા સ્વાતંત્ર્યની તદ્દન ખિલાફ છે''. અને ગિલ્ડ ગુજરાત સરકાર પાસે આ ફરિયાદ પાછી ખેંચવાની અને ભારતીય દંડ સંહિતાની જોગવાઇઓનો દુરુપયોગ કરવા માટે માથુર સામે પગલાં લેવાની અપેક્ષા રાખે છે. ગુજરાત હાઇકોર્ટે પણ કટોકટી વખતે આ જ હાઇકોર્ટે સેન્સરશીપ હોવા છતાં 'નવજીવન પ્રેસ'ના કેસમાં પ્રેસના સ્વાતંત્ર્યને ટેકો કરેલો એની યાદ દેવડાવી અને ગુજરાત સરકારને ચીમકી આપી કે મીડિયાને રક્ષણ આપીને એ પ્રજાનાં હિતોનું રખોપું કરવા માગે છે.

જાહેર છે કે કોઈપણ વ્યક્તિ, ભલે એ ગમે એટલો મોટો અધિકારી કે રાજકર્તા કેમ ના હોય, તો પણ એ 'કાયદાથી પ્રસ્થાપિત સરકાર' નથી કે 'રાજ્ય' નથી અને એની સામે કરવામાં આવેલા આક્ષેપો 'સરકાર' કે 'રાજ્ય' સામેના આક્ષેપો નથી. જો આક્ષેપો ખોટા હોય તો બદનક્ષીની ફરિયાદ કરવાનો દેશના કોઈપણ નાગરિકને મળેલો હક્ક તેઓ ઈસ્તેમાલ કરી જ શકે છે. બાકી વાત રહી સરકારના કોઈ પગલાની ટીકા કરવાની. અને અભિવ્યક્તિની વિવેકયુક્ત સ્વતંત્રતા, એમાં સરકાર સહિત કોઈની પણ ટીકા કરવાની સ્વતંત્રતા આવી જ જાય છે, તે દેશના તમામ નાગરિકોનો પાયાનો અધિકાર છે, અને મીડિયાની તો એ ફરજ પણ છે.

અભિવ્યક્તિની વિવેકયુક્ત સ્વતંત્રતાનો બંધારણે બક્ષેલો મૂળભૂત અધિકાર હોવા છતાં કાયદાનું રખોપું કરવાની ફરજ ધરાવનાર હોવાનું જેમની પાસે સ્હેજે અપેક્ષિત હોય એવા ટોપ પોલીસ કમિશ્નર પોતાની કોઈપણ કાર્યવાહીને, ભલેને એ ગુનાઈત કેસ હોય, તેમ છતાં 'પોતાનું તંત્ર સરકારનો ભાગ' હોવા માત્રથી ટીકાથી પર ગણવા લાગે અને એ ટીકાને 'રાજદ્રોહ' તથા 'ગુનાઈત કાવતરું' ગણવા માંડે અને એની સીધી ફરિયાદ ઠોકી દે - એમાં સત્તાનો જે મદ, ગુસ્તાખી અને ધૃષ્ટતા બહાર આવે છે એ જ એટલું પુરવાર કરવા માટે પૂરતા છે કે એ કાયદાથી પ્રસ્થાપિત સરકારના મૂળભૂત કાર્ય - 'કાયદાના શાસન'નું રખોપું એ કેમનું કરશે ? આ ટોચના સ્થાનને એ લાયક છે ખરા? સરકારે માથુર દ્વારા કરવામાં આવેલા સત્તાના આવા સાવ ભદ્દા દુરુપયોગ સામે પગલાં લેવાં જોઈએ. એ ન લે તો હવામાં ઊડતી એ વાતને જ ટેકો મળશે કે સરકારના સીધા કે આડકતરા આંગળીચીંધામણા વગર પોલીસ અધિકારી આટલી ધૃષ્ટતા બતાવી જ ન શકે. સરકાર હવે આમાં શું કરે છે, એ જોવું રસપ્રદ રહેશે.

બીજો કિસ્સો છે ગુજરાતના ચૂંટણી પરિણામો અંગે ''બ્લેમ ધી મિડલ ક્લાસ ?'' શીર્ષક હેઠળ લખેલા લેખ માટે પ્રોફેસર આશિષ નાંદી પર કરવામાં આવેલા કલમ ૧૫૩ એ અને બી નીચેના ફોજદારી કેસને સરકાર દ્વારા આપવામાં આવેલી પરવાનગીનો. એ પણ સરકારની આવી બાબતોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સામેલગીરી હોવાની ગવાહી પૂરે છે. આ લેખમાં પ્રો. આશિષ નાંદીએ ગુજરાતની ચૂંટણીનાં પરિણામો વિશે પોતાનું વિશ્લેષણ રજૂ કર્યું છે. આ વિશ્લેષણ સાથે આપણે સહમત ન હોઈએ તો એની ટીકા કરતા લેખો લખવામાં આવે એ સમજી શકાય. એમ થવું પણ જોઈએ. પરંતુ એ માટે ફોજદારી કેસ ઠોકી દેવામાં આવે અને સરકાર એને મંજૂરી આપે એને તો વાણી સ્વાતંત્ર્યના બુનિયાદી અધિકાર પરની તરાપ જ ગણવી પડે.

સેન્ટર ફોર પોલિસી રિસર્ચના જાણીતા લેખક પ્રતાપ ભાનુ મહેતાએ સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે તેમ :

> ''મોદી સરકારની કારવાઈ એક વ્યવસ્થિત પેટર્નના ભાગરૂપે છે, જેમાં અભિવ્યક્તિના સ્વાતંત્ર્ય પર હુમલો કરવામાં આવે છે. તમે નાંદીના લેખ સાથે સંમત થાવ એ જરૂરી નથી. પરંતુ લોકતંત્રમાં કાયદાનો અને રાજ્યતંત્રનો ઉપયોગ કરીને એકેડેમિક સ્વાતંત્ર્યને નિશાન બનાવવાનો વિચાર માત્ર જ ગહન ચિંતાનો વિષય છે. દલીલ કરવા સામે ફોજદારી ગુન્હો દાખલ કરવામાં આવે એ વાત જ વાહિયાત છે.''

અત્રે એ યાદ કરવું જોઈએ કે વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસના વિદ્યાર્થી ચંદ્રમોહનનાં કેટલાંક પેઈન્ટિંગ સામે કરવામાં આવેલા હિંસક વિરોધ વખતે તેની સામે પણ આ જ કલમો નીચે ફોજદારી કેસ કરવામાં આવેલો. ત્યારે તો સરકારની મંજૂરી મેળવ્યા વગર જ કેસ નોંધી દઈને એની અટક કરી દેવામાં આવેલી.

લોકતંત્રમાં દરેક વ્યક્તિને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય છે; અને બીજી વ્યક્તિઓને એની સાથે સંમત-અસંમત થવાનું સ્વાતંત્ર્ય છે. આમાં bottom-line માત્ર એક જ છે કે એ બન્ને બાબતોમાં ઔચિત્ય અને વિવેકભાન જળવાવું જોઈએ. વ્યક્તિનું સ્વાતંત્ર્ય અબાધિત છે - અલબત્ત, સામાવાળાના નાકની દાંડી સુધી. મૂળ મુદ્દો એ છે કે પ્રત્યેકને ઔચિત્યપૂર્ણ અને વિવેકયુક્ત અભિવ્યક્તિ કરવાનો મૂળભૂત અધિકાર છે, એની સાથે બીજી વ્યક્તિઓ સંમત હોય કે ન હોય.

તાજેતરમાં જ સમાચાર આવ્યા છે કે આંધ્રપ્રદેશના આગળ પડતા તેલુગુ દૈનિક 'આંધ્ર જ્યોતિ'ના તંત્રી અને પત્રકારો પર પોલીસે એટ્રોસીટી એક્ટ નીચે કેસ દાખલ કરીને એમને જેલભેગા કરી દીધા. એ દૈનિકમાં એક દલિત જૂથના અમુક આગેવાનો પર નામ દીધા વગર એવો આક્ષેપ કરેલો કે તેઓએ સરકારના અમુક મુદ્દા પર ભૂતકાળમાં ધરણાં અને વિરોધ કરેલો, એ જ મુદ્દાઓ પર તેઓ અકળ કારણસર સરકારને તાબે થઈ રહ્યા છે. તેથી એ જૂથના કાર્યકરોએ 'આંધ્ર જ્યોતિ'ની ઓફિસ પર હુમલો કરીને આગ લગાડેલી. તેના વિરોધમાં દૈનિકના સ્ટાફે એ જૂથના પ્રમુખના પૂતળા (effigy) સાથે રેલી કાઢેલી અને એ જૂથે કરેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ એના પર તમાચા અને ચપ્પલ મારેલાં. બનાવના મહિના પછી પોલીસે તંત્રી અને પત્રકારોની ધરપકડ કરી. તેથી આંધ્રપ્રદેશ વર્કિંગ જર્નાલીસ્ટ યુનિયને સરકાર અને મુખ્યમંત્રીને સખત શબ્દોમાં વખોડી નાખીને સરકાર આયોજિત પ્રેસ કોન્ફરન્સનો બહિષ્કાર કર્યો. એમની મુખ્ય દલીલ એ છે કે સરકારની વિરુદ્ધ લખવા

બદલ સરકાર આ રીતે આતંક ફેલાવીને મીડિયાનું મોં બંધ કરવાની કોશિશ કરી રહી છે. નહિતર વારતહેવારે પૂતળાં બાળવામાં આવે છે, એમના પર પોલીસે ક્યારેય કેસ કર્યો છે? અને પૂતળા પર ચપ્પલ મારવાના કહેવાતા આરોપને લઈને એટ્રોસીટી એક્ટની કલમો કઈ રીતે થોપવામાં આવી છે, એ સમજણની બહાર છે.

થોડા દિવસો પહેલાં મુંબઈના મરાઠી પત્ર લોકસત્તાના તંત્રી કુમાર કેતકરના ઘર પર અમુક રૂઢિવાદી જૂથના સભ્યોએ હુમલો કરેલો, એનું કારણ એટલું જ કે કેતકરે અરબી સમુદ્રમાં શિવાજીનું પૂતળું ઊભું કરવાના મહારાષ્ટ્ર સરકારના નિર્ણયની ટીકા કરતો વ્યંગાત્મક લેખ લખેલો (ખોજના આ અંકમાં એ લેખનો ભાવાનુવાદ આપ્યો છે). એ લેખ વાંચીને કોઈપણ સુજ્ઞ વાચકને ખ્યાલ આવે એમ છે કે શિષ્ટ ભાષામાં લખાયેલા આ લેખમાં નથી કોઈ ઔચિત્યભંગ કે નથી કોઈ અવિવેક. તો શું એનો અર્થ એવો થાય કે સરકારની ટીકા કરવાનો અવકાશ, સરકારની સીધી કે આડકતરી સંડોવણી દ્વારા, ઘટતો જાય છે?

એવો અહેસાસ થઈ રહ્યો છે કે કોઈપણ ટીકા કે વિરોધ સામે ડારો બેસાડવાના આવા બનાવો તાજેતરમાં ખૂબ વધતા જાય છે. સામસામી દલીલો કે વિરોધનાં અન્ય શિષ્ટ પગલાંઓ લેવાને બદલે ફોજદારી કાયદાનો વધુ ને વધુ ઉપયોગ થઈ રહ્યો છે. આ બધા દાખલાઓ છે અભિવ્યક્તિની સ્વતંત્રતાના મૂળભૂત અધિકાર પરના હુમલાઓના.

એ જ રીતે, દેશના કોઈપણ ભાગમાં દેશનો કોઈપણ નાગરિક વસી શકે, ધંધો-ધાપો કરી શકે -ના અન્ય મૂળભૂત અધિકાર પરનું તીવ્ર, હિંસક આક્રમણ થોડા જ મહિના પહેલાં મુંબઈના રાજ ઠાકરેના પક્ષના સભ્યો દ્વારા ઉત્તરપ્રદેશના ભૈયાઓ પર કરવામાં આવેલા હુમલાઓમાં જોવા મળે છે, જેમાં સરકાર લગભગ મૂક સાક્ષી જ બની રહી. સાબરકાંઠાના મુડેટી ગામનાં આદિવાસી કુટુંબોને પોતાની બાપ-દાદાની કબજાની જમીન પરથી કોઈ જ કાયદેસરની કાર્યવાહી વગર હટાવી દેવાના ખુલ જિલ્લા કલેક્ટર અને એસ.આર.પી. દ્વારા કરવામાં આવેલા પ્રયત્નોનો ચિતાર આપણે ખોજના ગયા અંકમાં જોયો.

એવું જ, સાબરકાંઠાના વિજયનગર તાલુકાના આદિવાસીઓએ પોતાના માણસોને આતંકવાદી હોય એમ મળસ્કે પકડી લઈ ગયેલી પોલીસ પાસે એમની ભાળ કાઢવા અને છોડાવવા રેલી કાઢેલી, ત્યારે એના પર પોલીસે કોઈ જ જાતની ઉશ્કેરણી કે કારણ વગર અંધાધૂંધ ગોળીબાર કરીને બે આદિવાસીઓને સ્થળ પર જ ઢાળી દીધા અને બીજા ત્રણને ગંભીર રીતે ઘાયલ કર્યા. લોકતાંત્રિક રીતે પોતાની વાત રજૂ કરવાનો, વિરોધ કરવાનો, રેલી કાઢવાનો દેશના પ્રત્યેક નાગરિકને અધિકાર છે. દેશભરમાં તો છાશવારે આ અધિકારનો, અલબત્ત, દુરુપયોગ પણ થઈ રહ્યો છે, હિંસાત્મક બનાવો બની રહ્યા છે, છતાં સામાન્યપણે સંયમ રાખવાનો પોલીસ પર આદેશ હોય છે. જ્યારે સાબરકાંઠામાં તો પોતાના માણસોની ભાળ કાઢવા આવેલા લોકો પર કલેક્ટર -મામલતદારના હુકમ વગર આડેધડ ગોળીબાર કરવામાં આવ્યો. પોલીસને એ સત્તા કોણે આપી? અને પોલીસ પર ભારતીય દંડ સંહિતાની કલમ નીચે હત્યાનો કેસ મુકાવો જોઈતો હતો. પણ એને બદલે પોતાનો ગુન્હો છાવરવા માટે અને પોતાને બચાવવા માટે થઈને પોલીસે નિર્દોષ આદિવાસીઓ પર કલમ ૩૦૭ (જાનથી મારી નાખવાના પ્રયાસ)નો સાવ ખોટો કેસ મૂકી દીધો, જેના લીધે કેટલાય આદિવાસીઓ હજુ વિના કારણ જેલમાં સબડે છે. અહીં તો આદિવાસીઓનો જિંદગી અને સ્વતંત્રતાના પાયાના અધિકાર જ પોલીસે વર્દી અને કાયદાની આડમાં છિનવી લીધા.

બીજો આઘાતજનક કેસ છે છત્તીસગઢના આદિવાસીઓ વચ્ચે વર્ષોથી કાર્યરત ડૉ. બિનાયક સેનનો. એ નક્સલવાદીઓ સાથે સંબંધ ધરાવે છે અને એમને મદદ કરે છે એવા આરોપસર છત્તીસગઢ સરકારે ગયા વર્ષે એમની ધરપકડ કરી અને માન્યામાં ન આવે એમ એમને જામીન પર છોડવાનો સખ્ત વિરોધ કર્યો. બિનાયક સેન વરસ કરતાં પણ વધુ સમયથી જેલમાં છે, જેમના જામીન સુપ્રીમ કોર્ટે પણ નામંજૂર કર્યા છે. છેવાડેના સમુદાયોને ટેકો કરવો (જેમાં નક્સલવાદને ટેકો હોય જ એમ માની લેવું જરુરી નથી) એ જાણે પોતે જ ગુન્હો નથી બની ગયો ને ? નક્સલ-ગ્રસ્ત વિસ્તારોમાં વગર જામીને અને કેસ ચલાવ્યા વગર કેટલાય નિર્દોષ કર્મશીલોને આવી રીતે જેલમાં ગોંધી રાખવામાં આવ્યા છે.

આ તમામ બાબતોમાં એક વાત ધ્યાન પર આવે છે કે નાગરિકોની વિવિધ મૂળભૂત સ્વતંત્રતાઓ સામેના હુમલાઓથી રક્ષણ આપવામાં તો પોલીસ કે સરકાર નિષ્ફળ નીવડી જ રહી છે. પણ વધુ ચોંકાવનારી વાત તો એ છે કે પોલીસ અને સરકાર જ પોતાની સત્તાની રૂએ નાગરિકોના મૂળભૂત અધિકારો -સ્વતંત્રતા પર કુઠારાઘાત કરી રહી છે. વાડ ઊઠીને ચીભડાં ગળી રહી છે ! એ પછી પોલીસ અધિકારી દ્વારા કરવામાં આવેલા 'એન્કાઉન્ટર'નો કેસ હોય, અંધાધૂંધ ગોળીબારના કેસ હોય કે પોલીસ અધિકારી સામેની ટીકા બદલ રાજદ્રોહની ફોજદારી ફરિયાદ કરી દેવાની બાબત હોય - નાગરિક સમાજે સરકારોને કાયદાના શાસનની મર્યાદામાં રહેવાની ફરજ પાડવી જોઈશે અને દરેક નાગરિકની મૂળભૂત સ્વતંત્રતા અને બંધારણે બક્ષેલા બુનિયાદી અધિકારોનું રક્ષણ થાય એ માટે સતત જાગૃત રહેવું પડશે. ■

# અભિવ્યક્તિ-સ્વાતંત્ર્ય સંમેલનનો ઠરાવ

તા. ૨૨ જૂન, ૨૦૦૮ના રોજ અમદાવાદ ખાતે જયપ્રકાશ શતાબ્દી સમિતિ, સેકયુલર લોકશાહી આંદોલન, પી.યુ.સી.એલ., પ્રશાંત, નિરીક્ષક, ભૂમિપુત્ર, નયા માર્ગ, જલસેવાના ઉપક્રમે મળેલ રાજયસ્તરીય અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય સંમેલન કટોકટી વેળાના એ કાળા દિવસો યાદ કરે છે જ્યારે તમામ મૂળભૂત, લોકતાંત્રિક અને નાગરિક અધિકારોનું હનન કરી હજારોને જેલભેગા કરાયા હતા. માધ્યમો પર સેન્સરશીપ લદાઇ હતી અને ગુજરાતના 'ભૂમિપૂત્ર' સામયિક સહિત છાપાંઓ-સામયિકોને સીલ કરી દેવામાં આવ્યાં હતાં.

આજે કટોકટીને ૩૪ વર્ષ વીતી ચૂક્યાં છે. પરંતુ તેના ઓછાયા હજુ પણ લોકશાહી પર સંકટની જેમ તોળાઇ રહ્યા છે અને તેમાં અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય પર સૌથી મોટો ખતરો છે. તે સતત જાપ્તા હેઠળ છે. તાજેતરમાં 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા' પર લગાવાયેલ રાજદ્રોહનો આરોપ, શ્રી આશિષ નાન્દી પર કરાયેલા કેસો, શ્રી કુમાર કેતકર અને દેશભરના અનેક પત્રકારો-માધ્યમો પર કરાયેલા હુમલા, નાગરિક અધિકાર કર્મશીલ ડૉ. વિનાયક સેનની ધરપકડ અને અન્ય ઘટનાઓ તેમજ દેશની વિવિધ જગ્યાઓએ લાગુ કરાઇ રહેલા કાળા કાયદાઓ આજે ખૂબ ચિંતાનો વિષય છે. લઘુમતીઓ ચૂપ રહેવાનું મુનાસિબ માને છે, પરંતુ ન્યાયના ઇન્તજારમાં છે. દલિતો, ગરીબ મજદૂરો, વંચિતો તેમજ મહિલાઓને મુક્તપણે પોતાની વ્યથા રજૂ કરવા માટે ભાગ્યે જ કોઇ મંચ છે. આ સંમેલન 'અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય' સાથે સંકળાયેલી આ તમામ ઘટનાઓની ગંભીર નોંધ લે છે. સંમેલન એ બાબતે પણ સૌનું ધ્યાન દોરવા માંગે છે કે ઓક્ટોબર-૨૦૦૬ માં પેરિસના મીડિયા એડવોકેસી ગ્રુપ દ્વારા હાથ ધરાયેલા સર્વેક્ષણનાં પરિણામોમાં માધ્યમોના સ્વાતંત્ર્યના રક્ષણમાં શ્રેષ્ઠથી નિમ્નની શ્રેણીમાં ભારતનો ક્રમ છેક ૧૧૫મો છે.

'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા' (અમદાવાદ આવૃત્તિ) વિરુદ્ધ તાજેતરમાં કરાયેલા રાજદ્રોહના આરોપે દેશના તમામ લોકશાહીપ્રેમી લોકોને ખળભળાવી મૂક્યા છે. તેની વિરુદ્ધ દેશભરમાંથી વિરોધનો સૂર ઊઠ્યો છે. આ સંમેલન સૌ પ્રથમ 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા' વિરુદ્ધના રાજદ્રોહના આરોપને વખોડી કાઢે છે. આ ઘટના ગુજરાતની પરિસ્થિતિની હિમશીલાના ટોપકા સમાન છે. ઉપરાંત ઘણાં બધાં માધ્યમો પણ આવી રીતે ગુજરાતમાં ભોગ બન્યાં છે. આ ઘટના લોકશાહી દેશની ચોથી જાગીર - માધ્યમો-ના સ્વાતંત્ર્ય પર સીધી તરાપ છે. ગુજરાતમાં માનવ અધિકારો અને લોકતાંત્રિક અધિકારોનું છેલ્લાં ઘણાં વર્ષોથી સીધી કે આડકતરી રીતે હનન થવું એક નિયમિત ઘટના બની ગઇ છે, ત્યાં 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા' વિરુદ્ધ કેસ દાખલ કરીને, પોલીસે જાણી જોઇને માધ્યમોનો વિરોધનો સૂર દબાવી રાજ્યમાં દહેશતનો માહોલ સર્જવાનો પ્રયાસ કર્યો છે.

પોલીસ અધિકારી શ્રી ઓ.પી.માથુર અને અબ્દુલ લતીફ વચ્ચેના ગાઢ સંબંધોનો પર્દાફાશ કરતા લેખો 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા'એ છાપ્યા છે, તે સૌને ભયભીત કરી મૂકે તેવા છે. એટલું જ નહીં, તે ઉચ્ચ પોલીસ અધિકારીઓની નિષ્ઠા અંગે તેમજ રાજ્યની પોલીસમાં પેસી ગયેલ ગુનાખોરી અંગે ગંભીર પ્રશ્નો ખડા કરે છે. અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી ઓ.પી.માથુરે, ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ દસ્તાવેજો અને ઊંડી તપાસના આધારે પ્રસિદ્ધ કરેલા અહેવાલને નકારવા કે 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા' વિરુદ્ધ બદનક્ષીનો દાવો કરવાને બદલે, આ અહેવાલો સરકાર પ્રત્યે નફરત, અપમાન અને અસંતોષ જન્માવે છે એ પ્રકારનો ગણ્યો. તેનાથી તે પોતાનું બિનલોકશાહી ચરિત્ર અને પોતાની જાતને કાયદાથી સ્થાપિત સરકાર સાથે સરખાવવાની ઉદ્ધતાઇ છતી કરે છે. અને જો માથુરે આ પગલાં સરકારની સંમતિથી લીધાં હોય તો તે લોકશાહી વિરોધને દબાવવાના રાજ્ય સરકારના પ્રયાસો છતા કરે છે. ખરેખર તો આ બ્રિટીશ સંસ્થાનવાદી માનસિકતાનું લક્ષણ છે. આમ, તંત્રના કોઇપણ વિભાગ દ્વારા માધ્યમોની સ્વતંત્રતા અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય પરની તરાપ એ લોકશાહી પરની સીધી તરાપ છે અને તે ફાસીવાદી પ્રકારનું શાસન ફેલાવશે. માધ્યમોની લોકશાહીના પ્રહરી તરીકેની તેમજ નાગરિકોને માહિતીનો અધિકાર પૂરો પાડવાની ભૂમિકા હંમેશાં અનિવાર્ય છે અને 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા' આ ભૂમિકા બરાબર ભજવી રહ્યું છે.

માધ્યમો કે પત્રકારો વિરુદ્ધ રાજદ્રોહ કે અન્ય આરોપો હેઠળ કેસ કરવાની ઘટના ગુજરાતમાં નવી નથી. તે હવે સામાન્ય ઘટના બનતી જાય છે. ગુજરાતમાં સંપાદકો, પત્રકારો વિરુદ્ધ ઇ.પી.કો.ની ૧૨૪ (એ) ધારાનો ઉપયોગ મનફાવે તેમ કરાય છે. અને તેમને જેલમાં ધકેલી દેવાય છેઃ-

૧. 'આજ તક'ના પત્રકાર વિરુદ્ધ, નરોડા પાટિયાના અનાથ રમખાણગ્રસ્તોને તત્કાલિન રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે. અબ્દુલ

કલામની ખાતરી છતાં, નરેન્દ્ર મોદી સરકાર દ્વારા કરાતી અવગણના છતી કરતા સમાચાર માટે, કેસ દાખલ કરાયો હતો.

૨. સૂરતમાં 'સામના'ના તંત્રીની સૂરત પૂરના વિશ્લેષણ માટે ધરપકડ કરવામાં આવી હતી.

૩. ભાવનગરમાં પોલીસ અને અંડરવર્લ્ડ વચ્ચેના સંબંધોનો પર્દાફાશ કરવા બદલ રાજકોટના 'આજકાલ'ના તંત્રી વિરુદ્ધ ૧૨૪(એ) હેઠળ કેસ દાખલ કરાયો હતો.

૪. હથિયારની હેરાફેરીને ઉઘાડી પાડતા સમાચાર છાપવા બદલ વેરાવળના 'યંગ આરોહી'ના તંત્રી વિરુદ્ધ ૧૨૪ (એ) હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

૫. શ્રી નફીસા અલી અને 'દિવ્યભાસ્કર' દૈનિક વિરુદ્ધ પણ ૨૦૦૨ના નરસંહાર અંગેની તેમની ટિપ્પણીઓ બદલ ૧૨૪ (એ) નો કેસ કરાયો હતો.

રાજ્યમાં આવાં માધ્યમો પર સીધા કે આડકતરા અનેક પ્રહારો થઇ રહ્યા છે. આમ છતાં માધ્યમો પોતાની લોકશાહીના પ્રહરીની ભૂમિકા શ્રેષ્ઠ રીતે નિભાવે છે. પરંતુ રાજદ્રોહ, બદનક્ષી, ધરપકડ વગેરેનો ડર માધ્યમોને સ્વનિયંત્રણ તરફ ધકેલી રહ્યો છે. રાજ્યમાં પ્રવર્તમાન ઝનૂન અને બિનલોકશાહી વાતાવરણે તેની હદ વટાવી દીધી છે, તે વાત સાબિત થઇ જ્યારે રાજ્યમાં 'પરઝાનિયાં' ફિલ્મને બતાવી ન શકાઇ અને 'ફના'ને થિયેટરોમાંથી ઊતરાવી લેવાઇ.

હવે પ્રો. આશિષ નાન્દી પણ તેમના વિરુદ્ધ કરાયેલા કેસનો સામનો કરી રહ્યા છે. તેમણે ''બ્લેમ ધી મિડલ ક્લાસ?'' શીર્ષક હેઠળ લેખ લખ્યો. જેમાં તેમણે ગુજરાતની તાજેતરની વિધાનસભા ચૂંટણી અંગેનું પોતાનું વિશ્લેષણ રજૂ કર્યું. તેમના પર ગુજરાત સરકારની મંજૂરીથી ઇ.પી.કો.ની ધારા ૧૫૩ (એ) અને (બી) હેઠળ ગુનો દાખલ કરાયો છે. ચોંકાવનારી બાબત તો એ છે કે આ કેસ 'નેશનલ કાઉન્સિલ ઓફ સિવિલ લિબર્ટિઝ'ની ગુજરાત શાખાના વડા દ્વારા કરવામાં આવ્યો છે.

માધ્યમોની સ્વતંત્રતા રાજકીય પક્ષો તેમજ ધાર્મિક કટ્ટરવાદી પરિબળો અને સત્તાધારી લોકોનું પીઠબળ ધરાવતાં વિવિધ જૂથો દ્વારા પણ જોખમાય છે. રાજ્યતંત્ર સિવાયનાં અન્ય અસહિષ્ણુ અને ફાસીવાદી જૂથો દ્વારા પણ અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય પરના હુમલા વધી રહ્યા છે. પ્રતિષ્ઠિત મરાઠી અખબાર 'લોકસત્તા'ના તંત્રી શ્રી કુમાર કેતકરના ઘર પરનો હુમલો, ભારતમાં વધી રહેલા માધ્યમો પરના અસહિષ્ણુ અને હિંસક હુમલાઓની શ્રેણીમાં સૌથી તાજેતરની ઘટના છે. આ સંમેલન આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢે છે. ઉપરાંત, અભિવ્યક્તિ- સ્વાતંત્ર્યને કહેવાતા 'વિકાસ'ના નામે ગૂંગળાવી દેવાય છે. સંગઠિત થવાની, સભાઓ અને રેલીઓ યોજવાની સ્વતંત્રતા પર વધુ ને વધુ પ્રતિબંધો લદાઇ રહ્યા છે.

આ સંમેલન ફરી ફરીને યાદ દેવડાવવા માંગે છે કે ભારતમાં માધ્યમોનો ઇતિહાસ સંઘર્ષ અને બલિદાનની કહાણીઓથી ભરપૂર છે. બ્રિટીશ સંસ્થાનવાદી શાસન વિરુદ્ધના આઝાદી આંદોલનમાં માધ્યમોની સ્વતંત્રતાની બંધારણીય ખાતરી એક મુખ્ય માંગ હતી. આઝાદી આંદોલનના મોટા ભાગના નેતાઓ પત્રકારો હતા અને તેઓ અભિવ્યક્તિ સ્વાતંત્ર્યની તરફેણમાં હતા.

આઝાદી બાદ ભારતના બંધારણના ઘડવૈયાઓએ માધ્યમોના સ્વાતંત્ર્ય પર ખૂબ ભાર મૂક્યો હતો. ૧૯૫૦ બાદના અનેક ચુકાદાઓમાં સુપ્રીમ કોર્ટે ઠેરવ્યું છે કે બંધારણની કલમ ૧૯ (૧) (અ) હેઠળ વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યની ખાતરીમાં માધ્યમોની સ્વતંત્રતા અભિન્નપણે સમાયેલી છે. સુપ્રીમ કોર્ટે કહેલું છે કે, ''લોકશાહી બંધારણમાં વાણી અને અભિપ્રાયની અભિવ્યક્તિની સ્વતંત્રતા ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.'' કોર્ટે એવું પણ જાહેર કર્યું છે કે અખબારો એ દેશની ચોથી જાગીર છે અને કાયદાના શાસન પર આધારિત લોકશાહી સમાજમાં માધ્યમોની સ્વતંત્રતા નિઃશંકપણે મૂળભૂત સ્વતંત્રતાઓમાંની એક છે.

પરંતુ આઝાદીનાં ૬૧ વર્ષ બાદ પણ માધ્યમોની સ્વતંત્રતા તેમજ અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય આપણાથી જોજનો દૂર છે. અધિકારીઓ ગુનાહિત બદનક્ષીને લગતા કાયદાઓ, કોર્ટનું અપમાન તેમજ રાષ્ટ્રીય સુરક્ષાને નામે ગુનાઓ દાખલ કરી પત્રકારોને પરેશાન કરી, ચૂપ કરી દેતા હોય છે. પત્રકારોને એક્રેડિટેશન કાર્ડ ફાળવવાની પણ આનાકાની કરી રહ્યા છે. ઉપરાંત માધ્યમો કે પત્રકારો જ નહીં, પણ સામાન્ય નાગરિકો પણ સ્વનિયંત્રણ કરતા હોય છે. રાજ્યમાં અસલામતી અને ભયનું મોજું ફેલાયેલું છે. નાગરિકો નિર્ભયપણે બોલતા ડરે છે અને ભય સેવે છે કે તેમને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય માટે મોટી કિંમત ચૂકવવી પડશે. સરકાર કે તેમના કહેવાતા મળતિયાઓના આક્રમણનો ભોગ બનવા કરતાં ચૂપકીદી સેવવાનું પસંદ કરાય છે. તેના કારણે લોકશાહીનો આત્મા જ મરી જાય છે અને સંસ્કૃતિના સૌથી મોટા દુશ્મન ફાસીવાદ માટેની જમીન તૈયાર થાય છે. ગુજરાતમાં આજ પર્યંત ક્યારેય ન અનુભવાયેલું ભયનું આ એક સૌથી મોટું પાસું છે.

આ પરિસ્થિતિમાં, આ સંમેલન અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના ઝંડાને ઉન્નત રાખવા તેમજ વધતા જતા ફાસીવાદી પ્રહારોથી લોકશાહીને બચાવવા લડત ઉપાડવાનો સંકલ્પ જાહેર કરે છે. ■

# બધી સમસ્યાઓ ઊકલી ગઇ છે, હવે આપણે પૂતળું બનાવીએ

## - કુમાર કેતકર

[અમેરિકાના સ્ટેચ્યુ ઓફ લિબર્ટીથી પણ ૪ ફૂટ ચડિયાતું ૩૦૯ ફૂટ ઊંચું શિવાજી મહારાજનું સ્ટેચ્યુ ઊભું કરવાની મહારાષ્ટ્ર સરકારે ઠાની લીધી છે- એવું સ્ટેચ્યુ જે દુનિયાનાં સૌથી ઊંચાં દસ બાંધકામોમાંનું એક હોય. મરીન ડ્રાઇવના નેકલેસ આકારના સમુદ્રનાં ભૂરાં પાણી વચ્ચે રૂા.૨૦૦ કરોડની કિંમતના કાંસાના આ પૂતળા માટે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ સ્થળ મુલાકાત બાદ અધિકારીઓને ઝડપથી મંજૂરી મેળવી લેવાની તાકીદ કરી. બીજા દિવસે (૪ જૂન ૨૦૦૮)ના રોજ મરાઠી દૈનિક 'લોકસત્તા'ના તંત્રી કુમાર કેતકરે સરકારના આ નિર્ણય પર તંત્રીલેખ લખ્યો. એટલે બીજે જ દિવસે એનસીપીના ભૂતપૂર્વ વિધાયકે શરૂ કરેલ ધાર્મિક-સામાજિક સંગઠન 'શીવસંગ્રામ'ના સભ્યોએ કેતકરના ઘરે આવીને ભાંગફોડ કરી.

મૂળ મરાઠી તંત્રીલેખનો અંગ્રેજી અનુવાદ લેખકે જાતે જ કરેલો, જે ૬ જૂન ૨૦૦૮ ના 'ઇન્ડિયન એક્સપ્રેસ'માં છપાયો છે. એનો ગુજરાતી ભાવાનુવાદ અહીં આપીએ છીએ. આજના રાજકીય સીનેરીઓને હૂબહૂ રજૂ કરતા, વેધક છતાં હળવી શૈલીમાં લખાયેલા આ લેખ સામે કોઇ પણ નાનું જૂથ પણ હિંસક વિરોધ કરે એ માની ન શકાય એવું છે. પણ સાથે જ એ પણ અહેસાસ થાય છે કે કેટલી નિમ્ન કક્ષાની સંકુચિતતા અને અસહિષ્ણુતા આપણા સમાજમાં ઘર ઘાલી રહી છે; વિરોધી મતને વ્યક્ત કરવા સામે કેટલો મોટો ખતરો ઊભો થઇ રહ્યો છે ! આજે જે માહોલ જોવા મળે છે, વિરોધી વિચારો, અલગ મંતવ્યો, બીજા ધર્મ, બીજા રાજ્યના લોકો, બીજી જાતિ પરત્વે જે સંકુચિતતા અને અસહિષ્ણુતા જોવા મળે છે, એ જો પહેલાંના સમયમાં હોત, તો સાહિત્ય કે કળાનો આપણને કોઇ વારસો જ ન મળી શક્યો હોત. આ તંત્રીલેખ વાંચ્યા પછી જ ખબર પડશે કે એનો તોડફોડિયો વિરોધ કરવાનું કોઇ કારણ છે ખરું? **-સં.**]

એવું લાગે છે કે મહારાષ્ટ્રની બધી જ સમસ્યાઓ ઊકલી ગઇ છે. લોકો ન માત્ર ખુશ અને સંતુષ્ટ થઇ ગયા છે, પરંતુ શાનદાર ભવિષ્યની વાટ જોઇ રહ્યા છે. હવે રાજ્યમાં નથી કોઇ દેવાદાર ખેડૂત રહ્યો, ન આપઘાત કે ન કુપોષણથી કોઇ મરણ. બધાં જ બાળકો ભણવા જાય છે, અને ભણેલાઓમાં બેરોજગારી બિલકુલ ખતમ થઇ ગઇ છે, કારણ કે ઉદ્યોગ ક્ષેત્રે અને આઇટી ક્ષેત્રે જબરજસ્ત વિકાસ થઇ ગયો છે. બધી જ નદીઓ પરના નાના મોટા બંધોને લીધે દુકાળગ્રસ્ત વિસ્તારો સહિતની મોટાભાગની જમીનો સિંચિત થઇ ગઇ છે. સ્પષ્ટ છે કે ખોરાકની કોઇ તંગી નથી. અને, મહારાષ્ટ્રમાં તો હકીકતમાં અતિરિક્ત અનાજ છે. હવે કોઈ પાવર કટ નહીં હોય અને ન કેવળ નરીમાન પોઇન્ટ-કોલાબા જ ઝળહળતા છે, પણ આખા રાજ્યમાં રોશની છે. ડો. અભય બંગે અપનાવેલા આરોગ્ય-સ્વરાજનું ધ્યેય ક્યારનું ય સિદ્ધ થઇ ગયું છે અને રાજ્યમાં વ્યક્તિનું સરેરાશ જીવન ૧૦૦ વર્ષનું થઇ ચૂક્યું છે.

રાજ્ય સરકારની દુરદર્શી અગુઆઇ, નિસ્બત, નિષ્ઠા અને દૃષ્ટિ વગર આટલું મહાન કાર્ય કદાપિ પરિપૂર્ણ ના થઇ શક્યું હોત. આનો યશ જાય છે મુખ્યમંત્રી વિલાસરાવ દેશમુખ અને નાયબ મુખ્ય મંત્રી આર.આર પાટિલને. તેથી જ આખું રાજ્ય આજે એમને તાળીઓથી વધાવી રહ્યું છે અને એમની આગેવાનીને સલામ ભરી રહ્યું છે. ખરે જ, તેથી જ તો રાજ્યના લોકો અત્યંત ખુશ છે કે આ જોડીએ નરીમાન પોઇન્ટ પાસે અરબી સમુદ્રમાં એક કિ.મી. દૂર છત્રપતિ શિવાજી મહારાજનું ભવ્ય પૂતળું બાંધવાનો આટલો શાનદાર પ્રોજેક્ટ હાથ ધર્યો છે. સરકારે એ નક્કી કર્યું છે કે ન્યુયોર્ક હાર્બરના સ્ટેચ્યુ ઓફ લિબર્ટી કરતાં પણ આ સ્ટેચ્યુ વધુ ઊંચું બાંધવામાં આવશે!

ચાર વર્ષ પહેલાં કોંગ્રેસ-એનસીપીએ સેવેલા આ વિચારને બધા મરાઠી લોકોએ આવકાર્યો હતો. આવા સ્મારકની તાતી જરૂર હતી, વિશ્વભરમાં એ જાહેર કરવા માટે કે મહારાષ્ટ્ર યૌદ્ધાઓ અને દેશભક્તોનું રાજ્ય છે, જેના સ્પીરીટનું પ્રતીક શિવાજી મહારાજ છે. તેથી જ વિકટોરિયા ટર્મિનસ (VT)ને છત્રપતિ શિવાજી ટર્મિનસ (CST)નું નામ આપવામાં આવ્યું. અને તરત જ ટ્રેઇનો સમયસર દોડતી થઇ ગઇ, ભીડ-ભાડ વ્યવસ્થિત થઇ ગઇ, ભ્રષ્ટાચાર અદૃશ્ય થઇ ગયો, યુરોપિયન સબર્બ ટ્રેઇનોની માફક લોકલ ટ્રેઇનોની મુસાફરી આરામદાયક બની ગઇ, અને અકસ્માતોનું નામોનિશાન ન રહ્યું. સ્ટેશનની શોભા વધારતા શિવાજી મહારાજના નામના મહિમા વગર આ બધું થઇ શક્યું હોત? પછી રાજ્ય અને લોકોએ મુંબઇના ડોમેસ્ટિક અને ઇન્ટરનેશનલ એરપોર્ટના નામફેરની વિધિ હાથ ધરી. તેને છત્રપતિ શિવાજી મહારાજ એરપોર્ટ ટર્મિનલનું નામ અપાયું. જાદુઈ છડીની જેમ એરપોર્ટ કાર્યક્ષમ

બની ગયા, એનો સ્ટાફ વિવેકથી વર્તતો થઇ ગયો, ઉડ્ડાણો સમયસર થવા લાગ્યાં, ઉતરાણ-ચઢાણ એકદમ સરસ. અને ઉતરાણ માટે જગ્યાની શોધમાં આકાશમાં મંડરાયા કરવાનું ગયું. લોકોએ આનો અનુભવ ન કર્યો હોત તો કોણ આ વાત માની પણ શક્ત? શું શિવાજી મહારાજના પ્રતાપ વગર આ બધું શક્ય હતું ખરું?

સ્વાભાવિક છે કે સરકારને લાગ્યું કે હવે લોકોની બધી સમસ્યાઓ ઊકલી ગઇ છે. અને હવે દુનિયાને શિવાજી મહારાજની મહત્તા જણાવવાની જ બાકી રહી છે. તેથી સમુદ્રની અંદર એક એકરથી વધુ જમીન સંપાદન કરવાનું અને એમાં પુરાણ કરીને સ્મારક બાંધવાનું સરકારે નક્કી કર્યું, જે દુનિયાભરના પ્રવાસીઓને આકર્ષશે. પ્રવાસીઓને બધી જ સગવડો આપવામાં આવશે. પૂતળાની બાજુમાં મ્યુઝિયમ હશે, જેમાં ૧૭મી સદીની શિલ્પકૃતિઓ, શિવાજીની ચીજ-વસ્તુઓ, શિલ્ડ તથા પોષાક હશે. કઇ રીતે રાજકારભાર ચલાવવો અને લોકોને સુખી કરવા એ બાબતના મહારાજ તરફથી ફરમાવાયેલા આદેશો પણ હશે. મ્યુઝિયમની બાજુમાં શોપિંગ મોલ પણ હશે, જે બધામાં શિવાજીનાં ચિત્રોવાળાં ટી-શર્ટ વેચાતાં હશે, શિવાજી કી ચેઇન, શિવાજી ભેટ-સોગાદો અને કાચની ચીજો સુદ્ધાં એમાં વેચાશે.

અલબત્ત, ત્યાં બીયરનાં બાર નહીં હોય, તેથી નાયબ મુખ્ય પ્રધાન આર.આર. પાટિલ જેની ઘૃણા કરે છે તેવા ડાન્સ બાર પણ નહીં જ હોવાનાં. કદાચ ત્યાં વાઇન મળશે, જેને એનસીપીના આગેવાન શરદ પવાર દારૂ નથી ગણતા. તેથી વાઇન વેચાશે અને કોક-પેપ્સી અને અન્ય સોફ્ટ ડ્રીન્ક્સ તેની સાથે આપવામાં આવશે. ત્યાં સ્વદેશી મેકડોનાલ્ડ હશે અને મરાઠી વડા-પાંઉ હશે, જેનું નામ બદલીને ઉદ્ધવ ઠાકરેએ 'શિવ વડા-પાંઉ'નું નામ આપ્યું છે. ત્યાં રાજ ઠાકરેના એમએનએસના કાર્યકર્તાઓ દ્વારા વેચાતી પાણી-પૂરી પણ મળશે. કોઇ ભૈયાઓને ત્યાં કોઇ ધંધો કરવા દેવામાં નહીં આવે. માત્ર 'સ્થાનિક લોકો'ને જ કામ પર રાખવામાં આવશે.

આ સ્મારક રાજ્યની પ્રજાને જ નહીં, પણ જે કોઇ મુંબઇની મુલાકાતે આવશે એ સૌને પ્રેરણા આપશે. વિશ્વ પ્રવાસીઓ પોતપોતાના દેશોમાં પરત ફરશે, ત્યારે તેઓ સાથે લઇ જશે શિવાજી મહારાજનો સંદેશ અને મહારાષ્ટ્ર નામના રાજ્યનો મહિમા, જ્યાં સર્વજન સુખી અને સંતુષ્ટ છે. પૃથ્વી પરની આ સૌથી વધુ આદર્શ જગ્યા છે અને જો કોઇ વ્યક્તિ આદર્શ નમૂનાની ખોજમાં હોય તો તેણે વિલાસરાવ દેશમુખ-આર.આર.પાટિલના આ સર્જન તરફ નજર નાખવી જોઇએ. આટલો અજબ વિચાર સુધ્ધાં કોઇને પણ આવ્યો ખરો?

આ સ્મારક ઝડપથી તૈયાર થઇ જશે. ૨૦૧૦માં પહેલી મેના રોજ રાજ્ય એની સ્વર્ણજયંતી ઊજવશે. શિવાજી મહારાજની પ્રતિમા, પ્રતીક અને ભવ્યતા માટે આ પૂતળાથી વધુ મોટી શ્રદ્ધાંજલિ બીજી કઇ હોઇ શકે, જે સમુદ્રની વચ્ચે ઊભું હોય અને બધા આતંકવાદીઓને મુંબઇથી દૂર રહેવા ચેતવતું હોય, અને ભારતથી આઘા રહેવાની ચેતવણી આપતું હોય! કારણ કે મહારાષ્ટ્રની પ્રજા મહાન ભારતના વિચારને રક્ષે છે અને બઢાવો આપે છે. ■

*(ભાવાનુવાદ : તૃપ્તિ પારેખ)*

**પ્રિય વાચકો,**

અમને આશા છે કે 'ખોજ'ના અંક આપને નિયમિત અને સારી સ્થિતિમાં મળતા હશે. જો એમ ના હોય તો, અથવા લવાજમ અંગે અન્ય કોઇ પ્રશ્ન હોય તો અમારી ક્ષમાયાચના સ્વીકારશો અને નીચે આપેલાં અગત્યનાં સૂચનો ધ્યાનમાં રાખશો.

- મેઇલિંગ લેબલ પર આપના ગ્રાહક ક્રમાંકની સાથે લવાજમ પૂરું થતું હોય એ મહિનો/વર્ષ આપ્યાં હોય છે, જે ધ્યાનમાં રાખી ફેરલવાજમ મોકલવાનું ચૂકશો નહીં.
- લવાજમ ભરતી વખતે પૂરું સરનામું, પીનકોડ, ટેલિફોન નંબર લખી મોકલશો.
- લવાજમની રસીદ સામાન્ય રીતે 'ખોજ'ના એ પછીના અંક સાથે મોકલીએ છીએ. લવાજમ મળ્યાનું પોસ્ટકાર્ડ જોકે તુરંત લખી દઇએ છીએ. જો આપને રસીદની તાત્કાલિક જરૂર હોય તો લવાજમ ભરતી વખતે એની સ્પષ્ટ સૂચના લખશો.
- જો આપનું સરનામું બદલાયું હોય તો અમને એની જાણ કરશો.
- કોઇ અંક ના મળ્યો હોય તો જણાવશો. અમે બીજી નકલ મોકલી આપશું.
- જો ભૂલથી આપના સરનામે બે નકલ આવતી હોય તો અમને જાણ કરશો.
- શરૂઆતનાં બે વર્ષના જૂના અંકોનો બાઇન્ડિંગ કરાવેલો પૂરો સેટ તેમજ છેલ્લા વર્ષના ૬ અંકો 'આર્ચ'ના વડોદરા તથા માંગરોળના સરનામેથી મળશે. એની કિંમત (પોસ્ટેજ ખર્ચ સહિત) રૂ. ૨૫૦/- છે અને બહારગામના ચેકમાં રૂ. ૪૦/- ઉમેરવા વિનંતી છે.

# અમરનાથ યાત્રાનો ખોટો વળાંક...

*- તૃપ્તિ પારેખ*

જમ્મુ અને કાશ્મીર સરકારે અમરનાથ યાત્રીઓ માટે સુવિધા ઊભી કરવા માટે અમરનાથ શ્રાઈન બોર્ડને ૪૦ હેક્ટર જેટલી જંગલની જમીન ફાળવી આપવાનો નિર્ણય કર્યો. એની સામે કાશ્મીર ખીણમાં વ્યાપક આંદોલન થયું અને ગુલામ નબી આઝાદની સરકાર લઘુમતીમાં મુકાઈ ગઈ. પરિસ્થિતિમાંથી રસ્તો કાઢવા એમની સરકારને શ્રાઈન બોર્ડને જમીન આપવાનો નિર્ણય પાછો ખેંચી લેવાની ફરજ પડી. એની પ્રતિક્રિયામાં ભાજપ અને સંઘ પરિવારના બીજાં સંગઠનોએ જમ્મુ અને કાશ્મીર સરકારના એ પગલાને મુસ્લીમ ઉગ્રવાદીઓ સામેની શરણાગતિ કહી અને જમ્મુ સહિત આખા દેશમાં આંદોલનો શરૂ કરી દીધાં. ૩જી જુલાઈએ ભારત બંધનું એલાન થયું જેના પગલે ઘણી જગ્યાઓએ હિંસક અથડામણો થઈ અને ઘણા લોકોએ જાન પણ ગુમાવ્યા (આપણા સદ્નસીબે ગુજરાત એ બંધના એલાનમાંથી બહાર રહ્યું). આ બધાના પરિણામે વરસોથી હિંદુ-મુસ્લીમ ભાઈચારાના માહોલમાં થતી આ યાત્રાને ફીણ્યો ફીણાય નહીં એવો લૂણો લાગ્યો છે અને સાવ ખોટો અને બિનજરૂરી સાંપ્રદાયિક વળાંક મળ્યો છે.

લાખો-કરોડો હિંદુઓ માટે અમરનાથની યાત્રા જાણે કે સર્વોચ્ચ ઈચ્છા સમાન હોય છે. પહેલગામ (જ્યાંથી યાત્રા ચાલુ થાય છે)થી લઈને અમરનાથ ગુફાના બેઈઝ કેમ્પ સુધીના પડાવોમાં સેંકડો સ્વયંસેવી સંસ્થાઓ/ વ્યક્તિઓ/ જૂથો દ્વારા રોજના હજારો યાત્રીઓને સામેથી બોલાવીને ખૂબ પ્રેમથી ખવડાવવામાં આવે છે. દરેક પડાવ પર કાશ્મીરી મુસ્લીમો ટેન્ટમાં રાતવાસો કરવા માટેનાં રૂનાં ગાદલાં -રજાઈઓ-કમ્બલની અને ચોફેર બરફ વચ્ચે યાત્રીઓને ગરમ પાણીની ઉત્તમ વ્યવસ્થા પૂરી પાડે છે. હજારો મુસ્લીમ પરિવારોની આજીવિકાનું આ મુખ્ય સાધન છે. સ્વયંભૂ બનતા શિવલિંગની જેમ દાયકાઓથી સ્વયંભૂ, ધીમે ધીમે ઊભી થયેલી આ યાત્રા દરમિયાનની આ વ્યવસ્થાનો રોમાંચ પણ કાંઇક અનેરો જ હોય છે. હિમાલયની બરફાચ્છાદિત કંદરાઓ - પહાડીઓની વચ્ચે, ક્યારેક એની ખીણમાં, તો ક્યારેક પહાડીની સાંકડી કેડી પર ડગ સંભાળીને આગળ વધતી આ યાત્રામાં, હિમાલયની વિશાળતા વચ્ચે માનવીની નગણ્યતા અને જિંદગીની ક્ષણભંગુરતાનો પળ પળ થતો અહેસાસ વ્યક્તિને જિંદગીભર માટે વિનમ્ર બનાવી દે એવો હોય છે. આસ્તિક ન હોય તેઓ પણ એ અનુભવથી હાલ્યા વિના નથી રહેતા.

અમરનાથ ગુફાની શોધ ૧૮૫૦માં એક મુસ્લિમ ભરવાડ બુટા મલિકે કરેલી. પાછા આવીને ગામલોકોને એણે એની વાત કરી. ત્યાર પછી કાળક્રમે દર વરસે અમરનાથની ગુફાની યાત્રાની પ્રણાલિ શરૂ થઈ. ત્યારથી જ એ ગુફાના સ્થાનકની રખવાળીમાં દશનામી અખાડા અને પુરોહિત સભા માટ્ટનના હિંદુ પુરોહિતો ઉપરાંત બુટા મલિકના પરિવારના સભ્યો (વારસો) પણ જોડાયેલા રહ્યા. એને કારણે જ અમરનાથની આ યાત્રા હિન્દુ-મુસ્લીમ ભાઇચારાના પ્રતીક સમી બની રહી છે, જેનો મજબૂત તંતુ કાશ્મીરનાં લોહિયાળ અને વંટોળી વરસોમાં પણ અતૂટ રહ્યો. આ સિલસિલો ૨૦૦૦ સુધી ચાલુ રહ્યો, જ્યારે નેશનલ કોન્ફરન્સ સરકારે ખાસ ખરડો પસાર કરીને અમરનાથ શ્રાઈન બોર્ડની રચના કરી અને વરસોથી ચાલી આવેલી આ પરંપરાને પહેલ વહેલો લૂણો લગાડ્યો.

આ બોર્ડની રચના આમ તો યાત્રાળુઓ માટે સારી સુવિધાઓ ઊભી કરવાના નામે કરવામાં આવેલી. ૧૯૯૬ની યાત્રા દરમિયાન બરફના તોફાનમાં ૨૦૦ જેટલા યાત્રાળુઓએ પોતાના જાન ગુમાવેલા. એનાં કારણોની તપાસ માટે નિમાયેલ સેનગુપ્તા કમિટીએ આવા બોર્ડની રચના કરવાની ભલામણ કરેલી. પરંતુ આ બોર્ડની રચના કરતી વખતે વરસોથી પરંપરાગત રીતે યાત્રા તેમજ ગુફાના સ્થાનકનો વહીવટ કરતા દશનામી અખાડા, પુરોહિત સભા માટ્ટન તેમજ બુટા મલિકના પરિવારની એમાંથી બાદબાકી કરી દેવામાં આવી. અને રાજ્ય સરકારે એ ત્રણેને ત્યાંથી હાંકી કાઢ્યા. ગવર્નરની અધ્યક્ષતાવાળા આ બોર્ડમાં ફક્ત હિન્દુ ધર્મ સાથે સંકળાયેલ વ્યક્તિઓને જ સ્થાન અપાયું. આ ઉપરાંત ૧૦ સભ્યોના બોર્ડમાં રાજ્યના માત્ર બે હિન્દુઓને સ્થાન અપાયું અને બાકીના ૮ સભ્યો રાજ્ય બહારના પણ હોઈ શકે એવી જોગવાઈ કરવામાં આવી. ગવર્નર જો હિન્દુ ન હોય તો એ રાજ્યના બીજા કોઇ હિન્દુને પોતાના વતી નીમી શકે એવી પણ જોગવાઇ છે. આ બોર્ડની રચના પછી સરકારી ગ્રાન્ટો આવવાથી યાત્રાની વ્યવસ્થામાં જરૂર ઘણો સુધારો થયો, પરંતુ એ પ્રક્રિયામાં હિંદુ-મુસ્લીમ ભાઈચારાના પ્રતીક સમી યાત્રાની અનોખી પહેચાનનો જ ભોગ લેવાયો.

૨૦૦૩માં લેફ્ટ. જનરલ એસ. કે. સિન્હા જમ્મુ અને કાશ્મીરના ગવર્નર તરીકે નિયુક્ત થયા ત્યાર પછી તો પરિસ્થિતિ વધારે વણસી. એમણે

પી.ડી.પીની નવી સરકાર સાથે સંઘર્ષનો માર્ગ અપનાવ્યો અને ૨૦૦૪માં એકતરફી રીતે યાત્રાની મુદત, જે વરસોથી ૧૫ દિવસથી મહિનાની હતી, તેને વધારીને બે મહિનાની કરવાની જાહેરાત કરી દીધી. મુખ્યમંત્રી મુફ્તી મહંમદ સઈદે સુરક્ષાનો બોજ તેમજ ખરાબ હવામાનની સંભવિત અસરોનાં કારણો આપીને એનો વિરોધ કર્યો ત્યારે પણ નાજુક પરિસ્થિતિ પેદા થયેલી, જે કેન્દ્ર સરકારના હસ્તક્ષેપથી થાળે પડેલી. ત્યાર પછી ૨૦૦૫માં ગવર્નરના અંગત સચિવે એમના જ પત્ની એવા રાજ્યના વન સચિવને પત્ર લખીને ગુફાની આસપાસની ૪૦૦૦ કનાલ જંગલ જમીન શ્રાઇન બોર્ડના નામે કરવા માટે માંગણી કરી, અને વન સચિવે સરકારને વિશ્વાસમાં લીધા વગર જ તરત જ એ માટેનો હુકમ કરી દીધો. સ્વાભાવિક જ સરકારે એ રદ કરી દીધો. ત્યાર પછી ગુલામ નબી આઝાદની સરકાર બન્યા પછી રાજ ભવન સાથેના સંબંધો સુધર્યા. તો પણ શ્રાઇન બોર્ડ માટે જમીનની માંગણી ચાલુ રહી. થોડા મહિના પહેલાં ગવર્નરે પોતે નાયબ મુખ્ય મંત્રીને કાગળ લખીને પહેલગામ અને બાલ્તાલની જંગલ જમીનો શ્રાઇન બોર્ડને નામે કરી આપવા અને તેના વિકાસ માટે ગવર્નરન હસ્તકની સ્વતંત્ર વિકાસ ઓથોરિટીની સ્થાપના કરવા માટે માંગણી કરેલી. સરકારે સ્વતંત્ર ઓથોરિટીની માંગણી તો ન સ્વીકારી પણ એની સાથે જ ૪૦ હેક્ટર જેટલી જંગલ જમીન શ્રાઇન બોર્ડના નામે કરી આપી. એ નિર્ણયના વિરોધમાં ઘણાં વરસો પછી કાશ્મીરના સામાન્ય લોકો રસ્તા પર ઊતરી આવ્યા.

શ્રાઈન બોર્ડને જમીન આપવા સામે આટલો વિરોધ શા માટે એવો સવાલ થાય. પરંતુ એનાં મૂળિયાં જમીનની તબદીલીના મામલે કાશ્મીરમાં શરૂઆતથી જ અસુરક્ષાની જે લાગણી પ્રવર્તે છે તેમાં રહેલાં છે. એમાં અમરનાથના યાત્રાળુઓને સારી સગવડ મળે એ સામે ત્યાંના લોકોનો કોઈ વિરોધ નથી. શ્રાઇન બોર્ડની રચના જ રાજ્ય સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર, પોલીસ, લશ્કર તેમજ સ્થાનિક લોકોના સક્રિય સહયોગ સાથે યાત્રીઓ માટેની સુવિધા વધારવા માટે કરવામાં આવી હતી. અને એ માટે વરસોથી આ જમીનોનો ઉપયોગ થઈ જ રહ્યો છે. તો પછી શ્રાઇન બોર્ડ એ જમીનો પોતાના નામ ઉપર કરવાનો આગ્રહ શા માટે રાખે છે એ જ એમનો સવાલ છે. હાલ આ વિરોધ દરમિયાન જે યાત્રીઓ ત્યાં ફસાયેલા હતા તેમને પણ સ્થાનિક મુસ્લીમ પરિવારોએ જ હોંશે હોંશે પોતાનાં ઘરોમાં પ્રેમપૂર્વક સુરક્ષિત રાખેલા. આમ, આમાં યાત્રીઓને સગવડ મળે એ સામે કોઈ વિરોધ નથી. આ સ્થિતિમાં આ સવાલને સાંપ્રદાયિક સ્વરૂપ આપીને એના આધારે રાજકીય રોટલો શેકવો એ કોઈ રીતે દેશના હિતમાં નથી. એમ કરનારાઓ સૌથી વધારે હાનિ તો હિંદુ-મુસ્લીમ ભાઈચારાના પ્રતીક સમી આ યાત્રાની સ્વસ્થ પરંપરાને જ પહોંચાડી રહ્યા છે. ■

## સુરેશદાદા સન્માન સમિતિ

વિચાર-બીજ વાવી, એનું જતન કરી, મઘમઘતાં પુષ્પોની ફોરમ ફેલાય ત્યાં સુધી એને પોષણ આપવાની ધૂન માથે ચઢાવીને પચાસેક વર્ષથી વિચરતું નામ એટલે સુરેશ પરીખ. આ નામ ગુજરાતભરનાં વિવિધ યુવા-નાગરિક વર્તુળો, સેવારત સંસ્થાઓ, વિચારકો, કર્મસેવીઓ માટે પોતીકું થઇ ગયું છે. વલ્લભવિદ્યાનગર એમનું કર્મ-કેન્દ્ર. બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયમાં પ્રાધ્યાપક પદેથી ૧૯૯૧માં કાચી નોકરીએ નિવૃત્ત થયા - અન્ય કાર્યે વધુ પ્રવૃત્ત થવા. એમની પ્રવૃત્તિ અને વૃત્તિને સુપેરે જાણનાર, એ વખતના ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ શ્રી એચ.એમ. પટેલે એમને સામે ચાલીને કેમ્પસ પર જ 'વિદ્યાર્થી સેવા-કેન્દ્ર'ના માનાર્હ નિયામક તરીકે રહી જવા માટે બાંધી લીધા. ત્યારબાદ ચારુતર વિદ્યામંડળના હાલના અધ્યક્ષ શ્રી સી. એલ. પટેલે 'વિદ્યાર્થી સેવા-કેન્દ્ર' ને બદલે 'માનવ વિકાસ કેન્દ્ર' બનાવ્યું, જેના માનાર્હ નિયામક રહ્યા. અને આ બધાં વર્ષો દરમિયાન 'વિચાર-વલોણું' ના પ્રકાશનની પ્રવૃત્તિ એકધારી ચાલતી જ રહી. ત્રીસેક જેટલી સ્વયંસેવી સંસ્થાઓ સાથે સઘન ઘરોબો. 'માનવ વિકાસ કેન્દ્ર' સાથે સંકળાઇ વધુ વ્યાપક પરિમાણો સુધી પહોંચવાના લક્ષ્યને સામે રાખી એમણે 'વિચાર-વલોણું' નવા મિત્રોને સોંપી દીધું. સુરેશભાઇની સુરેશથી માંડીને સુરેશદાદા સુધીની પચાસ વર્ષની કાર્યયાત્રા અને પંચોતેર વર્ષની જીવનયાત્રા ભરી ભરી અર્થપૂર્ણ રહી છે. સપ્ટેમ્બરની ૨૬, ૨૦૦૮ ના દિવસે એમના પ્રાગટ્યનાં પંચોતેર વર્ષ પૂરાં થાય છે. ત્યારે એમની અવિરત સેવાયાત્રાને બિરદાવવા તેમજ એમની હવે પછીની યાત્રા માટે શુભેચ્છા-સમર્થન પાઠવવા એમના ચાહક-શુભેચ્છક-સમર્થક મિત્રોએ એક સમારંભ યોજી એમને સન્માન-નિધિ અર્પણ કરવાનું નક્કી કર્યું છે. આશા છે આપ યત્કિંચિત્ ફાળો આપી આ કાર્યમાં સહભાગી થશો. સુરેશભાઇ/દાદા સાથેના અંગત સંબંધો, એમની કામગીરી-શૈલી અંગેનાં આપનાં લખાણ તા.૩૦ જુલાઇ, ૨૦૦૮ સુધીમાં મળી જાય એ રીતે નીચે જણાવેલા સરનામે મોકલી આપવા વિનંતી છે. સ્વૈચ્છિક આર્થિક સહયોગની રકમ 'માનવ વિકાસ કેન્દ્ર'ના નામે વલ્લભ વિદ્યાનગરની બેંક શાખાના ચેક કે ડ્રાફટથી અથવા મની ઓર્ડરથી આ જ સરનામે મોકલી આપશો.

શ્રી જયંતભાઇ ઓઝા, જાનકી એપાર્ટમેન્ટ, નાના બજાર, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦
ફોન.(૦૨૬૯૨)૨૩૫૬૮૪ (મો)૯૮૭૯૧૨૯૦૨૮ ■

# રામસીંગ, ગોલ્કી અને રાની

ઓરિસ્સાનો તાજેતરનો એક બનાવ : સમાચાર છે કે રામસિંગ મુંડા નામના એક આદિવાસીની ધરપકડ કરવામાં આવી છે - જંગલમાં રઝળી પડેલા રીંછના બચ્ચાને પોતાને ઘરે લાવીને જીવતું રાખવા બદલ. વાત એવી છે કે લગભગ દોઢેક વર્ષ પહેલાં રામસીંગ મુંડાએ ત્રણ વર્ષના એક રીંછના બચ્ચાને જંગલમાં એકલું અટૂલું અટવાતું જોયું. બીજાં રાની પ્રાણીઓ એને મારી નાખશે એવા વિચારથી એ એને પોતાને ઘરે લઇ આવ્યો. એ અને એની પાંચ વર્ષની નાની બાળકી ગોલ્કી જ એના કુટુંબના સભ્યો. એમાં આ બચ્ચાનો ઉમેરો થયો. એનું નામ બાપ-દીકરીએ હોંશે હોંશે રાની રાખ્યું. દોઢ વરસ સુધી ત્રણે જણ ખુશી ખુશી જીવ્યાં.

એમના આ સુખી સંસારમાં વિક્ષેપ પડ્યો. એક સ્થાનિક વર્તમાનપત્રે રાની અને એના મનુષ્ય કુટુંબના સમાચાર છાપ્યા. જેવી વનવિભાગને આ બાબતની ખબર પડી કે તરત જ એના અધિકારીઓ મુંડાના ઘરે દોડી ગયા અને એને રાનીને જંગલમાં છોડી આવવાનો આદેશ કર્યો. મુંડા એને જંગલમાં છોડી પણ આવ્યો. પણ બીજા જ દિવસે રાની એની પાસે પાછી આવી ગઇ. અને પ્રેમથી પોતાના કુટુંબીઓને મળીને રામસીંગના મોઢે - શરીરે ચાટવા લાગી.

માણસ અને પ્રાણી વચ્ચેનો આ અનોખો પ્રેમ સંબંધ હતો. ભલા, વનવિભાગને એ કેમનો સમજાય? વનવિભાગ તો એવું જ માનીને ચાલે છે કે કોઇપણ વન્ય પ્રાણી પર એની જ માલિકી હોઇ શકે. દેશનાં જંગલો અને વન્ય પ્રાણીઓ પર એની જ હકૂમત ચાલવી જોઇએ. એટલે ઘરે પરત આવેલી રાનીને વનવિભાગે બળજબરીથી છૂટી પાડીને ભુવનેશ્વર પાસેના પ્રખ્યાત નંદનકાનન ઝૂમાં ભરતી કરી દીધી. અને રામસીંગ મુંડાની ધરપકડ કરીને એને વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ ૧૯૭૨નું ઉલ્લંઘન કરવા બદલ કોએન્જારો જેલમાં મોકલી આપ્યો.

ક્ષુબ્ધ થઇ ગયેલા રામસીંગને એ જ સમજ નહોતી પડતી કે એણે ગુન્હો શું કર્યો છે. એ કહે છે કે મેં જો જંગલમાં રખડતા, એકલા અટૂલા રીંછના બચ્ચાને આશરો ન આપ્યો હોત અને જ્યાં હતું ત્યાં જ રાખ્યું હોત તો રાની જાનવરો એને ચોક્કસ ખાઇ ગયા હોત. મેં તો ઊલટું એને બચાવ્યું છે અને એની સારી સંભાળ રાખી છે, તો મને જેલમાં કેમ પૂરી દીધો ? જ્યારે એને જેલમાં લઇ જવાતો હતો ત્યારે પોતાની પાંચ વર્ષની દીકરી ગોલ્કી શું ખાશે એની ચિંતા એને ખૂબ સતાવતી હતી. વનવિભાગે જોકે ગોલ્કીને ૧૦ કિ.ગ્રા. ચોખા આપીને પોતાની ફરજ બજાવી દીધી છે ! પાંચ વર્ષની ગોલ્કી એને રાંધશે કેવી રીતે ? એની એમને કોઇ ફિકર નથી. જોકે એ ફિકર રાખવા ધારે તો પણ રાખી કઈ રીતે શકે ? એ બાબત વન્ય પ્રાણી અધિનિયમ કે વન અધિનિયમમાં થોડી આપવામાં આવી છે ?

વનવિભાગના ઘણા અધિકારીઓ જોકે મુંડાને ગુન્હેગાર નથી માનતા, પણ એમનું કહેવું છે કે ''એણે કાયદાનો ભંગ કર્યો છે તેથી અમે કરીએ પણ શું ? માણસ અને રીંછ વચ્ચેના લાગણીના સંબંધને કાયદો માનતો નથી. અમારે તો કાયદેસરની કાર્યવાહી કરવી પડે !'' જો કાયદાનું શબ્દશઃ પાલન કરવાનું થાય તો મુંડાને પાંચ વર્ષની પણ કેદ થઇ શકે એમ છે ! કેટલી એબ્સર્ડ વાત !

આ બનાવે ખાસ કરીને વન વિભાગ અને પર્યાવરણવાદીઓમાં મોટો હોબાળો મચાવી દીધો છે. પર્યાવરણવાદીઓએ આ બનાવ પર બન્ને પ્રકારની પ્રતિક્રિયા આપી છે. અમુક એમ માને છે કે વન્ય પ્રાણી અધિનિયમનો વિવેવયુક્ત ઉપયોગ કરવો જોઈએ. સીટીઝન ફોર વેલ્ફેર એન્ડ પ્રોટેકશન ઓફ એનીમલ્સ માને છે કે ''કાયદાનો ટેકનિકલ અમલ ના કરવાનો હોય. મુંડા ઊંડાણના જંગલમાં રહે છે અને અભણ છે. એને કાયદાની જ ખબર નથી અને એની સજા એ ભોગવી રહ્યો છે.''

જ્યારે મોટાભાગના પર્યાવરણવાદીઓ એમ માને છે કે કાયદો એ કાયદો, એમાં અપવાદ ન હોઈ શકે ! ટ્રાફિક ઈન્ડિયા, વર્લ્ડ વાઈલ્ડ ફંડના અધ્યક્ષના કહેવા પ્રમાણે ''કાયદાનો તો સમાન અમલ થવો જ જોઈએ, અને પછી કોર્ટે નક્કી કરવાનું છે. આ કેસ કદાચ અલગ હોઈ શકે, પણ રીંછ સાથેના મનુષ્યનો ઘનિષ્ઠ સંબંધ પાછળથી પ્રશ્નો ઊભા કરી શકે. તેથી કાયદાનો અમલ જરૂરી છે.'' વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના વાઈસ ચેરમેન માને છે કે ''વન્ય પ્રાણીને રાખવું એ ગુન્હો છે, જેમાં બચાવને કોઈ અવકાશ નથી. તેથી કોઈ પણ કેસમાં અપવાદ કરવો જ ના જોઈએ. જો અપવાદ કરવામાં આવે તો બધા કાયદાનો ભંગ કરતા થઈ જશે.'' ■

# વિજ્ઞાન-અધ્યાત્મ-૬

## ખંડન (Refutation) - આલોચનાત્મક રેશનાલિટી
## કાર્લ પોપર

*- અનિલ પટેલ*

**The gods did not reveal, from the beginning**
**All things to us; but in the course of time,**
**Through seeking we may learn, and know things better.**
**But as for certain truth, no man has known it,**
**Nor will he know it; neither of the gods,**
**Nor yet of all the things of which I speak.**
**And even if by chance he were to utter**
**The perfect truth, he would himself not know it,**
**for all is but a woven web of guesses.**

**- Xenophanes (570-475 B.C.)**

**No fairer destiny could be alloted to any physical theory than that it should itself point out the way to introducing a more comprehensive theory in which it lives on as a limiting case.**

**Albert Einstein**

### ઇન્ડક્શનની હ્યુમીયન સમસ્યા

ઇન્ડક્શન અને તેની સાથે જોડાયેલી વ્યક્તિપરસ્ત (Subjective) જ્ઞાનમીમાંસાનાં વમળોમાં ફસાયેલી રેશનાલિટીને અને વિજ્ઞાનને ઉગારી લેવાનો પ્રચંડ પુરુષાર્થ કરનાર કાર્લ પોપરની ક્રાંતિકારી જ્ઞાનમીમાંસાને સમજવા હજી એક મહત્ત્વના વિચારપ્રવાહને સમજી લેવો જરૂરી છે.

ઇન્ડક્શનને આધાર માનીને ચાલતી બધી જ થિયરીના પાયામાં (વ્યક્તિગત) સંવેદનોના પુનરાવર્તનની પ્રાથમિકતાનો એક સિદ્ધાંત રહેલો છે. હ્યુમે આ સિદ્ધાંતને બે રીતે જોયો. એક, તાર્કિક રીતે જે તેણે અવૈધ ઠેરવ્યો; અને બીજો, મનોવૈજ્ઞાનિક (psychological) રીતે. હ્યુમે ઇન્ડક્શનને (સાચી રીતે) તાર્કિક કારણોસર અવૈધ ઠેરવ્યું અને તેની આખી જ્ઞાનમીમાંસા સંવેદનોના પુનરાવર્તનમાંથી નીપજેલી ટેવ ઉપર ટેકવી. તાર્કિક રીતે અવૈધ પણ મનોવૈજ્ઞાનિક રીતે અનિવાર્ય અને વાસ્તવમાં ઉપયોગી પુરવાર થતા ઇન્ડક્શન ઉપર આવીને હ્યુમ અટક્યો. આમાંથી નીકળી વ્યક્તિપરસ્તતા અને ઇરેશનાલિટી. સમસ્યારૂપ બનેલું ઇન્ડક્શન, હ્યુમની 'ઇન્ડક્શનની સમસ્યા' તરીકે ઓળખાયું.

ઇન્ડક્શનની આ સમસ્યાને હલ કરવા જુદા-જુદા રસ્તાઓ લેવાયા. જે.એસ.મીલ, અર્નસ્ટ મેક જેવા ફિલોસોફરોએ બર્કલીના ભુલાઇ ચૂકેલા સાધનવાદ (instrumentalism)નો આશરો લીધો. તે મુજબ વૈજ્ઞાનિક થિયરીઓ સારી ગણતરીઓ કરવાના કે સારા વર્તારા કરવા માટેનાં

સાધનો માત્ર જ છે. વાસ્તવિકતા તો, સપાટી ઉપર સંવેદનોને જે દેખાય, - અનુભવાય છે, તે જ છે. સપાટીની પાછળ કાંઇ નથી. આ જ માત્ર વાસ્તવિકતા હોય અને થિયરી માત્ર સાધન જ હોય તો થિયરીના સાચા-ખોટાનો પ્રશ્ન જ ક્યાં રહ્યો? ઇન્ડકશનની થિયરી જ વૈજ્ઞાનિક થિયરીઓની વૈધતા અને ન્યાયોચિતતા સિદ્ધ કરવા આગળ કરાઇ હતી. હવે સાધનવાદી થિયરી પ્રમાણે આ સવાલ જ ના હતો. આમ, ઇન્ડકશનનો સવાલ જ નીકળી ગયો.

સાધનવાદી ફિલોસોફી ભૌતિક વિજ્ઞાનીઓમાં બહુ લોકપ્રિય બની અને ક્વોન્ટમ મિકેનીક્સના મહારથીઓને બહુધા સ્વીકાર્ય બની.

## વિટગેનસ્ટીન - વિયેના સર્કલ અને પોઝિટીવીઝમ

આ પછી પણ ઇન્ડકશનને રદિયો આપવા ઘણા વિજ્ઞાનીઓ અને ફિલોસોફરો તૈયાર ના હતા કારણ કે અત્યાર સુધી ઇન્ડકશનની મદદથી જ અવલોકનમૂલક (empirical) વિજ્ઞાન અને અટકળો, અંતઃસ્ફુરણા (intuition) આધારિત મેટાફિઝીક્સ વચ્ચે ભેદરેખા દોરી શકાતી હતી. એક વખત અવલોકન આધારિત ઇન્ડકશનને જાકારો અપાય પછી તો મેટાફિઝીક્સનાં ઘોડાપૂર જ વિજ્ઞાનના ક્ષેત્રમાં ફરી વળે. વળી, યુરોપના વિજ્ઞાનીઓ, ફિલોસોફરો અને રેશનાલિસ્ટોને હેગેલિયન આઇડિયાલિઝમ પ્રેરિત મેટાફિઝીક્સનો બીજો એક મોટો હાઉ સતાવતો હતો. મેટાફિઝીક્સ અને વિજ્ઞાન વચ્ચે બીજી એક ટકાઉ ભેદરેખા દોરવાના મર્યાદિત હેતુ કરતાં ક્યાંય આગળ જતા મહત્ત્વાકાંક્ષી હેતુને સિદ્ધ કરવા આ પ્રખર વિજ્ઞાનીઓ અને ફિલોસોફરોએ કમર કસી. આ હેતુ હતો મેટાફિઝીક્સનો જ કાયમી સફાયો બોલાવી દેવો જેથી વિજ્ઞાનની ફરીથી કનડગત ના કરે.

મેટાફિઝીક્સને જ નષ્ટ કરી નાંખવાનું સ્વપ્ન આમ તો અર્નસ્ટ મેકનું હતું. તેના જ અનુગામીઓએ આ કાર્યને આગળ ધપાવ્યું. ઓસ્ટ્રીયન ફિલોસોફર લુડવીગ વિટગેનસ્ટીનની ફિલોસોફીની ગાઢ અસર નીચે ૧૯૨૪ની આસપાસ વિયેનાના અવ્વલ દરજ્જાના તેજસ્વી વિજ્ઞાનીઓ, ગણિતશાસ્ત્રીઓ, ફિલોસોફરોનું એક અનૌપચારિક વર્તુળ રચાયું, જે વિયેના સર્કલ તરીકે જગપ્રસિદ્ધ બન્યું. આ વર્તુળની ચર્ચાઓ, સેમિનારોમાં યુરોપભરના બીજા બૌદ્ધિકો પણ જોડાયા. સર્કલનો જીવનકાળ માત્ર ૧૨ વર્ષનો રહ્યો. હિટલરના જર્મનીમાં સત્તારોહણ થવાના સમયે જ ૧૯૩૬માં સર્કલ વિખરાઇ ગયું કારણ કે સર્કલના મોટા ભાગના સભ્યો યહુદીવંશના હોવાથી વિયેના છોડવામાં જ સલામતી હતી.

## કાર્નેપની પ્રાકૃતિક અર્થની થિયરી (Naturalistic theory of meaning)

મેટાફિઝીક્સને ઊથલાવી પાડવાનો આ પહેલાં ક્યારેય થયો ના હોય તેવો મોટો પ્રયત્ન વિયેના સર્કલે કર્યો. વિટગેનસ્ટીનના પ્રખ્યાત પુસ્તક Tractatus (૧૯૨૨)માં મેટાફિઝીક્સ ઉપર હલ્લો બોલાવાયો. પુસ્તકમાં વિટગેનસ્ટીને તેની Theory of Meaning - અર્થની થિયરી પ્રતિપાદિત કરી. તેના પટ્ટશિષ્ય રૂડોલ્ફ કાર્નેપે અને બીજાઓએ અર્થની થિયરીને પૂરો ઓપ આપ્યો. તેને Naturalistic Theory of Meaning - પ્રાકૃતિક અર્થની થિયરી પણ કહી શકાય.

તેના પ્રમાણે ભાષામાં વ્યકત થતું કોઇપણ વિધાન અર્થસભર (meaningful) છે કે અર્થહીન (meaningless) તે કુદરતી રીતે જ વાસ્તવિક હકીકતના પ્રત્યક્ષ અનુભવ (immediate experience)ના આધારે જ નક્કી થઇ જાય છે, જે રીતે વૃક્ષ લીલું છે કે નહીં તે કુદરતી રીતે જ પ્રત્યક્ષ અનુભવે નક્કી થઇ જાય છે. વળી વૃક્ષ લીલું છે કે નહીં તે નક્કી કરવા કોઇ પરંપરાગત (conventional) નિયમોની જરૂર નથી તે જ પ્રમાણે વિધાનની અર્થસભરતા કે અર્થહીનતા નક્કી કરવા કોઇ પ્રણાલીગત નિયમોની જરૂર નથી. જોવા જઇએ તો કુદરતી અર્થની આ થિયરીમાં મૂળતત્ત્વવાદ (essentialism)નો સિદ્ધાંત જ રહેલો છે - કોઇપણ ચીજને તેનું મૂળસ્વરૂપ કે તત્ત્વ હોય છે, તે પકડાઈ જાય પછી વધારે સમજવાની કોઇ જરૂર રહેતી નથી.

કાર્નેપે વિટગેનસ્ટીનનો verifiability criterion of meaning - ''અર્થની કસોટી (માનદંડ) એટલે પ્રમાણિતતા''નો સિદ્ધાંત સ્વીકાર્યો. તદ્અનુસાર વાક્ય જેવી દેખાતી કોઇ રચના એટલે કે શબ્દોની સેર અર્થસભર વાક્ય ત્યારે જ બને જ્યારે તે નીચેની ત્રણ શરતો પરિપૂર્ણ કરે.

(અ) તેમાં વપરાયેલા બધા જ **શબ્દો અર્થસભર** હોય.

(બ) વપરાયેલા બધા જ **શબ્દો એકબીજા સાથે યોગ્ય રીતે બંધબેસતા હોય.**

(ક) **પ્રમાણિતતા** વર્ણવું તે પહેલાં (અ) અને (બ)નો થોડો વિસ્તાર કરીએ.

### (અ) શબ્દો અર્થસભર

હોબ્સ અને બર્કલીના સમયથી જ શબ્દોની સેર બનાવતા કોઇ પણ વાક્યનો એક પણ શબ્દ અર્થહીન હોય તો તે સેર જ અર્થહીન બની

જાય છે. વિટગેનસ્ટીને આ જ સિદ્ધાંતને ફરીથી લાગુ કરતાં કહ્યું, ''ફિલોસોફીની સાચી રીત જ એ છે કે. . .જ્યારે કોઇ વ્યક્તિ . . .કાંઇક મેટાફિઝીક્સ બોલે તેને દર્શાવી આપવું કે તેણે કરેલા વિધાનમાં કોઇ ચોક્કસ સંજ્ઞાને અર્થ આપ્યો નથી.''

હોબ્સે અને બર્કલીએ શબ્દોને અર્થસભર ત્યારે જ ગણેલા જ્યારે તે કોઇ અવલોકાયેલા અનુભવ કે ઘટના સાથે સંબંધ ધરાવતા હોય. વિટગેનસ્ટીને વિજ્ઞાન માટે આટલું સ્પષ્ટ કહ્યું નથી. પરંતુ **કાર્નેપે ચોખ્ખું જ કહ્યું કે વિજ્ઞાનની દરેક વિભાવના-શબ્દ (concepts-word)ને (મારા પોતાના) અવલોકાયેલાં કે અનુભવાયેલાં સંવેદનોના આધારે જ વ્યાખ્યાબદ્ધ કરી શકાય. આ રીતે વ્યાખ્યાબદ્ધ થયેલી વિભાવનાઓ જ તે constituted – રચાયેલી ગણે છે. આ અર્થમાં મેટાફિઝીકસનાં વિધાનો રચી શકાતાં નથી (cannot be constituted).**

### (બ) વાક્યોનાં સ્વરૂપ - શ્રેણીની ભૂલો (category mistakes)

આ શરતનું મૂળિયું બર્ટ્રાન્ડ રસેલમાં નીકળે છે. તેણે કહેલું કે જો અમુક **(તાર્કિક) વિરોધાભાસો–પેરાડોક્ષને ટાળવા હોય તો વિધાનો જેવાં દેખાતાં શબ્દોનાં અમુક સંયોજનોને માત્ર ખરાં ખોટાં નહીં, અર્થહીન જ કહેવાં જોઇએ. Theory of types તરીકે પંકાયેલી તેની થિયરી પ્રમાણે કહેવાતાં વાક્યોમાં વપરાયેલા શબ્દો સાવ જુદાં જ ક્ષેત્રો (spheres)નાં હોય અને જુદાં જુદાં ક્ષેત્રોના શબ્દોની ભેળસેળ જોવાની ચૂકી જઇએ તો પેરાડોક્ષના ગોટાળાઓ સર્જાય અને મિથ્યા વિધાનો (pseudo-sentences) સર્જાય. કાર્નેપ પ્રમાણે આવી સેળભેળ જ મેટાફિઝીકલ અર્થહીનતા (non-sense) સર્જે છે.** પાછળથી આવી સેળભેળ શ્રેણીની ભૂલો (category mistake) તરીકે ઓળખાઇ. કાર્નેપ કહે છે કે ''મારા પોતાના અનુભવો''; ''ભૌતિક પદાર્થો''; અને ''અન્યોના અનુભવો'' બધા જ શબ્દો જુદાં જુદાં ક્ષેત્રો (spheres)ના કે વર્ગ (types)ના કે શ્રેણી (category)ના છે. આ બધાની સેળભેળ કરી દઇએ તો અર્થહીન મિથ્યા વિધાનો (pseudo propositions) કે અર્થહીન મિથ્યા પ્રશ્નો (pseudo problems) જ નીપજે.

### (ક) ની શરત - પ્રમાણિતતા (verifiability)

હવે આની સાથે (ક)ની શરતને જોડી દઇએ તો ''અર્થની થિયરીની કસોટી (માનદંડ) પ્રમાણિતતા (verifiability)'' સ્પષ્ટ દેખાઇ જાય. કહેવાતું **વિધાન અસલી (genuine) ત્યારે જ બને જ્યારે તેને અનુભવો કે સંવેદના દર્શાવતાં પ્રાથમિક (આણ્વિક- atomic) સાદાં વિધાનોમાં ફેરવી શકાય (Reduced to atomic propositions), કે પછી આવાં પ્રાથમિક વિધાનોમાંથી તેને તારવી શકાય (deduced from atomic propositions).** બીજા શબ્દોમાં કહીએ તો કોઇપણ વિધાન અર્થસભર ત્યારે જ બને જ્યારે તે કોઇ અવલોકન આધારિત વિધાન સાથે સંબંધ ધરાવતું હોય અને આ અવલોકાયેલાં વિધાનોની સત્યતામાંથી તેની સત્યતા મેળવતું હોય. **આવાં અવલોકાયેલાં વિધાનો (observation statements)ને કાર્નેપ protocol statements કહે છે.** આવાં સાચાં-પ્રમાણિત થયેલાં પ્રોટોકોલ વિધાનોનો હવાલો આપી શકે તે જ વિધાનો અર્થસભર (meaningful) ઠરે છે, એટલે કે તેમને પ્રમાણિત (verify) કરી શકાય છે. Meaningfulness is verification આ છે. વિટગેનસ્ટીને પ્રાથમિક (atomic) વિધાનોની બીજી એક લાક્ષણિકતા વર્ણવતાં કહેલું કે તે ''વાસ્તવિકતાનાં ચિત્રો'' સમ હોવાં જોઇએ (picture theory of reality). આ ચિત્ર-થિયરીએ કવોન્ટમ મિકેનીક્સના અર્થઘટનમાં સર્જાયેલા ગુંચવાડામાં મહત્ત્વનો ભાગ ભજવેલો. અત્યારે તેને અહીં છોડીશું.

કાર્નેપની કુદરતી અર્થની થિયરીમાં વાક્યોમાં વપરાયેલા શબ્દોમાં જ નીહિત રૂપે જ (મૂળતત્ત્વરૂપ) અર્થસભરતા કે અર્થહીનતા રહેલી હોય છે. મેટાફિઝીકલ કે મિથ્યા વિધાનો તેની જાતે જ તાર્કિક રીતે જ આપોઆપ જુદાં પડી જાય છે, જેને ખારીજ કરી શકાય છે. મેટાફિઝીક્સ સામે આરપારનો જંગ છેડીને તેનો ખાત્મો જ બોલાવી દેવાની મુખ્ય નેમ ધરાવતી વિયેના સર્કલની પોઝિટીવીઝમની થિયરીનાં પરિણામો વિજ્ઞાન માટે કેટલાં ગંભીર આવ્યાં તે જોઇએ.

### વિજ્ઞાન (મિથ્યા - વાકયો) – સાધન માત્ર

અર્થસભરતાની થિયરીને લાગુ કરીને વિટગેનસ્ટીને હ્યુમના ઇન્ડકશનના પ્રશ્નનો પર્દાફાશ કરતાં કહ્યું કે આ તો મિથ્યા પ્રશ્ન (pseudo-problem) છે. તેના શિષ્ય શ્લીકે સ્પષ્ટ કર્યું : ઇન્ડકશનના પ્રશ્નમાં સવાલ એ છે કે વાસ્તવિકતા વર્ણવતાં સાર્વત્રિક નિયમોનાં વિધાનોને તાર્કિક રીતે ન્યાયોચિત ઠેરવવાં કઇ રીતે . . .અમે હ્યુમ સાથે એ બાબતમાં સહમત છીએ કે આવી કોઇ ન્યાયોચિતતા છે નહીં, હોઇ ના શકે કારણ એ કે આ બધાં વિધાનો અસલી (genuine) અર્થસભર વિધાનો છે જ નહીં.

વિટગેનસ્ટીન - શ્લીક માટે આ વિશિષ્ટ પ્રકારનાં મિથ્યા વાકયો વાસ્તવમાં તર્કમાં વપરાતા તારવણીના નિયમો (Rules of infercence) છે. આ નિયમોની મદદથી એક પ્રકારનાં અસલી વ્યક્તિગત અવલોકન વાક્યો (genuine singular observation statements) જે

આધારવાક્યો (premises) છે, તેમને બીજા પ્રકારનાં અસલી વ્યક્તિગત અવલોકનવાક્યો – વર્તારા (predictions)માં ફેરવી શકાય છે. દાયકાઓ પહેલાં મીલે પણ તેના તર્કના પુસ્તકમાં વિજ્ઞાનના નિયમોને આવી જ કોઇ ભૂમિકા આપેલી – All inference is from particular to particular (બધી જ તારવણી એક વ્યક્તિગત વિધાનને બીજા વ્યક્તિગત વિધાનમાં ફેરવે છે.) મેટાફિઝીકસનો ધ્વંસ કરવા જતાં પોઝિટીવીઝમના માંધાતાઓએ વિજ્ઞાનના નિયમોને મિથ્યા વાક્યો કહીને ફગાવી દીધાં, પરંતુ તેની સાથે જ વિજ્ઞાનને સાધનવાદી ફીલોસોફીમાં ઢાળી દીધું. અર્થની થિયરીએ મચાવેલા કાળા કેરની વધુ વિગતો હવે જોઇશું.

### ભૌતિકવાદ અને ભૌતિકવાદી ભાષા (physicalist language)

કાર્નેપે તેની થિયરીને બદલવાનો પ્રયત્ન કર્યો. તેની ચર્ચા અતિશય ટેકનિકલ અને લાંબી છે. તેમાં ના જતાં તેણે દાખલ કરેલા બે સુધારાઓ ઉપર એક ઝડપી નજર નાખી લઇશું. જુદાં જુદાં ક્ષેત્રો (spheres)ની સેળભેળ થઇ જતાં રચાતી શ્રેણીની ભૂલો (category mistakes)ને ટાળવા તેણે અને સાથી ન્યૂરથે (Newrath) ભૌતિકવાદ (physicalism) અને ભૌતિકવાદી ભાષા (physicalist language)ની થિસીસ અપનાવી. આ થિસીસ મુજબ બધાં જ ક્ષેત્રોનું રૂપાંતર (reduced to) એક જ ક્ષેત્ર - ભૌતિકવાદ (physicalism)માં કરવામાં આવે અને તેને અનુરૂપ ભાષા (physcicalist language) રચવામાં આવે. જે એક સર્વસામાન્ય (Unified) ભાષા બને. આ ભાષામાં ભૌતિક પદાર્થો અને તેમની સ્થળ-કાળમાં થતી ગતિઓ વિશે જ કહેવામાં આવે. બધું જ આ ભાષામાં કહેવાય અથવા તો તેમાં જ તેનો તરજુમો કરવામાં આવે. આ રીતે મનોવિજ્ઞાન, ભૌતિકવાદી વર્તનવાદ (Behaviourism)માં ફેરવાઇ ગયું. મનુષ્યને કે પ્રાણીઓને લગતા મનોવિજ્ઞાનના દરેક અર્થસભર વિધાનનો તરજુમો ભૌતિક શરીરો, વસ્તુઓની સ્થળ-કાળમાં થતી ગતિવિધિઓ દર્શાવતાં વિધાનોમાં કરવામાં આવે. આ બધાંની પાછળ રહેલું વલણ સ્પષ્ટ હતું. મનુષ્યના અંતરાત્મા (soul)ને લગતાં કે ઇશ્વરને લગતાં બધાં જ વિધાનોને અર્થહીન બનાવી દેવામાં આવે. પરંતુ આવું ઉદ્દામવાદી પગલું લેવા જતાં મનુષ્યમાત્રને અનુભવાતાં કલ્પનો, પ્રેરણાઓ, પ્રેમ, ધિક્કાર, નિસબત, ચિંતાઓ, ખાટી-મીઠી લાગણીઓ - ઇર્ષ્યાભાવોને અને તેની બધી જ ભાષાકીય અભિવ્યક્તિઓને પણ અર્થહીન બનાવી દેવાઇ. મેટાફિઝીકસના વિરોધીઓનું ભૌતિકવાદી ઝાડુ એક તરફ વધારે પડતી સફાઇ કરતું હતું, તો બીજી તરફ એક મહત્ત્વની બાબતે અધૂરું ભૌતિકવાદી પુરવાર થતું હતું.

માત્ર (વ્યક્તિગત) અવલોકનોનાં વિધાનો (observation statements – protocol statements)ની કસોટીએ ખરાં ઉતારાતાં અર્થસભર વિધાનો છેવટે તો વ્યક્તિપરસ્ત (Subjective) સંવેદનો ઉપર આધારિત બની જાય છે. આ સંવેદનોને આધારરૂપ માનતી ભૌતિકવાદી થિયરીઓ માને છે કે આપણે ''આપણા તત્ક્ષણ અનુભવોમાંથી જ'' ''વિજ્ઞાનનું બાહ્ય જગત'' રચીએ છીએ. આ એક ઘર કરી ગયેલો ઊંડો પૂર્વગ્રહ છે. કારણ કે આપણે તો આપણાં અંગત અવલોકનો, અનુભવોનો પણ વિશ્વાસ કરવાનો નથી. સિવાય કે આપણે વિશ્વાસપૂર્વક કહી શકીએ કે તે આંતરવ્યક્તીય ચકાસણી (inter subjective testing) એ ખરાં ઊતર્યાં છે. (લેખના પાછળના ભાગમાં વધુ ચર્ચા કરી છે.)

### કાર્લ પોપરનો પ્રવેશ

વિયેના સર્કલ તેના ટૂંકજીવી અસ્તિત્વ દરમ્યાન જ્ઞાનમીમાંસા ઉપર તેના લાંબા ગાળાનો પ્રભાવ નાંખી રહ્યું હતું તે જ વરસોમાં કાર્લ પોપરનો પ્રવેશ થયો. બહુ ટૂંકા સમયમાં વિયેના જ્ઞાન–વિજ્ઞાન, કળાના રેનેસાંના એક ભવ્ય કેંદ્ર તરીકે વિલય પામવાનું હતું. બાળ પોપરનું આખું વાતાવરણ પુસ્તકો, ચર્ચાઓ, સંગીત અને ફિલોસોફીથી તરબતર હતું. શાળાના રસહીન વાતાવરણથી અને જડ ચોકઠાથી ત્રાસીને પોપરે માધ્યમિક શાળા છોડી, ત્યાર બાદનું બધું જ શિક્ષણ જાતે જ કર્યું. તેની ઇચ્છા હતી માધ્યમિક શાળાના શિક્ષક તરીકે ગણિત-વિજ્ઞાન ભણાવવાની અને બની ગયો ૨૦મી સદીનો વિજ્ઞાનનો એક મહાન મૌલિક ફિલોસોફર.

પહેલું વિશ્વયુદ્ધ ખતમ થયું, ઓસ્ટ્રીયો–હંગેરિયન સામ્રાજ્ય ટુકડાઓમાં વહેંચાયું, ઓસ્ટ્રીયા ઠંડા-ગરમ આંતરવિગ્રહના આરે આવીને ઊભું હતું, ફુગાવો માઝા મૂકી રહ્યો હતો અને કેટલાય પરિવારો તેમની જીવનભરની કમાણી રાતોરાત ધોવાઈ જતી જોઇ રહ્યા હતા. વિયેનામાં અછતનું સામ્રાજ્ય જામી ગયું હતું. આવા કપરા સંજોગોમાં પોપરે શાળા છોડી અને ઘર પણ, કારણ કે પોતાનો રસ્તો પોતે જ કાઢવો હતો. ગણિત-ભૌતિક વિજ્ઞાનના અનંત વિશ્વમાં તે ડૂબી રહ્યા હતા. પ્રથમ વિશ્વયુદ્ધ પૂરું થયાનું ૧૯૧૯નું એ વરસ હતું. બ્રિટીશ વિજ્ઞાની એડીંગ્ટન પ્રશ્ચિમ આફ્રિકા નજીકના એટલાંટિકના એક ટાપુ ઉપર આઇનસ્ટાઇન વિ. ન્યૂટનની ગુરુત્વાકર્ષણની થિયરીને ચકાસી રહ્યો હતો. આઇનસ્ટાઇને સામે ચાલીને જ તેની અતિ અમૂર્ત ગણિત પ્રચુર થિયરીની ચકાસણી સૂચવી હતી. તેણે થિયરીમાંથી એક એવી ઘટનાની આગાહી કરી હતી અને કહ્યું હતું કે જો આમ ના બને તો તેની થિયરી ખોટી પુરવાર થાય. ન્યૂટનની સર્વસ્વીકૃત થિયરી પ્રમાણે આ ઘટના બનવી અસંભવ હતી. એડીંગ્ટને તેના સુક્ષ્મ માપણીના પ્રયોગના અંતે જાહેર

કર્યું કે આઇનસ્ટાઇનની આગાહી સાચી પુરવાર થઇ હતી; ન્યૂટનની થિયરી સચોટ રીતે ખોટી પુરવાર થઈ હતી. એક અકલ્પનીય ઘટના બની ગઇ હતી. જાણકારોમાં તો જાણે એક સન્નાટો છવાઇ ગયો, ઉત્તેજનાનો એક કરંટ વિજ્ઞાનમાં ફેલાઇ ગયો. ભૌતિક વિજ્ઞાનની ગહન દુનિયામાં ડૂબી ચૂકેલા ૧૭ વર્ષના કુમળા પોપરના ગ્રહણશીલ ચિત્તતંત્ર ઉપર આની અકલ્પનીય અસર થઇ. પોપરની વિચારપદ્ધતિમાં એક મહાન નિર્ણાયક વળાંક આવી ગયો.

### સાચી અવલોકનમૂલક (empirical) પદ્ધતિ કઈ ?

આ જ સમયગાળામાં પોપર એક તરફ સાયમન ફ્રોઇડ અને આલ્ફ્રેડ એડલરની મનોવૈજ્ઞાનિક થિયરીઓ તરફ ખેંચાઇ રહ્યો હતો; અને બીજી તરફ માર્કસ વિચારસરણી તરફ પણ અદમ્ય ખેંચાણ અનુભવી રહ્યો હતો. મનમાં વિચારોનું એક તોફાન જ મચેલું. બળતણના લાકડાના દુકાળના કારણે શીતગારમાં ફેરવાવા માંડેલા વિયેનાની ૧૯૧૯ની એ પાનખરમાં તેના મનમાં એક સવાલ ધીમે ધીમે આકાર લેવા માંડયો : ''થિયરી વૈજ્ઞાનિક ક્યારે શરૂ થઇ ગણાય?'' કે ''થિયરી વૈજ્ઞાનિક છે તે તેના કયા લક્ષણ ઉપરથી નક્કી કરવું જોઇએ?''

હજી તો ક્ષેત્રમાં ડગ માંડ મૂક્યું છે અને કહે છે કે ''જે સવાલ મને સતત સતાવતો હતો તે એ ના હતો કે થિયરીને સાચી ક્યારે કહેવી? એ પણ નહીં કે તે સ્વીકાર્ય ક્યારે બને છે? '' તેના માથા ઉપર બસ એક જ ધૂન સવાર થયેલી હતી કે વિજ્ઞાન અને મિથ્યા વિજ્ઞાન (pseudo science) વચ્ચે ભેદ કેવી રીતે કરવો; જ્યારે એ સર્વવિદીત હતું કે વિજ્ઞાન વખતોવખત ભૂલ કરે છે અને મિથ્યા વિજ્ઞાન ક્યારેક ઠોકરો ખાઇને સત્યની નજીક પહોંચી જાય છે.

આ સવાલનો પ્રચલિત જવાબ શોધાતો હતો અવલોકનોમાંથી શરૂ કરતી ઇન્ડકશનની અવલોકનમૂલક (empirical) રીતમાં. પરંતુ તેનાથી તેને ઘેરો અસંતોષ હતો. પ્રશ્નની જડ ખરેખર તો એમાં હતી કે પ્રથમદર્શીય રીતે જ કહેવાતી અવલોકનમૂલક પદ્ધતિ (empirical methods) પ્રશ્નથી પર ના હતી. વ્યવહારમાં સાચી અને મિથ્યા અવલોકનમૂલક પદ્ધતિ જોવા મળતી હતી. બે વચ્ચે ભેદ કેવી રીતે કરવો? અવલોકનોનો દેખીતો ઉપયોગ ભરપૂર માત્રામાં કરીને જ્યોતિષશાસ્ત્ર, કુંડળીશાસ્ત્ર (આપણે વાસ્તુશાસ્ત્રને ઉમેરી શકીએ) તેની સાચી આગાહીઓ કરી શકવાની શક્તિના દાવાઓ આગળ કરતું હતું. (હજી આજે પણ કરે જ છે.) પરંતુ તેમને વૈજ્ઞાનિક ધોરણોની કક્ષામાં મૂકી ના શકાય. પોપરને મૂંઝવતો પ્રશ્ન જ્યોતિષશાસ્ત્રના દાવાઓને કેવી રીતે સંભાળવા, તેનો ના હતો.

તેની મૂંઝવણનું કારણ ફ્રોઇડ અને એડલરની મનોવૈજ્ઞાનિક થિયરીઓમાં અને માર્કસવાદની સમાજવિજ્ઞાનની થિયરીમાં રહેલું હતું. આ ત્રણેય થિયરીઓ વૈજ્ઞાનિક હોવાનો દાવો તો જોરશોરથી કરતી હતી પરંતુ તેમના વિશે એક બેચેનીભરી સંદિગ્ધતા અનુભવાતી હતી. ન્યૂટનની અને વિશેષ કરીને આઇનસ્ટાઇનની સાપેક્ષવાદની થિયરીઓ આ ત્રણ થિયરીઓથી જુદી કેમ પડી જતી હતી? શેમાં હતી આ જુદાઇ?

આ સવાલોનું મહત્ત્વ સમજવા યુદ્ધગ્રસ્ત ઓસ્ટ્રીયાનો ૧૯૧૯નો બૌદ્ધિક માહોલ સમજવો જરૂરી છે. આઇનસ્ટાઇનની ગુરુત્વાકર્ષણની થિયરીઓનો સ્વીકાર કરનાર ભૌતિક વિજ્ઞાનીઓ ત્યારે ગણ્યા-ગાંઠયા હતા. ન્યૂટનની થિયરીને જ સાચી માનનારાઓ પ્રચંડ બહુમતીમાં હતા. એટલે ત્રણ થિયરીઓની સચ્ચાઇ ઉપર શંકા કરવાનો કોઇ સવાલ જ ઊઠતો ના હતો. એ પણ સવાલ ના હતો કે ન્યૂટન - આઇનસ્ટાઇનની થિયરીઓ ગણિતમય હોવાથી વધારે ચોક્કસ હતી, જ્યારે સમાજવિજ્ઞાનની કે મનોવિજ્ઞાનની થિયરીઓ અચોક્કસ હતી. ઉચાટ એ વાતનો હતો કે આ ત્રણેય થિયરીઓ પેશ આવતી હતી વૈજ્ઞાનિક થિયરીઓ તરીકે પરંતુ પુરાણ કથાઓમાંની કલ્પિત વાર્તાઓ (myths)ને મળતી વધારે આવતી હતી; ખગોળશાસ્ત્રીય કરતાં જ્યોતિષશાસ્ત્રીય વધારે લાગતી હતી.

પોપરના મોટા ભાગના મિત્રો માર્કસ, ફ્રોઇડ અને એડલરની થિયરીઓની સમજાવી શકવાની ઊંચી ક્ષમતા (explanatory power)થી ઘણા પ્રભાવિત હતા કારણ કે આ થિયરીઓ તેમના ક્ષેત્રમાં બનતી લગભગ દરેક ઘટનાને સમજાવી શકતી હતી. આ થિયરીઓની બારીક આંટીઘૂંટીઓમાં એક વાર પ્રવેશ મેળવી લો એટલે જાણે કે સાક્ષાત્કાર થઇ ગયો હોય અને ધર્મ પરિવર્તન થઇ ગયું હોય તેવો નક્કર અનુભવ કરાવે. પછી તો જ્યાં નજર નાંખો ત્યાં થિયરીની પૂર્તિ કર્યા કરતી ઘટનાઓ જ જોવા મળ્યા કરે. જાણે કે આખું જગત થિયરીઓને પ્રમાણિત (verify) કરતા પુરાવાઓથી ઊભરાતું લાગે. કાંઇ પણ બને તે થિયરીની પૂર્તિ જ કરે. આખી પરિસ્થિતિનું આંખે ઊડીને વળગતું લક્ષણ એ જોવા મળતું કે ચોતરફથી આવતાં અવલોકનોનો અવિરત પ્રવાહ થિયરીને સતત પ્રમાણિત જ કરતો રહેતો અને થિયરીમાં માનનારાઓ આ હકીકતની જીકર કરવાનું ચૂકતા નહીં. કોઇપણ માર્કીસ્ટ સમાચારપત્ર ખોલે અને દરેક પાના ઉપર ઇતિહાસનું અર્થઘટન કરતી તેમની થિયરીનું સમર્થન કરતી ઘટનાઓનાં વર્ણન કે ઉલ્લેખ જુએ નહીં તેમ બને નહીં. ફ્રોઇડીયન્સ વળી એમ કહે કે કલીનિકમાં તેઓ સતત તેમની થિયરીઓનું સમર્થન કરતા પુરાવાઓ જોયા જ કરે છે. એડલરીયન પણ એમ જ કહે. વળી,

એક જ બનાવને ત્રણેય થિયરીઓ તેમનામાં બંધબેસતી બતાવી શકે. ક્યારેય કોઇપણ એવી ઘટના બને જ નહીં જે તેમની થિયરીથી વિપરીત હોય. (આમ થવું સ્વાભાવિક હતું કારણ કે આપણું દરેક અવલોકન આપણી સભાન કે અભાન થિયરીઓથી રંગાયેલું હોય છે.) થિયરીના પ્રશંસકો આમાં થિયરીની ખરી તાકાત જોતા. જ્યારે પોપર વિચારતો કે આ તો ખરેખર થિયરીની મોટી નબળાઇ છે.

આની તુલનામાં આઇનસ્ટાઇનની થિયરી સાવ જુદી જ ભાત પાડીને અલગ તરી આવતી હતી. આઇનસ્ટાઇનની થિયરીનો એક વર્તારો એ હતો કે દૂરના તારાઓમાંથી આવતાં પ્રકાશનાં કિરણો સૂર્ય જેવા મહાકાય ગોળાની નજીકથી પસાર થાય ત્યારે તે પણ સૂર્યના ગુરુત્વાકર્ષણ બળથી તેના તરફ આકર્ષાય છે અને તેમનો માર્ગ બદલે છે. આવી રીતે વળતાં પ્રકાશનાં કિરણો કેટલા ખૂણે વળતાં હશે તેનો પણ ચોક્કસ વર્તારો થિયરી કરતી હતી. પ્રકાશનું આ રીતે ગુરુત્વાકર્ષણ બળ નીચે વળવું તે ન્યૂટનની પ્રચલિત થિયરીમાં કોઇ રીતે બંધબેસતું આવતું ના હતું. પ્રથમ વિશ્વયુદ્ધના કારણે થિયરીની ચકાસણી લંબાઇ. પરંતુ ૧૯૧૯ માં યુદ્ધ પૂરું થયું અને તરત જ બ્રિટીશ ભૌતિક વિજ્ઞાની એડીંગ્ટને આ થિયરીની ચકાસણી કરી અને જાહેર કર્યું કે પ્રકાશનાં કિરણો સૂર્યના ગોળાની હાજરીમાં થિયરીએ કરેલા વર્તારા પ્રમાણે ચોક્કસ ખૂણે વળતાં હતાં. ન્યૂટનની થિયરીએ સેંકડો વરસના તેના અસ્તિત્વમાં સૌ પ્રથમ આવી નિર્ણાયક પછડાટ ખાધી. આઇનસ્ટાઇને થિયરીની અંતર્ગત જ આવો પ્રથમદર્શીય રીતે અસંભવિત લાગતો ચોક્કસ વર્તારો કરીને તેની થિયરી ખોટી પડે તેવું મોટું જોખમ સ્વીકારી લીધું હતું. સામે ચાલીને આઇનસ્ટાઇને પોતાની ગરદન જલ્લાદની તલવાર નીચે ધરી દીધી હતી. આઇનસ્ટાઇને પોતાની થિયરી માટે શું કહેલું ? જો સૂર્યની નજીકથી પસાર થતા તારાનાં કિરણો નિર્ધારિત ખૂણે વળતાં અવલોકી ના શકાય તો તેની થિયરી ખોટી પુરવાર થાય!

યુવાન પોપરના હજી તો ખીલી રહેલા સંવેદનશીલ ચિત્તતંત્ર ઉપર માર્કસ, ફ્રોઇડ અને એડલરની થિયરીઓ અને આઇનસ્ટાઇનની થિયરી વચ્ચેની લાક્ષણિકતાના મૂળભૂત તફાવતે અમીટ અસર ઊભી ના કરી હોય એવું કેમ બને?

### અવલોકનમૂલકતા (empirical)ને લગતાં તારણો

ન્યૂટન-આઇનસ્ટાઇનની થિયરીઓ વચ્ચેનો ટકરાવ વિજ્ઞાનના ઇતિહાસની એક બહુ મોટી નાટકીય અને ક્રાંતિકારી ઘટના છે. ૧૯૧૯-૨૦માં પોપર કેંદ્રીય તારણો ઉપર પહોંચ્યો જે તેના માટે જીવનભર ધ્રુવતારકસમ બની રહ્યાં. ૨૩ વરસ પછી આ તારણોની ફેરમાંડણી કરતાં કહ્યું :

૧. કોઇપણ થિયરીને સાબિત કરવી આસાન છે. તેને પ્રમાણિત (verify) કરતા પુરાવાઓ સહેલાઇથી મળી આવે.

૨. કોઇપણ ઘટના થિયરીનું સમર્થન કરતી તો જ ગણાવી જોઇએ જો તે જોખમી વર્તારાનું પરિણામ હોય. એટલે કે જો તે થિયરી વિશે આપણે અંધારામાં હોત તો આપણે પ્રસ્તુત ઘટનાની નહીં પરંતુ સ્વાભાવિક ક્રમમાં બીજી જ ઘટનાની અપેક્ષા રાખી હોત, જે થિયરી સાથે સુસંગત ના હોત અને જેણે થિયરીને ખોટી ઠેરવી હોત.

૩. દરેક ''સારી'' વૈજ્ઞાનિક થિયરી બંધીઓ ફરમાવે છે. અમુક ઘટનાઓ કે વસ્તુઓના હોવા-બનવા ઉપર તે પ્રતિબંધ લાદે છે. થિયરી જેટલા વધારે પ્રતિબંધો લાદે તેટલી તે વધારે સારી કહેવાય. (માર્કસ કે ફ્રોઇડની થિયરીઓ કોઇ પણ શક્યતઃ બનાવથી ખોટી નથી પડતી પરંતુ જો ચાથી ભરેલો પ્યાલો અચાનક જાતે જ ગોળગોળ ફરવા માંડે, કે ડોલવા માંડે તો ન્યૂટનનું યંત્રવિજ્ઞાન તરત જ ખોટું ઠરે અને સવિશેષમાં તો ચા ઢોળાઇ ના જાય તો !)

૪. જો થિયરીને કોઇપણ કલ્પી શકાતા બનાવથી ખોટી પુરવાર ના કરી શકાય તો તેને બિનવૈજ્ઞાનિક (non-scientific) ગણવી. થિયરીને ખોટી ના પાડી શકાય તે તેનો સદ્ગુણ નથી પણ દુર્ગુણ છે.

૫. થિયરીની ચકાસણી કરતી કોઇપણ કસોટી સાચી ત્યારે જ કહેવાય જ્યારે કસોટીની નેમ થિયરીનું ખંડન (Refute) કરવાની હોય. ચકાસી શકવાની ક્ષમતા (testability)નો પર્યાય જ થિયરીની ખંડનીયતા (Refutability) છે. અલબત્ત, દરેક થિયરીની ચકાસી શકાવાની ક્ષમતા જુદી જુદી હોય છે. કોઇને બહુ કડક ધોરણોથી ચકાસી શકાય કારણ કે તે ખોટી પડવાની બહુ મોટી શક્યતાઓ ધરાવે છે. તે બીજી થિયરીઓ કરતાં ખોટા પડવાનું ઘણું વધારે જોખમ લે છે. તો કોઇ થિયરી વળી માંડ માંડ ચકાસી શકાય છે. (વળી એ પણ ખરું જ કે જે થિયરીની ચકાસી શકાવાની શકયતા ઊંચી તે થિયરી વધારે પસંદગીને પાત્ર).

૬. થિયરીને સમર્થન આપતો (confirming) પુરાવો તે જ ગણાય જે થિયરીની ઉપર વર્ણવી તેવી સાચી કસોટીનું પરિણામ હોય. એનો અર્થ એ કે આ પુરાવો દર્શાવે છે કે થિયરીને ખોટી પાડવાનો ગંભીર પ્રયત્ન નિષ્ફળ ગયો છે. આવી કડક તાવણીમાંથી બહાર નીકળેલા સાચા પુરાવાને પોપર પુષ્ટિ આપતો પુરાવો (corroborating evidence) કહે છે. (પણ થિયરી પુરવાર થતી નથી.)

૭. સાચા અર્થમાં ચકાસી શકાવા માટે સક્ષમ થિયરી જ્યારે ચકાસણીમાં ખોટી પુરવાર થાય છે ત્યારે તેના ટેકેદારો ઘણી વાર થિયરીને વળગી રહેવા માંગે છે. તેઓ થિયરીનું તદર્થ (adhoc) નવું અર્થઘટન કરે છે અથવા તો કોઇ સહાયક-પૂરક પૂર્વધારણા તદર્થ રજૂ કરે છે જેથી ખોટા પાડતા પુરાવાથી થિયરીને બચાવી લેવાય. આવી વિધિ કરવાની હંમેશા શક્ય હોય છે. થિયરી ખોટી પડતી તો બચી જાય છે, પરંતુ તેની આકરી કિંમત ચૂકવીને. તે તેની વૈજ્ઞાનિકતાનું સ્થાન સદંતર ગુમાવે છે કે પછી વૈજ્ઞાનિકતાની માત્રામાં ધરખમ ઘટાડો અનુભવે છે.

## વિયેના સર્કલ વિ. પોપર - જ્ઞાનમીમાંસાના બે પ્રશ્નો — The Logic of Scientific Discovery

૧૯૨૦માં જ્યારે પોપર સ્વપ્રયત્ને અને ઊંડા ચિંતનના અંતે વૈજ્ઞાનિક થિયરી અને બિનવૈજ્ઞાનિક મેટાફિઝીકસ થિયરી વચ્ચે ભેદ કરતી કસોટીના તારણ ઉપર પહોંચી ગયો (ઇન્ડકશનનો પ્રશ્ન હવે પછીનો પ્રશ્ન હતો), ત્યારે તે એ છાપમાં હતો કે જે પ્રશ્ન તેને સતાવી રહ્યો હતો તેનો સાવ દેખીતો અને સાદો ઉકેલ તો મોટા મોટા વિજ્ઞાનીઓ અને ચિંતકોએ કયારનો ય શોધી કાઢયો હશે; તેને ભેદરેખાના સૂઝેલા ઉકેલના ઊંડા ફિલોસોફીકલ સૂચિતાર્થોનો કોઇ જ અણસાર ના હતો. તે તો હાથ ઉપરનો પ્રશ્ન ઊકલી ગયો તેની કામચલાઉ હળવાશ અનુભવતો હતો.

પરંતુ વસ્તુસ્થિતિ સાવ જુદી હતી તેનો સાચો અહેસાસ ૧૯૨૨માં વીટગેનસ્ટીનનું પુસ્તક બહાર પડયું અને તેને બહોળો આવકાર મળ્યો ત્યારે થયો. આપણે જોઇ ગયા કે વીટગેનસ્ટીન અર્થની થિયરી (Theory of meaning)ની મદદથી સમગ્ર મેટાફિઝીકસને જ અર્થહીન સાબિત કરીને તેનો ખાત્મો જ બોલાવવા માંગતો હતો, જેથી બાકી રહે તે બધું અર્થસભર અને રેશનલ. પોપરને તરત જ ખ્યાલ આવી ગયો કે ટ્રેઇન અવળા પાટે જ ચઢી ગઇ હતી. કદીય ફિલોસોફર થવા ના ઇચ્છતા અને જિંદગીભર ફિલોસોફર હોવા માટે ક્ષમાયાચના માંગતા પોપરે તેનાં બીજાં ૧૩ વર્ષ વિયેના સર્કલની ફિલોસોફીની આલોચના કરવા ઉપરાંત જ્ઞાનમીમાંસાના મૂળમાં રહેલા બે પ્રશ્નોના ઉકેલ શોધવામાં અને તે વિશે લખવામાં કાઢયાં. બે પ્રશ્નો હતા, વિજ્ઞાન-મેટાફિઝીકસ વચ્ચેની ભેદરેખાનો અને ઇન્ડકશનનો પ્રશ્ન. કાર્લ પોપરની બૌદ્ધિક જિંદગીમાં એક મોટો અણધાર્યો વળાંક આવી રહ્યો હતો. બે પ્રશ્નોને કેંદ્રમાં રાખીને તેણે જર્મન ભાષામાં બે ભાગનું એક દળદાર પુસ્તક લખ્યું. બીજા વિશ્વયુદ્ધના ભણકારા વાગી રહ્યા હતા, ચારે તરફ અશાંતિનાં વાદળાં ઘેરાવા માંડ્યાં હતાં. હીટલરના સત્તારોહણની ઘડીઓ ગણાઇ રહી હતી. ઓસ્ટ્રીયા નાઝી હકુમતમાં આવી જશે તે વિશે કોઇ શંકા હતી નહીં. આવા સંજોગોમાં પોપરે લખેલા દળદાર પુસ્તકને છાપવા કોઇ તૈયાર ના હતું. નાછૂટકે પોપરે પુસ્તકનું સંક્ષિપ્તિકરણ કરવાનું સ્વીકાર્યું. ૧૯૩૪ની પાનખરમાં તેનું જર્મન ભાષામાં લખાયેલું સંક્ષિપ્ત પુસ્તક - Logic der Forschung વિયેનામાં પ્રસિદ્ધ થયું. તેનું અંગ્રેજી ભાષાંતર થયું બીજાં ૨૫ વરસ પછી ૧૯૫૯માં. પુસ્તકનું નામ હતું The Logic of Scientific Discovery.

## વિજ્ઞાનની રીત (Method of science), એક અવિરત ખોજ

આ પુસ્તક The Logic લખવાનો પોપરનો મુખ્ય ઇરાદો વીટગેનસ્ટીન કે વિયેના સર્કલની થિયરીઓને રદિયો આપવાનો હતો જ નહીં. તેનો મુખ્ય હેતુ જ્ઞાનની થિયરી રજૂ કરવાનો હતો અને તેની સાથે ઘનિષ્ઠતાથી જોડાયેલી વિજ્ઞાનની રીત (Method of Science)નો વિસ્તાર કરવાનો હતો. જ્ઞાનને એક નવી જ દષ્ટિથી જોવાનો અહીં પ્રયત્ન હતો.

## ન્યાયોચિતતાકરણ (Justification) વિ. આલોચનાત્મકતા (Criticality)

હ્યુમથી લઇને મીલ, મેક સુધીના મોટાભાગના ફિલોસોફરોને મન જ્ઞાન એટલે છેવટે નિશ્ચિત (certain) થઇ ચૂકેલું, પુરવાર થયેલું (proven) જ્ઞાન હતું. ફિલોસોફરોનું બધું જ ધ્યાન મનુષ્યને સહજપ્રાપ્ત રોજિંદા જીવનના જ્ઞાન ઉપર હતું : બિલાડી ચટાઇ ઉપર બેઠેલી હતી; કે જુલીયસ સીઝરની હત્યા કરવામાં આવી હતી; કે ઘાસ લીલું હતું. જ્યારે ખરેખર રસપ્રદ જ્ઞાન તો એ હતું જેના ઉપર પ્રશ્નો ખડા થઇ ગયા હતા, જે સતત વિકસી રહ્યું હતું. પોપરની ખોજના કેંદ્રમાં સતત આવિષ્કાર પામતું જતું આ ગતિશીલ જ્ઞાન હતું. આવા જ્ઞાનની થિયરી શું હતી? વિજ્ઞાન આવું જ્ઞાન હતું જેમાં નીતનવા આવિષ્કારો થયા જ કરતા હતા. વિજ્ઞાનની જ્ઞાનખોજની થિયરી પોપરની ખોજના કેંદ્રસ્થાને હતી. સદાય પ્રશ્નોથી ઘેરાયેલું, સતત પરિવર્તનશીલ જ્ઞાન ''આખરે નિશ્ચિત થઇ ચૂકેલું

જ્ઞાન - settled knowledge'' તો હોઇ જ  કેવી રીતે શકે? ધીમે ધીમે આ સ્થિતિની સમજ વિસ્તરી રહી હતી છતાં યે મોટાભાગનાને એ સ્વીકારવું અઘરું પડતું હતું કે વિજ્ઞાનના સર્વમાન્ય નિયમો પણ આખરે તો પરિકલ્પનાઓ (hypotheses) જ હતી. પ્રચલિત માન્યતા ત્યાં આવીને અટકી હતી કે પરિકલ્પના  (hypothesis) હજી પુરવાર નહીં થયેલી થિયરી હતી અને થિયરી, પુરવાર થઇ ચૂકેલી પરિકલ્પના હતી. થિયરી કહેવડાવવા માટે કાંઇક ન્યાયોચિતતા (justification) પૂરી પાડવી જરૂરી ગણાતી હતી. આઇનસ્ટાઇનની ક્રાંતિએ આ માન્યતાને હચમચાવી મૂકી. સદીઓ સુધી અગણિત કડક કસોટીમાંથી સફળતાપૂર્વક પાર ઊતરેલી ન્યૂટનની થિયરી પણ અસંદિગ્ધપણે ખોટી પુરવાર થતી હોય ત્યાર પછી બીજી કઇ થિયરી હોય જે સાચી થિયરીનું સ્થાન મેળવી શકે ? આ મુદ્દો કેન્દ્રમાં આવ્યો. વિજ્ઞાનની થિયરીઓ હરહંમેશ માટે અટકળો (speculations - conjectures) અને પુરવાર ના થવાની પરિકલ્પનાઓ જ રહેવા સર્જાયેલી હતી. મનુષ્યબુદ્ધિની પહોંચની મર્યાદાને સતત ઘૂંટતો અને છતાં ચાલુ રહેતી (કદાચ એટલે જ) જ્ઞાનની અવિરત ખોજનો વિચાર લઇને પોપર આગળ આવી રહ્યો હતો.

### 'The Logic'

પોપરે તેના The Logic...માં આખા પ્રશ્નની ઊંડી છણાવટ કરી અને તેની અંતર્ગત ભેદરેખાના પ્રશ્નનો પણ સંતોષકારક ઉકેલ સૂચવ્યો. આનાથી વિયેના સર્કલના પોઝિટીવીઝમના કેંદ્રીય સિદ્ધાંત - ''અર્થસભરતા એટલે પ્રમાણિતતા''ને સીધો જ પડકાર મળતો હતો. પોપર મેટાફિઝીકસની હકાલપટ્ટી નહીં પરંતુ ભેદરેખા દોરીને તેની સાથેના અનિવાર્ય ઉત્પાદક સહઅસ્તિત્વની સ્થિતિની અનિવાર્યતા ઘૂંટી રહ્યો હતો.

વિયેના સર્કલના ફીગલ, કાર્નેપ, શ્લીક જેવા મહારથીઓએ પોપરનાં અપ્રસિદ્ધ પુસ્તકોના ડ્રાફ્ટ વાંચ્યા અને તેની ઉપર તેમના પ્રતિભાવો, ખાસ કરીને કાર્નેપે, આપ્યા. તો ઘણા સભ્યોએ તેની અવગણના પણ કરી. આ બધાના અંતે કાર્નેપ સહિતના બધાનો પ્રયત્ન તો એ જ રહ્યો કે પોઝિટીવીઝમની કેંદ્રવર્તી અર્થની થિયરીને આંચ લગાવ્યા વગર તેને પોપરીયન હુમલાથી બચાવી લેવી. અર્થસભરતાની પ્રમાણિતતા (verification)ની પોપરીયન આલોચના સ્વીકારવામાં આવી; અર્થસભરતાની કસોટીનો પથ્થર હવે બનાવાયો વિધાનની ખંડનીયતા-Refutabilityનો. પોપરે તેને સમાવી લેવાની આ છૂટછાટને નોંધી પણ ધારદાર તર્ક કરીને અસંદિગ્ધ રીતે નકારી કાઢતાં કહ્યું, ખાટલે સૌથી મોટી ખોડ અર્થની થિયરીમાં જ છે. મેટાફિઝીકસને નિષ્કાષિત કરવામાં તો તે કયારે ય સફળ નહીં થાય પરંતુ વિજ્ઞાન માટે ઘેરું સંકટ ઊભું કરશે. વિજ્ઞાનની થિયરીઓમાં વપરાયેલા શબ્દોના અર્થ શોધવામાં અને તેના વડે થિયરીઓની ચકાસણી કરવામાં પોઝિટીવીઝમ વહેલું-મોડું શબ્દોના અર્થના વિતંડાવાદ (Scholasticism)માં, શબ્દોની રમતોમાં અટવાઇ જશે. બરાબર આવું જ બન્યું. આજે પણ કેટલીય બૌદ્ધિક ચર્ચાઓ, (ખાસ કરીને સમાજવિજ્ઞાનની) શબ્દોના અર્થોમાં, વ્યાખ્યાઓમાં જ અટવાયા કરે છે. વ્યાખ્યાઓ તો એક સાધન માત્ર જ છે, થિયરીની સચ્ચાઇ સ્થાપિત કરવામાં કોઇ રીતે મદદરૂપ નથી કે નથી થિયરીઓના અર્થસ્ફોટમાં જરાય મદદરૂપ. વ્યાખ્યાનું બંધાણ ત્યજવું જરૂરી છે.

પોપરની જ્ઞાનમીમાંસાના હાર્દમાં–વૈજ્ઞાનિકતાની કસોટીનો પથ્થર થિયરીના મિથ્યા પડી શકવાની ક્ષમતામાં (falcifiability) અથવા ખંડનીયતામાં (refutability) અથવા (સાચી) ચકાસણી (testabilityમાં છે - જઇએ તે પહેલાં તેની એક પાયાની વાત જાણી લઇએ.

### Verification - Primitive, dogmatic Refutation — Civilizational, critical.

પોપરિયન પરિપ્રેક્ષ્યમાં થિયરીઓને પ્રમાણિત કરીને સ્થાપવા માંગતું અને ખંડનના (Refuting) પુરાવાઓને અવગણતું વલણ ખરેખર તો નાફેરવાદી (dogmatic) વલણ છે.

આલોચનાત્મક વલણ (critical attitude) આથી ઊંધું, થિયરીઓની નબળાઇઓ અને ભૂલો વિશે સદા સાવધ રહે છે. અને તેની કોઇપણ આલોચનાને ગંભીરતાથી લે છે. આ રીતે જોતાં વૈજ્ઞાનિક વલણ આલોચનાત્મક વલણ છે અને નાફેરવાદી વલણ અવૈજ્ઞાનિક - મિથ્યા વૈજ્ઞાનિક વલણ છે. આગળ જઇએ તો મિથ્યા વૈજ્ઞાનિક વલણ વૈજ્ઞાનિક વલણની પૂર્વે ઉદ્દ્ભવેલું છે. તે વધારે પ્રાથમિક અવસ્થામાં પણ છે. આ વાસ્તવિક સ્થિતિનું એક તાર્કિક આયામ પણ છે. આલોચનાત્મક વલણ નાફેરવાદી વલણના સીધા વિરોધમાં એટલું નથી જેટલું તે તેની ઉપર થોપાયેલું છે. તે સભ્યતાની નીપજ છે. દરેક સભ્યતામાં આ જોવા મળે છે. કોઇમાં વધારે તો કોઇમાં ઓછું. આલોચના હંમેશા પ્રભાવી, હયાત નાફેરવાદી માન્યતાઓ સામે તકાયેલી હોય છે, તેમાંની કોઈ એક કે વધારે માન્યતાઓની પુનઃ વિચારણાનો નિર્દેશ કરે છે. વધારે ઓછા પ્રમાણમાં પકડી રાખવામાં આવતી નાફેરવાદી માન્યતાઓનું હોવું આલોચનાત્મક વલણ માટે પણ જરૂરી છે, જેથી તે તેની ઉપર કાર્ય કરી શકે. આ રીતે જોતાં આલોચનાત્મક વિજ્ઞાન હંમેશા ચાલી આવેલી

કપોળકલ્પિત કથાઓ ને માન્યતાઓ ઉપર જ તેના કાર્યની શરૂઆત કરે છે, તે કદાપિ તેના કાર્યની શરૂઆત નવેસરથી (denove) અવલોકનો ભેગાં કરીને કે નવા નવા પ્રયોગોને શોધીને કરતું નથી.

હવે થિયરીના પ્રમાણીકરણ (verification)ને અશક્ય ઠેરવતી અને તેનું સક્રિય રીતે મિથ્યાકરણ (falsification) કરતી કે તેનું ખંડન (refutation) કરતી અને તે દ્વારા કરાતી ચકાસણી (testing)ની પોપરની થિયરીનો તર્ક સમજીએ.

## અસમમિતિનો તર્ક (Logical Asymmetry) : પ્રમાણીકરણ નહીં, મિથ્યાકરણ

પ્રમાણીકરણની થિયરીનો ચકાસણીમાંથી એકડો કાઢી નંખાતાં ઘણા અચંબો અનુભવે છે. પ્રતિસ્ફુરણાત્મક લાગતી આ દલીલ સામે એક સવાલ વારંવાર ઊંચકાયા કરે છે કે શું ખરેખર થિયરી સાથે સહમત થતી બધી જ ઘટનાઓને થિયરીના સમર્થન તરીકે માની લેવામાં આપણે બિનઆલોચનાત્મક વલણ અપનાવીએ છીએ ? જવાબ હા માં છે.

અહીં આપણે જવાબના શુદ્ધ તર્કની વિગતોમાં નહીં જઇએ પરંતુ તેના પ્રમાણે એવું દર્શાવવું સાવ સરળ છે કે થિયરીની વિરુદ્ધમાં જતી હોય તેવી કોઇ ચોક્કસ પ્રતિઘટના (counter instance)ને બાદ કરતાં બીજી કોઈપણ ઘટનાને થિયરીનું સમર્થન કરતી બતાવી શકાય છે. તે પ્રમાણે ફક્ત બધા શ્વેત હંસો જ નહીં, કાળા કાગડા અને લાલ જૂતાં પણ ''બધા જ હંસો શ્વેત હોય છે'' ની થિયરીને પ્રમાણિત કરે છે. આ દલીલ બહુ વિચિત્ર દેખાય છે પરંતુ તાર્કિક રીતે સાચી છે. ફક્ત એક જ ઘટના આ થિયરીને તોડી શકે છે. તે એ કે, કોઇ ચીજ હંસ છે પણ તે શ્વેત નથી. આમાંથી ફલિત થાય છે કે સાવ નાંખી દેવાના ભાવે પ્રમાણિતતા મેળવી શકાય છે !

આ સિવાય ઇન્ડકશનના તર્કની અવૈધતાની ચર્ચામાં આપણે જોયેલું કે ગમે તેટલાં વ્યક્તિગત (singular – particular) અવલોકનો આપણે કરીએ તો પણ અનંત કાળ અને સમયને લાગુ પડતા સાર્વત્રિક નિયમોને પ્રમાણિત (verify) કરી શકીએ નહીં.

શરૂઆતથી જ પોપરને સતાવતો પ્રશ્ન એ હતો કે સાચી અવલોકનમૂલક રીત (empirical method) કઇ, જેને વૈજ્ઞાનિક કહેવાય? કોઇપણ થિયરી તેના સમર્થનમાં અવલોકનોનો હવાલો આપે તેટલા માત્રથી તેની વૈજ્ઞાનિકતા દેખીતી રીતે સિદ્ધ થઇ જતી નથી. પોપરે જોયું કે થિયરીને પ્રમાણિત કરવા (verify) જેટલું સહેલું કોઇ કામ નથી. માર્ક્સ વિચાર કે ફ્રોઇડની થિયરીઓની જેમ જ્યાં નજર નાંખો ત્યાં તમને થિયરીનું પ્રમાણીકરણ (verificaiton) જોવાનું મળે. આઇનસ્ટાઇનની સામાન્ય સાપેક્ષવાદી થિયરીએ સર્જેલી ક્રાંતિએ તેની પ્રતીતિ ઓર દૃઢ કરી કે સાચી અવલોકનમૂલક પદ્ધતિ એટલે કે વૈજ્ઞાનિક પદ્ધતિ તો એ જ જે થિયરીને ખોટી પાડી (falsify) શકે. પોપર આગળ ગયો અને ડિડકટીવ તર્કના માળખાની છણાવટ કરીને તાર્કિક રીતે બતાવ્યું કે વ્યક્તિગત અવલોકનોનાં વિધાનો (singular observation statements)–કાર્નેપનાં protocol statementsની મદદથી વૈજ્ઞાનિક સાર્વત્રિક થિયરીને કદાપિ પ્રમાણિત કરી શકાય નહીં પરંતુ જો સાર્વત્રિક થિયરીમાંથી તાર્કિક રીતે તારવવામાં આવેલા તારણને તોડતું બીજું કોઇ વ્યક્તિગત અવલોકન વાસ્તવમાં કરી શકાય તો તે સાર્વત્રિક થિયરીનું ખંડન (Refute) કરે છે. આ દલીલમાં એક દિશામાં જતી અસમમિત (Asymmetrical) તર્ક રચના જોવાની મળે છે જે અનુસાર તાર્કિક રીતે થિયરીને પ્રમાણિત કદાપિ કરી ના શકાય, પરંતુ તેનું ખંડન (Refutation) કરી શકાય. ટૂંકમાં, આ છે પોપરની જ્ઞાનમીમાંસાનો, થિયરીની મિથ્યા પડી શકવાની ક્ષમતા (falsifiability)નો મર્મ. પોપર વારંવાર જુદા જુદા સંદર્ભમાં સ્પષ્ટ કરે છે અને એ મુદ્દો ઘૂંટે છે કે થિયરીની સાચી ચકાસણી કરવી એટલે જ થિયરીનું ખંડન કરવાનો સંનિષ્ઠ, સભાન પ્રયત્ન. આ ચોક્કસ અર્થમાં અને સંદર્ભમાં થિયરીની ચકાસણી-ક્ષમતા (testability) ખંડનીયતા (refutability) અને મિથ્યા પડી શકવાની ક્ષમતા (falsifiability) ત્રણેય એકબીજાના પર્યાય છે, એકના સ્થાને બીજાને વાપરી શકાય.

## બે સમસ્યાઓ

આ સમસ્યા હલ થઇ પછી જ્ઞાનમીમાંસાની બે મુખ્ય સમસ્યાઓ (૧) મેટાફિઝીકલ અને વૈજ્ઞાનિક થિયરીઓ વચ્ચે ભેદરેખા દોરી આપતી કસોટીનો અને (૨) હ્યુમના ઇન્ડકશનના પ્રશ્નનો ઉકેલ શોધવો સહેલો બની ગયો.

ઇન્ડકશનની થિયરીમાં સૂચવાયેલી કસોટી જેનો આડકતરો સ્વીકાર પોઝિટીવીઝમની અર્થની થિયરી (Theory of meaning)માં પણ થયેલો. તેની અવધારણા એ હતી કે બધાં જ અવલોકનમૂલક વૈજ્ઞાનિક વિધાનો સાચાં છે કે ખોટાં તે વિશે આખરી નિર્ણય લઇ શકાવો જોઇએ; એટલે કે તેમનું સ્વરૂપ એવું હોવું જોઇએ કે તેમને તાર્કિક રીતે પ્રમાણિત કરી શકાય અને મિથ્યા પણ ઠેરવી શકાય. આમાંથી જ તો પોઝિટીવીઝમનું પ્રખ્યાત સૂત્ર નીકળ્યું કે વિધાનનું પ્રમાણીકરણ એ જ તેનો અર્થ.

ઇન્ડક્શનની આ મૂળભૂત અવધારણા સામે પોપરે ઉપર પ્રમાણેની પ્રતિક્રિયા આપી. પોપરની દલીલ જ એ હતી કે ચકાસણીક્ષમતા (testability) અથવા ખંડનીયતા (refutability)અથવા મિથ્યા પડી શકવાની ક્ષમતા (falsifiability)ને જ થિયરીની વૈજ્ઞાનિકતાના લક્ષણ તરીકે સ્વીકારવી જોઇએ.

## (૧) મેટાફિઝીકલ થિયરીઓ અને વિજ્ઞાનની થિયરીઓ વચ્ચેની ભેદરેખાની કસોટી (criterion of demarcation lines)

વિધાનોની રચના (system)ની પ્રમાણિત થઇ શકવાની ક્ષમતા (verifiability) નહીં પણ મિથ્યા પડી શકવાની ક્ષમતા (falsifiability)ને નિર્ણાયક કસોટી ગણીને આપણે એક તરફ અવલોકનમૂલક વિજ્ઞાન અને બીજી તરફ શુદ્ધ ગણિત, તર્ક, મિથ્યા જ્ઞાન અને મેટાફિઝીક્સ વચ્ચેની ભેદરેખા દોરવી જોઇએ. આ કસોટીને વિધાનના અર્થ (meaning)ની કસોટી બનાવવાનો સવાલ પોપરના મનમાં ક્યારેય ઊઠેલો જ નહીં.

## મેટાફીઝીકલ વિધાન — અવલોક્નમૂલક (empirical) વિધાન

જે વિધાન કોઇપણ રીતે ખોટું પાડી ના શકાય તે અનુભવમૂલક વિધાન એટલે કે વૈજ્ઞાનિક વિધાન નથી, તે મેટાફિઝીકલ વિધાન બને છે કે પછી ગણિતનું કે તર્કનું વિધાન બને છે. તેનાથી ઊંધું, અવલોકનમૂલક વૈજ્ઞાનિક રચના માટે હંમેશા એ શક્ય બનવું જોઇએ કે કોઇ અનુભવ તેને ખોટી પાડી શકે. ઉદાહરણ તરીકે કોઇ એમ કહે કે ''આવતી કાલે અહીં વરસાદ પડશે કે નહીં પડે'' તો આ બિનઅનુભવમૂલક વિધાન કહેવાય કારણ કે કોઇપણ રીતે તેને ખોટું પાડી ના શકાય. તેની સરખામણીમાં એવું વિધાન કે ''આવતી કાલે અહીં વરસાદ પડશે'' તે અનુભવમૂલક વિધાન કહેવાય કારણ કે તે ખોટું પણ પડી શકે છે.

## વિયેના સર્કલની ભેદરેખા

૧૯૨૭માં વિયેના સર્કલે પ્રમાણિત કરી શકવાની ક્ષમતા (verifiability) ને અર્થની કસોટી તરીકે સ્વીકારી. પોપરની આખી પ્રતિક્રિયા આ કસોટી સામે હતી. પોઝિટીવીઝમે સ્વીકારેલી કસોટીથી બે પ્રશ્નો ઊભા થયા.

એક, જો અર્થસભરતાની કસોટીથી ભેદ પાડવામાં આવે તો આખું મેટાફિઝીક્સ અર્થહીન બની જાય (જે પોઝિટીવીઝમની નેમ હતી.) જે વાંધાજનક બાબત બની જાય.

બીજો પ્રશ્ન એ ઊભો થતો હતો કે અર્થની કસોટી આડકતરી રીતે વિજ્ઞાનની થિયરીઓને પણ અર્થહીન બનાવી દેતી હતી તેથી આપોઆપ જ તે પણ મેટાફિઝીકલ થિયરીઓ ઠરતી હતી. આનું કારણ એ કે વિજ્ઞાનની થિયરીઓને કદીયે પ્રમાણિત કરી શકાય નહીં.

વળી, પ્રમાણીકરણ ઉપરના જ બધા ભારથી કસોટી એક મહત્ત્વની લાક્ષણિકતાને નજરઅંદાજ કરતી હતી કે વૈજ્ઞાનિક ચર્ચાઓ (રેશનલ ચર્ચાઓ)નું સ્વરૂપ હંમેશાં આલોચનાત્મક (critical) હોય છે. આ ચર્ચાઓની ખોજ હંમેશાં ખંડન (refutation)ની હોય છે, નહીં કે પ્રમાણિતતાની. સામસામે કરાતી દલીલો હંમેશાં સામાની દલીલમાં નબળાઇ કે આંતરવિરોધ શોધતી હોય છે. રેશનલ ચર્ચાનું આ પ્રાણતત્ત્વ છે.

## પોપરિયન ભેદરેખા - આલોચનાત્મક રેશનાલિટી

પોપરની ભેદરેખા હંમેશાં અર્થસભર ક્ષેત્રની વચ્ચેથી પસાર થાય છે, જેની બંને તરફ અર્થસભર (meaningful) થિયરીઓ જ હોય છે. મેટાફિઝીક્સ માત્રને અર્થહીન બકવાસ ગણતી થિયરીને પોપરનું કોઇ સમર્થન નથી કારણ કે વિજ્ઞાન એવી કેટલીય થિયરીઓથી ઊભરાય છે, જે શરૂઆતના કાળમાં મેટાફિઝીક્સ સ્વરૂપની હતી કારણ કે તેનું ખંડન થઇ શકે તેમ ના હતું. આનું શ્રેષ્ઠ ઉદાહરણ એટોમિક થિયરી છે. સદીઓ સુધી એટોમિઝમની થિયરીઓની ચકાસણી કરી શકાઇ નહીં પણ છેવટે તે વિજ્ઞાનની સૌથી મહત્ત્વની થિયરી બની અને તેની અકલ્પ્ય ચકાસણીઓ થઇ શકી.

અહીં એ વાત પણ પ્રસ્તુત બને છે કે ભલે અર્થસભર મેટાફિઝીકલ થિયરીઓનું ખંડન ના કરી શકાય પરંતુ તેની આલોચના કરી શકાય. ખાસ તો એ સંદર્ભમાં કે થિયરી જે પ્રશ્નનો ઉકેલ બતાવી રહી છે તે પ્રશ્નની જ ચર્ચા કરી રહી છે? તે પ્રશ્નનો ઉકેલ બતાવી રહી છે? આમ ભલે તે વૈજ્ઞાનિક ના ઠરે પણ રેશનલ તો ઠરે જ છે કારણ કે તેને આલોચનાની એરણે ચઢાવી શકાય છે. (રેશનાલિટીનો વ્યાપ આ રીતે જોતાં વિજ્ઞાનની પણ પાર જતો વ્યાપ છે.)

અલબત્ત, અહીં એમ કહેવાનું છે જ નહીં કે બધી જ મેટાફિઝીકલ થિયરીઓ અર્થસભર જ હોય છે અને આલોચનાત્મક રેશનાલિટી સાથે સુસંગત છે. ભૂલવું ના જોઇએ કે મેટાફિઝીક્સ સાથેનો પોઝિટીવીઝમનો આટલો ઉગ્ર ઉપાડો હેગેલિયન મેટાફિઝીક્સે સર્જેલા વિતંડાવાદ અને ગૂંચવાડા સામે હતો. આવા પ્રકારનું મેટાફિઝક્સ સાચે જ સાવ અર્થહીન

બકવાસ જ હતો અને વૈજ્ઞાનિક ખોજને અવરોધવાનું જ કામ કરતું હતું. આવા મેટાફિઝીકસને તો ઝૂડી-ઝાપટીને ફગાવી જ દેવાનું હોય.

વળી, એ પણ હંમેશાં શક્ય છે કે જાણે-અજાણ્યે વિજ્ઞાનની ચકાસાયેલી થિયરીમાં પણ મેટાફિઝીકલ તત્ત્વો ગોઠવાયેલાં હોય. જ્યારે પણ આવાં તત્ત્વો ધ્યાન ઉપર આવે જેને બહાર કરી શકાય તો તેમ કરવું જ જોઇએ કારણ કે આવા તત્ત્વ વગરની થિયરી હજી વધારે ચકાસણી-સક્ષમ (testable) બને છે કારણ કે તેનું ખંડન થતું બચાવતું મેટાફિઝીકલ તત્ત્વ હવે બહાર કરાયું છે.

સરવાળે મેટાફિઝીકસ વિજ્ઞાનનો નાતો બહુ ઘનિષ્ઠ છે, વિજ્ઞાનને મેટાફિઝીકસ વગર ના ચાલે અને વિજ્ઞાનની આખી યાત્રાની શરૂઆત મેટાફિઝીકસથી જ છે. વળી, વિજ્ઞાન અને મેટાફિઝીક્સ વચ્ચેની ભેદરેખા પહોળી છે અને છિદ્રાળુ (porous) છે, બંને બાજુએથી એકબીજા વચ્ચે આપ-લે ચાલે છે.

### (૨) હ્યુમનો ઇન્ડકશનનો પ્રશ્ન :

જ્ઞાનમીમાંસાનો બીજો યક્ષપ્રશ્ન હ્યુમના ઇન્ડકશનનો હતો. પોપરનો ઉકેલ એ હતો કે સાર્વત્રિક નિયમોનું અસમમિતીય (asynemetrical) સ્વરૂપ જ એવું છે કે વ્યક્તિગત અવલોકનોનાં વિધાનો તેને ક્યારેય પ્રમાણિત કરી શકતાં નથી. પરંતુ વ્યક્તિગત અવલોકનો એવાં હોઇ શકે જે સાર્વત્રિક થિયરીમાંથી ડીડકશન દ્વારા તારવેલાં તારણોને મિથ્યા પાડી શકે (conclusion falsified). આવાં મિથ્યાં નીવડેલાં (falsified) તારણોનું મિથ્યાપણું (falsehood) ઊંધી દિશામાં જતા પ્રતિવહન (Retrammission of falsehood) દ્વારા સાર્વત્રિક થિયરીને મિથ્યા પાડે (falsified). જોવા જઇએ તો આ પ્રતિપ્રવાહનો તર્ક ઇન્ડકશનની દિશામાં વહેતો તર્ક છે. કારણ કે ઇન્ડકશનની જેમ તે વ્યક્તિગત અવલોકનોનાં વિધાનોમાંથી સાર્વત્રિક થિયરી તરફ વહે છે. ઇન્ડકટીવ તર્ક જેવો દેખાતો આ તર્ક ડીડકટીવ તર્ક (modus tollens) છે. ઇન્ડકશનનો કહેવાતો તર્ક થિયરીને પ્રમાણિત કરવાની નેમ ધરાવે છે જ્યારે modus ponens નો તર્ક થિયરીનું ખંડન કરવાની નેમ ધરાવે છે. આ ઇન્ડકટીવ દેખાતો તર્ક ઇન્ડકશનના પ્રશ્નને હલ કરે છે.

ઉદાહરણ તરીકે એક સાર્વત્રિક વિધાન લઇએ : ''બધા જ હંસો શ્વેત રંગના હોય છે.'' ગમે તેટલા શ્વેત રંગના હંસોના અવલોકન પછી પણ આ વિધાન પ્રમાણિત કરી ના શકીએ કારણ કે આપણે વિશ્વમાં સર્વ સ્થળનું, સર્વ કાળ માટે અવલોકન કરી શકીએ તેમ નથી તેથી તેને પ્રમાણિત કરી શકવાની સ્થિતિમાં નથી. પરંતુ જો એક પણ કાળો હંસ (અશ્વેત હંસ) જોવાનો મળી ગયો તો સાર્વત્રિક થિયરી મિથ્યા પુરવાર થઇ જાય.

### એકપક્ષીય ચકાસણીના કેટલાક સબક

ખંડન (refutation) દ્વારા થિયરીની એકપક્ષીય ચકાસણીના પોપરના પ્રસ્તાવના થોડા મહત્ત્વના સબક જોઇ લઇએ. ત્યારપછી અવલોકનમૂલક ચકાસણીની રીતના બહુ મહત્ત્વના પ્રશ્ન ઉપર જઇએ.

- પોપરની થિયરી બાહ્ય વિશ્વની વાસ્તવિકતા (realism)ની સમસ્યા ઉપર બહુ વેધક પ્રકાશ નાંખે છે. જે પ્રતિસ્ફુરણાત્મક (counter intutive) છે. થિયરી પ્રમાણે વૈજ્ઞાનિક વિધાનોની રચનાઓ (system) બાહ્ય ભૌતિક વિશ્વની માહિતી તો જ આપતી ગણાય જો તે અનુભવો સાથે ટકરાતી હોય (કે પછી અનુભવોથી પુષ્ટ (corroborate) થતી હોય).

- વિજ્ઞાનની થિયરીઓની મિથ્યા પુરવાર થવાની ક્ષમતાના કારણે એક સૂચિતાર્થ એ નીકળે છે કે વિજ્ઞાનમાં આંતરવિરોધ ટકી ના શકે. થિયરી ખોટી પડવાની ક્ષમતા ધરાવે છે તેનો અર્થ એ કે થિયરીમાં સંભવિત નબળાઈ એટલે કે આંતરવિરોધની શકયતા છે, જેને શોધવાના પ્રયત્નો થવા જોઈએ અને જો દેખાય તો તેને દૂર કરાવો જોઈએ. ચકાસણીનું એક કામ આ છે. જો બે થિયરીઓ એકબીજાના વિરોધમાં હોય તો વિજ્ઞાન એ નિર્ણય લઇ ના શકે કે પોતપોતાની રીતે બંને સાચી! આવા પ્રકારના સાપેક્ષવાદ (relativism)ને વિજ્ઞાનમાં કોઈ સ્થાન નથી. બેમાંથી એક જ ટકે અથવા બંને ખારીજ થાય.

- આંતરવિરોધને હટાવતી, ખંડનની કડક તાવણીમાંથી સતત પસાર થયા કરતી વિજ્ઞાનની નિંદામણ દૂર કરવાની આગવી રેશનલ પ્રક્રિયાના કારણે એ જ થિયરીઓ બચે છે, જેને ખોટી પાડવાના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા છે. પરંતુ બચી ગયેલી થિયરી અત્યાર સુધીની બચેલી થિયરી છે. તેનાથી તેનું ભવિષ્ય નિશ્ચિત થતું જ નથી. આવતી કાલે તે ખોટી પડી શકે. દરેક નીવડેલી (પુષ્ટ થયેલી) થિયરીના માથે ખંડનની તલવાર સતત તોળાતી જ રહે છે. આના સૂચિતાર્થો? વિજ્ઞાનની થિયરીઓ સદા કાળ માટે અટકળો (guesses), પરિકલ્પનાઓ બનેલી જ રહે છે. તે ક્યારેય સ્થાપિત સત્ય બની શકતી નથી. પ્લેટો-એરિસ્ટોટલે જ્ઞાન

એટલે અંતિમ અને સંપૂર્ણ જ્ઞાનનો પ્રોજેક્ટ યુરોપિયન સામે મૂક્યો તેની પહેલા આર્ષદૃષ્ટા ગ્રીક ફિલોસોફર અને ચારણકવિ ઝીનોફીને કહેલું ''The perfect truth, he would himself not know it, for all is but a web of woven guesses'' તે સાચું છે. સદાય ખારીજ થતી રહેતી અને તેના સ્થાને વધારે કડક ચકાસણીમાંથી પાર પડેલી થિયરીની હંગામી સ્થાપનાના કારણે વૈજ્ઞાનિક જ્ઞાનની સદાય વૃદ્ધિ થયા કરે છે. પરંતુ તેનું અણચીંતવ્યું પરિણામ એ પણ આવે છે કે નવી થિયરી પણ પરિકલ્પના જ હોવાથી તેમાંથી અકલ્પ્યા વણઊકલેલા નવા જ પ્રશ્નો ઊભા થયા કરે છે. પેરાડોક્ષીકલ પરિણામ એ આવે છે કે વિજ્ઞાન જેમ આગળ વૃદ્ધિ પામતું જાય છે તેમ આપણું અજ્ઞાન વધતું જ જાય છે, અજ્ઞાનના અંધારાના સીમાડાઓ વિસ્તરતા જ જાય છે. જ્ઞાનની ખોજમાં લાગેલા દરેકને વિનમ્ર બનાવવા આ પૂરતું હોવું જોઈએ.

❖ રેશનાલિટીનું શું? પરંપરાગત રેશનલ દલીલમાં અવલોકનોથી પુરવાર થઇ ચૂકેલા જ્ઞાનનો આધાર લેવાની વાત હતી, હવે આ વાતનો તો છેદ જ ઊડી ગયો. રેશનલ વર્તણૂક હવે એ કે જે હંમેશાં સામાની દલીલ સાંભળવા-સમજવા તત્પર રહે કારણ કે પોતાની દલીલમાં રહેલી નબળાઇને સમજી શકે, સુધારી શકે. રેશનલ દલીલમાં ઉપયોગમાં લેવાતી વિજ્ઞાનની થિયરીઓ વિશ્વસનીય (reliable) હોવાથી તેને પ્રયોજવાની વાત જ નથી કારણ કે વિશ્વસનીય એટલે ભવિષ્ય માટે પણ વિશ્વસનીય કોઇ જ થિયરી ના હોઇ શકે. રેશનાલિટી કઇ થિયરીને પસંદ કરાય છે (prefered theory) તેની ઉપર અવલંબે છે. જે થિયરી અત્યાર સુધીની ચકાસણીમાં ટકી ગઇ છે, પુષ્ટ થઇ છે (corroborate) તે થિયરીની પસંદગી રેશનલ છે. અલબત, આ થિયરી ભવિષ્યમાં ટકી જ જશે એવું કોઇ જ કહી ના શકે. ભવિષ્ય હંમેશા માટે ખુલ્લું જ રહે છે. તેને લગતા નિર્ણયો – રેશનલ નિર્ણયો – ઉપર પણ જોખમ તોળાતું જ રહે છે. રેશનલ નિર્ણય એ અર્થમાં છે કે અપાયેલા સંજોગોમાં તે શ્રેષ્ઠ છે. પર્યાવરણની ચર્ચામાં ખૂબ ચગેલો અને ચર્ચાયેલો સિદ્ધાંત છે, અગમચેતીનો સિદ્ધાંત (precautionary principle). તેના પ્રમાણે કોઈપણ પ્રવૃત્તિ કે શોધ કે ટેક્નોલૉજી મનુષ્યને કે પર્યાવરણને સંભવિતપણે પણ નુકસાન કરી શકે તેમ છે. તેવી શકયતા પણ ઊભી થાય પછી ભલે ને તેનો કાર્ય-કારણનો સંબંધ સ્થાપિત થયો ના હોય (સંબંધ દર્શાવતી ચકાસાયેલી કે ચકાસણીક્ષમ વૈજ્ઞાનિક પરિકલ્પના પણ આગળ કરાઈ ના હોય) તો પણ સિદ્ધાંતને સક્રિય કરવો જોઈએ. સિદ્ધાંત પ્રતિપાદિત કરે છે કે જ્યાં સુધી પ્રસ્તાવિત પ્રવૃત્તિ કે ટેક્નોલૉજી અત્યારે અને ભવિષ્યમાં પણ સંપૂર્ણપણે સલામત હોવાની સાબિતી (proof of absolute safely) આપી ના શકે ત્યાં સુધી પ્રવૃત્તિ ઉપર રોક લગાવી દેવી જોઈએ. આવી સલામતી કે સાબિતી હોઈ ના શકે. આલોચનાત્મક રેશનાલિટીમાં આ સિદ્ધાંત બંધ બેસી શકે નહીં.

## વૈજ્ઞાનિક અવલોકનમૂલક પદ્ધતિ (empirical method)

પોપર શરૂઆતથી જ તેણે દોરેલી ભેદરેખાની શક્યતઃ આલોચના જોઇ શકેલો. આલોચક એ કબૂલી લે કે થિયરીની પ્રમાણિતતા સ્થાપી ના શકાય પરંતુ વળતી દલીલ કરે કે થિયરીનું મિથ્યાપણું પણ એ જ રીતે સ્થપાય નહીં તેવું બની શકે. એ શક્યતા હંમેશાં રહે જ કે થિયરીમાં એવી તદર્થ પરિકલ્પના દાખલ કરવામાં આવે જે તેનું ખંડન થતું અટકાવે અથવા આપણે થિયરીમાં ઉપયોગમાં લેવાયેલી વ્યાખ્યાને તદર્થ બદલી નાંખીએ, અથવા આપણે પ્રયોગકારની સક્ષમતા, કૌશલ્ય ઉપર પ્રશ્નો ખડા કરી દઈએ, અથવા તો એવો દાવો પણ કરીએ કે થિયરીને ખોટી પાડતું અવલોકન ભૂલભરેલું છે. આવી પરિસ્થિતિમાં થિયરીઓને ખોટી પાડી શકાય કે ના પાડી શકાય તેના આધારે કરાતું વર્ગીકરણ અસંભવ છે. પોપરની સમજ બહુ સ્પષ્ટ હતી કે ભેદરેખા દોરતી તેની થિયરી એ કુદરતી નિયમ નથી જ કે તેને તોડી જ ના શકાય. આખરે ચકાસણીની કસોટીના તર્કનો સ્વીકાર કરવો કે નહીં એ નિર્ણય (decision)ની બાબત છે.

આ સંજોગોમાં વૈજ્ઞાનિક પદ્ધતિના નિયમોનો મુદ્દો ઉપસ્થિત થાય છે.

જો આપણી નેમ પોઝિટીવીસ્ટ હોય તો આપણે અર્થહીન વિધાનોની હકાલપટ્ટી કરવાના નિયમો બનાવીએ. જો નેમ-ખંડન થતું અટકાવવાનું હોય તો ઉપર ચર્ચી તેવી વ્યૂહરચના બનાવી શકાય.

જો આપણી નેમ વૈજ્ઞાનિક આવિષ્કારોની પ્રક્રિયાને સાજી-નરવી રાખવાની હોય-જેથી મિથ્યા થિયરીઓનો નિકાલ થઈ જાય, આંતરવિરોધો દૂર થયા કરે અને જ્ઞાનની વૃદ્ધિમાં કોઇ રૂકાવટ ના આવે-તો આપણે અવલોકન પદ્ધતિના તેને અનુરૂપ નિયમો શોધવા અને અપનાવવા જોઇએ.

આવા નિયમોનું મુખ્ય લક્ષણ એ જ હોય કે તે વૈજ્ઞાનિક થિયરીઓની ચકાસણી એટલે મિથ્યા પડી શકવાની ક્ષમતાને ક્યારેય નુકસાન થવા ના દે. પોપર એક સર્વોચ્ચ નિયમ રજૂ કરે છે જે એવા ધોરણને સ્થાપે

છે જેનું અનુસરણ બાકીના બધા નિયમોએ કરવાનું છે. સ્થાપિત ધોરણ અનુસાર વૈજ્ઞાનિક કાર્યવાહીના બધા જ નિયમો એવી રીતે ઘડાવા જોઇએ કે થિયરીને મિથ્યા ઠેરવવા મથતી પ્રક્રિયાને રૂંધવાનો કે અટકાવવાનો પ્રયાસ કરતા કોઇપણ વિધાન સામે તેને રક્ષણ આપે. આવા દરેક પ્રયાસને નાકામયાબ બનાવવામાં આવે.

## થિયરીનો ખંડન સામે વાજબી અને જરૂરી બચાવ

વૈજ્ઞાનિક ચકાસણીને અવરોધતી વ્યૂહરચનાઓમાંથી એક વ્યૂહરચના પ્રમાણે થિયરીમાં તદર્થ પૂરક પરિકલ્પનાને દાખલ કરવાની છે. આ વ્યૂહરચના હરહંમેશાં ચકાસણીને નબળી પાડવાની જ હોય એમ ના પણ બને. વિજ્ઞાનમાં તો તદર્થ પૂરક પરિકલ્પનાને અપાતો પ્રવેશ એ તો નિયમિત બનતી ઘટના છે. અહીં નિર્ણાયક મુદ્દો એ નક્કી કરવાનો છે કે તદર્થ પરિકલ્પનાને દાખલ કર્યા પછી જે થિયરી બને છે તેની ખંડનીયતા ઘટે છે કે વધે છે. જો વધતી હોય કારણ કે તે વધુ બનાવો ઉપર મનાઇ ફરમાવે છે, તો તદર્થ પરિકલ્પનાએ થિયરીને ઓર મજબૂત બનાવી છે માટે તેનું સ્વાગત છે. થિયરીમાં સૂચવાતા દરેક સુધારાઓ માટે આ નિયમ લાગુ પડે છે. થિયરીના વાજબી બચાવની તકનો પણ એક મહત્ત્વનો મુદ્દો છે. ખંડન પણ જવાબદાર ખંડન હોય તે જરૂરી છે. તે પોતે પણ આલોચનાનું નિશાન બની શકે છે.

## અવલોકનમૂલક પદ્ધતિનો પાયો- બેઝિક વિધાનો (Basic Statements)

જો થિયરીની ખંડનીયતા (refutability)ની શરતનો સ્વીકાર કરાય તો થિયરીમાંથી તાર્કિક રીતે તારવી શકાતા તારણને વાસ્તવમાં ખોટું પુરવાર કરવું પડે. આમ કરવા માટે વ્યક્તિગત અવલોકન વિધાનો હાથવગાં હોવાં જોઈએ. જો આવું કોઈ વિધાન થિયરીનું તારણ ખોટું પાડે તો આ ખંડનનું પ્રતિવહન (retransmission of falsehood) કોઈ એક કે વધુ આધારવાક્યોને (premises) ખોટાં પાડે, જે સાર્વત્રિક થિયરી અને પ્રારંભિક સ્થિતિ (initial conditions)નાં વિધાનો છે. ટૂંકમાં, થિયરી ખોટી પડે કે પ્રારંભિક સ્થિતિનાં વિધાનો ખોટાં પડે. (પોપર ખંડન માટે વપરાતાં આવાં ખાસ વ્યક્તિગત વિધાનોને બેઝિક વિધાનો (Basic statements) કહે છે. દરેક અવલોકન વિધાન આપો- આપ બેઝિક વિધાન નથી બની શકતું તે આમાં અભિપ્રેત છે.) એક વિચાર એવો ઊઠે કે આ તો સમસ્યા એક ડગ પાછળ હટી. થિયરીના અવલોકનમૂલક લક્ષણની સમસ્યામાંથી આપણે જાણે હવે વ્યક્તિગત અવલોકનોના અવલોકનમૂલક લક્ષણની સમસ્યામાં પ્રવેશ્યા. છતાં આ પ્રગતિ છે કારણ કે વિજ્ઞાનમાં વ્યક્તિગત અવલોકન વિધાનો ઉપર મોટા વિવાદો ભાગ્યે જ સર્જાય છે. અલબત્ત, ભૂલભરેલાં અવલોકનોની સમસ્યા સદાય હાજર હોય છે.

- વ્યકિતગત અવલોકનોનાં વિધાનો (બેઝિક વિધાનો)ની અવલોકનમૂલકતાની ચકાસણીની મુખ્ય સમસ્યા કઇ છે? ઇંદ્રિયોનાં સંવેદનો (perceptual experiences) અને બેઝિક વિધાનો વચ્ચેના સંબંધનું સ્વરૂપ સમસ્યારૂપ છે.

- વ્યક્તિને અનુભવાતાં સંવેદનો ગમે તેટલી તીવ્રતા કે ખાતરી સાથે અનુભવાતાં હોય પરંતુ તે માત્રથી બેઝિક વિધાનોને વૈધતા આપી શકાય નહીં. બેઝીક વિધાનો વસ્તુલક્ષી (objective) અસમમિત તર્કના ચકાસણીના માળખામાં ગોઠવાયેલાં છે, જ્યારે સંવેદનાઓ વ્યક્તિપરસ્ત (subjective) છે.

- કોઇપણ વૈજ્ઞાનિક વિધાનની વસ્તુલક્ષિતા (objectivity) એ હકીકતમાં રહેલી છે કે તેની આંતરવ્યક્તીય ચકાસણી (inter subjective testing) થઇ શકે છે. આપણે આપણા પોતાના અનુભવોને પણ ગંભીરતાથી ત્યારે જ લઇએ છીએ જ્યારે તેનો વારંવાર અનુભવ કરીએ છીએ. વારંવાર બનતી ઘટનાઓ તેમની પાછળ રહેલા નિયમોનો નિર્દેશ કરે છે. અવલોકનો પુનરાવર્તિત થયા કરે છે ત્યારે આપણે સ્વીકારીએ છીએ કે આ કોઇ એકલદોકલ જોગાનુજોગ બનેલી ઘટના નથી. ઘટનાઓ નિયમિત થતી દેખાતી હોય; કોઈપણ સક્ષમ વ્યક્તિ કોઈ ચોક્કસ સૂચનાઓને અમલમાં મૂકીને પ્રસ્તુત ઘટનાનું ધારે ત્યારે નિર્માણ કરી શકે અને આવી ઘટનાનું અવલોકન બીજી કોઈ વ્યક્તિ પણ કરી શકે, ત્યારે ઘટનાને આંતરવ્યક્તીય રીતે ચકાસાયેલી મનાય છે, માટે વસ્તુલક્ષી ઘટના મનાય છે. વૈજ્ઞાનિક રીતે ગંભીરતાથી લેવાને પાત્ર ભૌતિક ઘટનાઓ અથવા અસરો આવી ચોક્કસ ચકાસણીમાંથી પાર પડેલી હોવી જોઇએ. ગૂઢ અસરો (occult -effects) ગૂઢ એટલે જ છે કે કોઇપણ બીજી વ્યક્તિ સૂચનાઓનું અનુસરણ કરીને તે ઘટનાઓને સર્જી શકતી નથી કે નથી તેનું અવલોકન કરી શકતી. હાથમાંથી કંકુ ઝરવાની ઘટનાઓ કે ટોપીમાંથી અસંખ્ય ઘડિયાળો કાઢવાની વર્ણવાતી કહેવાતી દૈવી ઘટનાઓ આ પ્રકારની ઘટનાઓ છે. તેને ગંભીરતાથી લઇ શકાય નહીં. તે હાથચાલાકીના કે છેતરપીંડીના ખેલ હોય છે.

- આ કારણે વ્યક્તિગત રીતે અતિ ઉત્કટતાથી અનુભવાતી

અંતઃસ્ફુરણા પ્રેરિત લાગણીઓ પરાકાષ્ઠાએ પહોંચે, ''મારું રોમેરોમ પોકારીને કહેતું હોય કે આ થિયરી સાચી છે,'' ઈશ્વરીય સંકેત જેવી લાગતી હોય, થિયરી વિશે કોઇ પણ શંકા ઊભી થવા દેવી તે બેહૂદું લાગતું હોય તો પણ વિજ્ઞાન આ અનુભૂતિઓ, અંતઃસ્ફુરણાઓને બેઝિક વિધાનોની વૈધતા માટે પ્રયોજી શકે નહીં. પછી ભલે ને એવો આક્રોશ ઊઠે કે ''આવું તમારું વિજ્ઞાન?'' વિજ્ઞાનમાં અંતઃસ્ફુરણાનો કોઈ બાધ નથી. મોટાભાગની ભોં ભાંગતી વૈજ્ઞાનિક થિયરીઓનો ઉદ્‌ભવ ઉત્કટતાથી અનુભવાયેલી અંતઃસ્ફુરણામાં થયેલો છે. મેટાફિઝીક્સની જેમ જ અંતઃસ્ફુરણા વગર વિજ્ઞાનને ના ચાલે. પરંતુ થિયરીના ઉદ્‌ભવ-સ્થાનની કહેવાતી શુદ્ધતા, અશુદ્ધતાનો કે સ્રોત માત્રનો વૈજ્ઞાનિકતા સાથે કોઈ સંબંધ નથી. ખરેખર તો અંતઃસ્ફુરણાઓનો અતિરેક થઈ શકે અને સમસ્યારૂપ બની શકે. ગમે ત્યાંથી ઉદ્‌ભવેલી થિયરીએ વૈજ્ઞાનિક ચકાસણીમાંથી પસાર થવું જ પડે. આધ્યાત્મિક અંતઃસ્ફુરણા (પરમ ચેતનનો સ્પર્શ પામેલી) અને વૈજ્ઞાનિક અંતઃસ્ફુરણા વચ્ચે આ પાયાનો તફાવત છે. તેને ઘટાડી શકાય ? કેવી રીતે ?

❖ આ બધું ધ્યાનમાં લેવાથી બેઝિક વિધાનની અવલોકનમૂલકતાની સમસ્યા ઉકેલાતી નથી પરંતુ આપણને મુખ્ય મુશ્કેલીનો ખ્યાલ આવી શકે છે. વૈજ્ઞાનિક વિધાનો હોય કે બેઝિક વિધાનો તે બધાં જ વસ્તુલક્ષી (objective એટલે કે intersubjectively testable) હોવાં જોઇએ, તેવી માંગ ઉઠાવીને આપણે વૈજ્ઞાનિક વિધાનોને આપણા અંગત અનુભવોમાં રૂપાંતરિત (reduce) કરવાના તર્કના સાધનને ગુમાવીએ છીએ. વધારામાં આપણા અંગત અનુભવો, સંવેદનોને વર્ણવતાં વિધાનોને વિશેષ તરફેણભર્યું સ્થાન આપવાની આપણી વૃત્તિઓ ઉપર અંકુશ સ્વીકારીએ છીએ.

❖ આ બધાને અંતે એ વાત સ્પષ્ટ બની જાય છે કે જો 'વૈજ્ઞાનિક થિયરીઓ વસ્તુલક્ષી હોવી જોઇએ'ની આપણી માંગમાં મક્કમ રહીએ તો તેટલી જ મક્કમતાથી વિજ્ઞાનની અવલોકનમૂલકતાનો પાયો બનતાં 'બેઝિક વિધાનો પણ વસ્તુલક્ષી હોવાં જોઇએ' -ની માંગ પણ ઉઠાવીએ જ.

❖ વસ્તુલક્ષી બેઝિક વિધાનો પોપરની ચકાસણીની થિયરી માટે અને તેથી તેની સમગ્ર જ્ઞાનમીમાંસા માટે નિર્ણાયક બને છે. બેઝિક વિધાનોની પોપરની ચર્ચા ઘણી બારીક અને ટેકનિકલ છે. અહીં હમણાં તેની વિગતે ચર્ચામાં ગયા વગર પોપરનું આ વિશેનું મુખ્ય તારણ મૂકી દઉં.

❖ બધાં જ બેઝિક વિધાનો વ્યક્તિગત અવલોકનોનાં વિધાનો તો હોવાં જ જોઇએ. પરંતુ આ વિધાનો કોઇ વ્યકિતએ કરેલાં અંગત અવલોકનો, અંતઃસ્ફુરણાઓ કે અનુભવોનો હવાલો માત્ર આપતાં ના હોવાં જોઇએ.

આ વિધાનો અન્યથી અવલોકી શકાય (observable) તેવાં હોવાં જોઇએ. **''અવલોકી શકાય''** અહીં નિર્ણાયક છે. પોપર વધુ સ્પષ્ટતા કરતાં કહે છે : ઘટના કોઈપણ મોટા કદના ભૌતિક પદાર્થ (Macroscopic Physical Objects)ના સ્થાન અને ગતિનું વર્ણન કરતી હોવી જોઇએ. બેઝિક વિધાન એવું વિધાન હોવું જોઇએ જે અસંદિગ્ધ રીતે કહે કે અવલોકી શકાય તેવી ઘટના કે ચીજ એક ચોક્કસ સ્થળે અને સમયે બની રહી છે કે હયાત છે. બેઝિક ઘટનાઓનો સંબંધ સ્થૂળ, ભૌતિકવિશ્વ સાથે હોવો જ જોઈએ, તે નિર્ણાયક છે. અને આવો દાવો આંતરવ્યક્તિય ચકાસણી સક્ષમ હોવો જોઈએ.

❖ બેઝિક વિધાનોની અવલોકનમૂલકતા તેની વસ્તુલક્ષિતા ઉપર હોય અને તેની ચકાસણીની આ રીત હોય તો અર્થ એ નીકળે કે બેઝિક વિધાનોની વસ્તુલક્ષિતાની ચકાસણી કરવા બીજાં એવાં વસ્તુલક્ષી વિધાનો હોવાં જોઈએ, તેની સાર્વત્રિકતા વળી બેઝિક વિધાનો કરતાં પણ ઓછી હોય. આમ, આ પ્રક્રિયા તો અનંત રીતે ચાલુ જ રહેતી પ્રક્રિયા છે. સિદ્ધાંતમાં કોઈ આખરી વ્યક્તિગત વિધાન હોઈ ના શકે જેની ચકાસણી કરવાની જરૂર ના રહે.

આમાં પ્રશ્ન ઊભો થતો દેખાય છે. સિદ્ધાંતમાં વિધાનોની ચકાસણી અનંતકાળ સુધી ચાલી શકે તે સાચું અને જરૂરી, પરંતુ વાસ્તવમાં ચકાસણી કાંઈ અનંતકાળ સુધી ચાલુ રખાય નહીં, કયાંક તો અટકવું પડે.

પોપર ફોડ પાડતાં કહે છે : ''વિધાનોની અવિરત ચકાસણી થઈ શકે''-ની સામે ''વૈજ્ઞાનિક થિયરીની ચકાસણી થઈ શકાવી જોઈએ''-ની માંગ ટકરાય છે, એવું માનવાની જરૂર નથી. કારણ કે મારી માંગ એ છે જ નહીં કે દરેક વૈજ્ઞાનિક વિધાન (સાર્વત્રીક કે વ્યક્તિગત) તેનો સ્વીકાર થાય તે પહેલાં ચકાસાયેલું હોવું જ જોઈએ. મારી માંગ ફક્ત એટલી જ છે કે વિજ્ઞાનમાં દેખા દેતું કોઈ પણ વિધાન તાર્કિક રીતે ચકાસણીથી પર હોઈ ના શકે. જરૂર પડે કોઈપણ વિધાનની ચકાસણી થઈ જ શકાવી જોઈએ.

## બે એજન્ડા - એલીટીસ્ટ અને માનવીય

વિજ્ઞાનનો એક એજન્ડા જાણીતો છે જે કડક આલોચનાનું વાજબી રીતે જ નિશાન બનેલો છે.

અમાપ સત્તાની દોડમાં લાગેલાઓ વિજ્ઞાનમાંથી એક અતિમાનવીય (super human) સત્તા મેળવવા માંગે છે. વિજ્ઞાનને મનુષ્યસહજ નબળાઈઓ, ભૂલો ગફલાઓની ઉપર ઉઠાવવા માંગે છે જેથી પ્રમાણિત થયેલું ના હોય તો પણ ગણિતની કક્ષામાં આવી શકે તેવી ચોકસાઈ ભરેલું વિજ્ઞાન તેમની મુઠ્ઠીમાં આવી જાય. માણસને હીન ગણતો, તેની હાંસી ઉડાવતો આ એક એલીટીસ્ટ એજન્ડા છે.

પોપર બીજો એજન્ડા રજૂ કરતાં કહે છે : હું વિજ્ઞાનને બીજી જ રીતે જોઉં છું. (૨૫૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા મહાન ગ્રીક ચિંતક અને ચારણકવિ ઝીનોફેન (Xenophanes)નો પડઘો પાડતાં તે કહે છે) જ્યાં સુધી વિજ્ઞાનના જ્ઞાનની નિશ્ચલતા અને આખરીપણાનો સવાલ છે, વિજ્ઞાન પાસે આવું કાંઈ જ નથી. જે કાંઈ છે તે અટકળો છે, હિંમતભરી પરિકલ્પનાઓ છે, સંભવિતતા (probability)ના ત્રાજવે તેની સાર્વત્રિક થિયરીઓનું મૂલ્ય શૂન્ય છે.

પરંતુ મનુષ્યે આદરેલા યજ્ઞના પરિણામ રૂપે તેને જોઈએ; મનુષ્યની આશાઓ, સ્વપનાં, અંતઃસ્ફુરણાઓ અને આવેગો, અને સૌથી વધારે તો સર્જનાત્મક કલ્પનાશીલતા અને રેશનલ આલોચનાત્મક વિચારના ઉત્કૃષ્ટ સંયોજનના પરિણામ રૂપ તેને જોઈએ તો હું Science ના S ને પ્રિન્ટર પાસેના સૌથી મોટા કેપિટલથી લખવા માગું. વિજ્ઞાન એ કળા અને સાહિત્યની જેમ મનુષ્યની ચેતનાનું મહાન સાહસ જ માત્ર નથી. સર્જનાત્મક કળાના વિવિધ પ્રકારોમાં કદાચ તે સૌથી વધુ માનવીય (human) છેઃ મનુષ્યની અનેક પ્રકારની નિષ્ફળતાઓ, નબળાઇઓ અને ટૂંકી દૃષ્ટિના દોષોથી ઊભરાતું વિજ્ઞાન આપણને અંતર્દૃષ્ટિના (insights) એવા તો ચમત્કાર બતાવે છે કે વિશ્વની અજાયબીઓ અને મનુષ્યની ચેતના તરફની આપણી દૃષ્ટિ જ બદલાઇ જાય છે. આટલું જ નહીં, માનવીય બધી જ કોશિશોમાં પણ સૌથી મોટી માનવીય કોશિશ–માનવમુક્તિ એ વિજ્ઞાનનું જ સીધું પરિણામ છે.

વિજ્ઞાનના મહાન સાહસને માનવીય ચેતનાનું અને માનવતાનું એક વિરાટ ચરણ ગણતો પોપર હવે આપણને મનુષ્યની ચેતનાના ડાર્લીનીયન ઉત્ક્રાંતિના આયામ તરફ લઈ જાય છે, અને આપણને ખુલ્લા વિશ્વ - open universeની ઝાંખી કરાવે છે. ■

**The empirical basis of objective science has nothing "absolute" about it. Science does not rest upon solid bedrock. The bold structure of its theories rises, as it were, above a swamp. It is like a building erected on piles. The piles are driven down from above into the swamp, but not down to any natural or 'given' base, and if we stop driving the pile deeper, it is not because we have reached firm ground. We simply stop when we are satisfied that the piles are firm enough to carry the structure, at least for the time being.**

**Karl Popper**

# ન્યાયતંત્રની અતિરેક્તા

*- રાજીવ ધવન*

આપણા બંધારણના ઘડવૈયાઓએ 'પર્યાવરણ પરના અધિકાર'ને પાયાનો અધિકાર નહોતો ગણ્યો. ઇન્દિરા ગાંધીના ૪૨મા બંધારણીય સુધારાએ એને બંધારણીય અપેક્ષા (Constitutional Expectation) બનાવી (આર્ટિકલ ૪૮-અ). કટોકટી પછી સુપ્રીમ કોર્ટે આ અપેક્ષાને ભારતની તમામ પ્રજાના 'જિંદગી અને સ્વતંત્રતા' (આર્ટિકલ ૨૧)ના અધિકારના ભાગ રૂપે એને તમામના 'સામૂહિક અધિકાર'માં ફેરવી દીધી.

મસુરી હિલ્સ કેસ (૧૯૮૫-૮૯)થી સુપ્રીમ કોર્ટે પોતાની પાસે જબરજસ્ત સત્તા હાંસલ કરી છે, જેનાથી ઉત્તેજના પણ જાગે છે અને ડર પણ જન્મે છે. એણે મસુરીની કવોરીઓ અટકાવી, સરિસ્કા, અરવલ્લી અને અન્ય અભયારણ્યોમાં ખનન પ્રવૃત્તિ પર રોક લગાવ્યો. પન્ના, કુટેમુખ વગેરેમાં ખનન પ્રવૃત્તિઓ બંધ કરવાના આદેશ આપ્યા, દિલ્હીના પબ્લિક ટ્રાન્સપોર્ટમાં CNG વાપરવાનું ફરજિયાત બનાવ્યું, યમુના સાફ કરવાની યોજના ફરમાવી. ઉદ્યોગોને દિલ્હીની બહાર ખસેડ્યા, દિલ્હીની દુકાનો પર તાળાં લગાડયાં અને ભારતની તમામ નદીઓને જોડવાની ઘોષણા કરી.

કોર્ટે પર્યાવરણીય કેસોમાં ત્રણ પ્રકારની ટેકનિક દ્વારા નવીનતા આણી : (૧) મૂળ કેસની હકૂમતને ઢીલી પાડીને બધા લોકોને પોતાની ફરિયાદો રજૂ કરવાની છૂટ આપવામાં આવી; (૨) હકીકતો જાણવા માટે જાંચ-તપાસની સત્તા ધારણ કરી; (૩) કાયમી પરમાદેશ (mandamus) સત્તા તરીકે જાણીતી દેખરેખ અને નિયંત્રણની સત્તાની રૂએ કોર્ટે પોતાની સત્તા સમિતિઓને સોંપી, જે સમિતિઓથી લોકો ફફડતા રહે છે. પછી કોર્ટે પોતે નીમેલી આ મહાકાય સમિતિઓને પોલિસિંગ (policing) એજન્સીઓ બનાવી દીધી. એમાંની એક એજન્સી છે એન્વાયર્નમેન્ટ પોલ્યુશન (પ્રિવેન્શન એન્ડ કન્ટ્રોલ) ઓથોરિટી. બીજી છે દિલ્હીની જે જમીનનો એના નિર્ધારિત ઉપયોગને બદલે બીજો ઉપયોગ થતો હોય એના પર 'તાળાં લગાવતી' સમિતિ, જેણે દિલ્હીના દુકાનદારો, વેપારીઓ અને રહેવાસીઓને આઘાતમાં નાખી દીધા છે. અને આ તમામ એજન્સીઓમાં સૌથી વધુ શક્તિશાળી છે વન કેસો (Forest Cases) માટે બનાવેલી સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટી (સીઇસી).

સીઇસીમાં કોને સભ્ય તરીકે મુકાવા જોઇએ એ અંગે પણ સુપ્રીમ કોર્ટ આગ્રહ રાખે છે, પછી ભલે સરકાર કોઇ અન્યને ઇચ્છતી હોય. બની બેઠેલા પર્યાવરણવાદીઓ અને ખુદ પર્યાવરણ મંત્રીની પણ ઉપરવટ જતા હોય એવા અધિકારી સીઇસીમાં સભ્યો તરીકે છે. સીઇસીનો પોતાનો કોઇ જુદો જ એજન્ડા છે. 'વેદાન્ત'ના કેસમાં એણે કોર્પોરેટ રિસ્ટ્રકચરીંગ કર્યું. મારુતિ કોલ વોશરીઝના કેસમાં એ પોતાના જ અહેવાલની વિરુદ્ધમાં ગઇ. 'કોર્ટના મિત્ર' (amicus curiae)ની સાથે મળીને એણે 'નેટ પ્રેઝન્ટ વેલ્યુ' (NPV) નામના વેરાનું સૂચન કર્યું જેના આધારે કોર્ટે NPV લેવાનો આદેશ કર્યો, જે બંધારણનું સ્પષ્ટ ઉલ્લંઘન છે, કારણ કે વિધાયકની સત્તા વગર કોઇપણ વેરો થોપી ન શકાય (આર્ટિકલ ૨૬૫).

સીઇસીના અહેવાલોને સુપ્રીમ કોર્ટ શુક્રવારની ભરચક બપોરે ફાસ્ટ ટ્રેક સુનાવણી કરીને બહાલી આપે છે. આ સુનાવણીઓમાં અસરગ્રસ્ત વ્યક્તિઓ વધુ વખત (too often) કે વધુ વાર (too long) બોલવાની હિંમત પણ કરી નથી શકતી. એવું લાગે છે કે લોકતંત્ર બદલાઇ રહ્યું છે; ન્યાયિક પ્રક્રિયા અંદરથી ખોતરાઇ રહી છે, અને કાયદાનું શાસન જાણે નવેસરથી લખાઇ રહ્યું છે. જ્યારે જ્યારે જંગલવિસ્તારમાં વીજળીની લાઇનો કે ટેલિફોનનાં દોરડાં નાખવાનાં હોય ત્યારે સીઇસી વચ્ચે પડે છે. એ જે કહે છે અને કોર્ટના મિત્ર જે દરખાસ્ત મૂકે છે એને સુપ્રીમ કોર્ટ થોડા ઘણા સુધારા સાથે બહાલી આપી દે છે; જ્યારે ઉદ્યોગો, ખાણિયાઓ અને બીજા બધા જ કોર્ટની થોડીઘણી પણ કૃપાદૃષ્ટિ પડી જાય એવી અપેક્ષાએ વકીલો વચ્ચે આમતેમ ફંગોળાયા કરે છે. વનકેસ, જેમાંથી સીઇસી જન્મી, તેમાં તો પાંચ હજાર કે તેથી વધુ અરજીઓ દાખલ થઇ છે. નાની મોટી ઘણી યોજનાઓ અટકાવી દેવામાં આવી છે. કેટલીક એ કારણે કે તે કાયદાનો ભંગ કરે છે, કેટલીક એ કારણે કે સીઇસી જે માને છે એનો તે ભંગ કરે છે.

પર્યાવરણનાં બહુ મોટાં ઉલ્લંઘનો થઇ રહ્યાં છે એની ના નથી. પણ સુપ્રીમ કોર્ટ, એની સીઇસી જેવી એજન્સી સાથે મળીને એ બધાંને નાથી શકે એમ છે? સુપ્રીમ કોર્ટની આ 'સતત મેન્ડેમસ'ની સત્તાની રુએ નીતિ બનાવવાની અને રોજ-બરોજના નિર્ણયો લેવાની મૂળે વહીવટીતંત્રની કામગીરી પોતાને હસ્તક લઇ લીધી છે. સત્તાના વિભાજનના સિદ્ધાંતનો તો એ ભંગ કરે જ છે, પણ વાસ્તવમાં એ એકદમ વાહિયાત પણ છે.

વનકેસ છેલ્લાં ૧૨ વર્ષથી ચાલુ છે. એનો અંત આણી દેવાવો જોઇએ. કોર્ટે ખાસ બેન્ચ બોલાવવી જોઇએ જે એ નક્કી કરે કે (૧) જંગલ કોને કહેવાય; (૨) કોર્ટ ભારે વેરો નાખી શકે કે નહીં; (૩) જંગલ અને

પર્યાવરણ માટે કોર્ટ શેને માન્ય હદ (permissible limit) ગણે છે. આ બધા પર ચુકાદો આવી જવો જોઈએ અને કાયમ માટેની કાનૂની સમજ નક્કી થઇ જવી જોઇએ. મારું સૂચન છે કે મોટી કમિટીઓ, જેમણે એવી સત્તા મેળવી છે, જે તેમને ક્યારેય અપાવી જોઇતી નહોતી અને જેમને સુપ્રીમ કોર્ટે પોતાની સત્તા ક્યારેય સોંપવી જોઇતી નહોતી, એ કમિટીઓને તો બરખાસ્ત જ કરી દેવામાં આવે. ■

(લેખક સુપ્રીમ કોર્ટમાં અગ્રણી વકીલ છે. આ લેખ જૂન ૧-૧૫, ૨૦૦૮ના Down to Earthમાંથી સાભાર લીધો છે.)

# ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનાં વિધાનોનું ઔચિત્ય

*- અશ્વિન ન. કારીઆ*

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ કે.જી. બાલક્રિશ્નન બે કારણોસર ચર્ચાના કેન્દ્રમાં રહ્યા છે. આશરે એક માસ પૂર્વે તેઓને એમ કહેતા ટાંકવામાં આવ્યા હતા કે ન્યાયતંત્રના સભ્યો બંધારણીય હોદ્દો ધરાવતા હોવાથી તેઓ માહિતી અધિકાર કાયદા હેઠળ જવાબદાર બનતા નથી. 'સીદીભાઈને સીદકા વ્હાલા' જેવી આ વાત છે. ચૂંટણી કમિશ્નર, ઓડિટર જનરલ ઓફ ઈંડિયા, એટર્ની જનરલ, વડા પ્રધાન, રાષ્ટ્રપતિ વગેરે પણ બંધારણીય હોદ્દાઓ છે. આ તમામને માહિતી અધિકાર કાયદો લાગુ પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો માહિતી અધિકાર કાયદા હેઠળ આ તમામ બંધારણીય હોદ્દાઓ જવાબદાર છે. સદીઓ પૂર્વે એમ કહેવાતું કે 'રાજા કાયદાથી પર છે (king is above the law)'. પરંતુ આ સિદ્ધાંત કેટલાંયે વર્ષોથી દફનાવી દેવાયો છે. અન્ય કોઈપણ નાગરિકની જેમ જ રાજ્યને પણ કાયદો લાગુ પડે છે. કેન્દ્રિય પ્રધાન તરીકે બંગલાનો કબજો ભોગવી રહેલ બલરામ જાખડે સત્તા પૂરી થયા બાદ પણ કબજાની સોંપણી સરકારને ન કરતાં, તેઓ તે સમયે ઝારખંડના રાજ્યપાલ હોવા છતાં, બંગલો ખાલી કરવાની સર્વોચ્ચ અદાલતે તેમને ફરજ પાડી હતી. કેન્દ્રિય પ્રધાન તરીકે શીબુ શોરેન પોતાની સામેની કાનૂની કાર્યવાહી કેટલાય વખત સુધી સત્તાના જોરે ટાળતા રહ્યા. અંતે તેમણે જેલવાસ ભોગવવાનો વારો આવ્યો છે. ભૂતપૂર્વ વડા પ્રધાનો ઈંદિરા ગાંધી અને નરસિંહરાવ ધરપકડની પ્રક્રિયામાંથી પસાર થયાં છે.

હા! ન્યાયતંત્રને રક્ષણ આપતો કાયદો છે ખરો, અને તેનું નામ છે Protection of Judicial Officers Act આ કાયદો ન્યાયતંત્રના સભ્યોને તેમણે પોતાના હોદ્દાની રુએ શુદ્ધબુદ્ધિથી કરેલ કૃત્યોને ફોજદારી કાર્યવાહી સામે રક્ષણ પૂરું પાડે છે. પરંતુ આ કાયદો અંગત હેસિયતથી કરેલ ગુના સામે કોઇ ન્યાયાધીશને ફોજદારી કાર્યવાહીમાંથી મુક્તિ આપી શકે નહીં. તે જ રીતે, માહિતી અધિકાર કાયદાના ક્ષેત્રમાંથી મુક્તિ અપાયેલ સંસ્થાઓમાં ન્યાયતંત્રનો સમાવેશ કરાયો નથી. આપણા રાજ્યનું દરેક અંગ (સંસદ, કારોબારી અને ન્યાયતંત્ર) બંધારણને આધીન છે. માહિતી અધિકાર ધારો પણ બંધારણ હેઠળ સંસદને મળેલ સત્તા હેઠળ ઘડાયો છે. ન્યાયતંત્રને મુક્તિ આપવાની કોઇ જોગવાઇ સદર કાયદામાં છે નહીં. માહિતી અધિકાર કાયદો કેબિનેટ બેઠકની નોંધો - ફાઈલો પરના અભિપ્રાયો સુધ્ધાંને લાગુ પાડવાના કેન્દ્રિય માહિતી પંચે ચુકાદાઓ આપ્યા છે. ન્યાયતંત્ર બંધારણીય જવાબદારીઓ અદા કરતી વખતે પોતે બંધારણીય સત્તા હોવાનું કારણ રજૂ કરીને માહિતી અધિકાર કાયદાથી પર હોવાનું મુખ્ય ન્યાયમૂર્તિનું વિધાન પ્રતીતિજનક નથી.

એમણે એક બીજી અખબારી મુલાકાતમાં રાજ્ય વહીવટમાં ન્યાયતંત્રની દખલગીરી (યાને કે ન્યાયિક સક્રિયતાની) જોરદાર તરફેણ કરી છે. ન્યાયિક સક્રિયતા વિરૂદ્ધની દલીલ એવી છે કે બંધારણે દરેક તંત્ર (સંસદ, કારોબાર અને ન્યાયતંત્ર)ની જવાબદારીના ક્ષેત્રો નક્કી કર્યા છે. તેથી દરેક પોતાની મર્યાદામાં જ કામગીરી બજાવવી જોઈએ. આપણા દેશની લોકશાહી જીવંત રહે તે માટે બંધારણ ઘડવૈયાઓએ ઈરાદાપૂર્વક વહીવટીતંત્ર અને ધારાતંત્ર, બંધારણ વિરૂદ્ધ અથવા નાગરિકોના મૂળભૂત અધિકારોનો ભંગ કરીને વર્તે નહીં તે માટે આ બન્ને પાંખો પર ન્યાયતંત્રનો અંકુશ રાખ્યો. આ હેતુથી બંધારણ અનુચ્છેદો ૩૨, ૨૨૬ અને ૨૨૭થી ન્યાયતંત્રને વિશાળ સત્તાઓ પણ અપાયેલ છે.

ન્યાયિક સક્રિયતાનો લાભ ગોકળગાયની ગતિથી ચાલતા વહીવટીતંત્રથી ત્રસ્ત પ્રજાને સારાં પ્રમાણમાં મળ્યો છે. વેઠિયા મજૂરોની મુક્તિ, શાળાઓમાં મધ્યાહન ભોજનનો અમલ, દિલ્હીમાં જાહેર પરિવહન બસોમાં ડિઝલનાં સ્થાને સીએનજીનો ઉપયોગ કરીને પ્રદૂષણથી મુક્તિ, ગંગા નદીની ગંદકીનું નિવારણ, કામકાજી સ્ત્રીઓ માટે કામકાજના સ્થળે જાતીય સતામણી અટકાવતા કાનૂન, પ્રદૂષણ ફેલાવતાં કારખાનાંઓને દિલ્હી બહાર સ્થાપન, પ્રદૂષણ સામે તાજમહાલનું રક્ષણ, દત્તક લેવાના બહાને વિદેશ મોકલાતાં બાળકોનાં કૌભાંડ પર રોક, વગેરે ન્યાયિક સક્રિયતાનાં આવાં અનેક ઉદાહરણો જાણીતાં છે. અલબત્ત, એ સ્વીકારવું જોઈએ કે ન્યાયિક સક્રિયતાનાં કેટલાંક સંભવિત દુષ્પરિણામો પણ છે. સક્રિયતાના નામે પછી સઘળો વહીવટ ન્યાયતંત્રના હસ્તક ન આવી જાય તે જોવું જોઈએ. તે જ રીતે, ન્યાયતંત્ર સસ્તી લોકપ્રિયતા પ્રાપ્ત કરવાનું હાથ વગું સાધન પણ ન બની રહેવું જોઈએ. ■

# દેશનું વહીવટીતંત્ર નમી પડયું છે ત્યારે સરદારનો રાજયોગ.. .. ..

*- રાજેશ મિશ્રા*

## નમી પડતું વહીવટીતંત્ર : 'એમાં શું થઇ ગયું ?''

તારીખ ૧/૫/૨૦૦૮ ના રોજ અમરેલી કલેકટર શ્રી ઝાલાવાડિયાનું મુખ્યમંત્રીનાં ચરણોમાં નમી પડવું તે સામાન્યપણે તો એમાં શું થઇ ગયું, આદરભાવ ઊભરાઇ ગયો અને તેમ કર્યું, ચરણસ્પર્શ તો ભારતીય પરંપરા છે.[1] તે રીતે લેવાયો હશે. થોડા સમય પૂર્વે, શીબુ સોરેનનાં ચરણોને પણ ઉચ્ચ અધિકારીવર્ગના નમન અને હસ્તસ્પર્શનો લહાવો મળેલ. આ ઘટનાએ, શીબુ શોરેને તો ઠીક ગુજરાતના મુખ્યમંત્રીએ પણ કોઇ પ્રતિભાવ ન આપવાનું પસંદ કર્યું અને *'એમાં શું થઇ ગયું ?'* તેવી જનસામાન્ય સમજને સહેજ પણ હચમચાવી નથી. દેશના મેરુદંડ - કરોડરજ્જુ, સ્ટીલફ્રેમ - ગણાતી ઉચ્ચ અમલદારી કેડર (આઇ.એ.એસ.,આઇ.પી.એસ.વગેરે)નું નમી જવું અને જાણે કંઇ થયું જ નથી તેમ તે ઘટનાનું વીસરાઇ જવું, તે રોગગ્રસ્ત સમાજની નિશાની છે. આ ઘટનાની ગુજરાતમાંથી કોઇ ખાસ ટીકા ના થઇ તે એક નવાઇ છે. કેમ કે દેશની આ સ્ટીલફ્રેમ કરોડરજ્જુના દાયણ સરદાર હતા અને સરદારનું તે કામ કંઇ નાનુંસૂનું ન હતું. આઝાદી પછી સરદારે સૂઝ - સલુકાઇથી વહીવટી સેવાઓને પડી ભાંગતી અટકાવી. તેટલું જ નહી, સનદી અધિકારીઓ ગરદન ટટાર રાખી સ્વમાનથી માત્રને માત્ર દેશહિત જ જુએ. તે આદર્શ ઉપદેશો-ભાષણો નહી પણ જાતઅમલમાં મૂકી ચીલો પાડી બતાવ્યો. સરદાર તો લાંબો સમય આપણી સાથે રહ્યા નહી પણ તેમણે જાતે અમલ કરીને અસરકારક અમીટ છાપ પાડી. તેની સચોટ તાકાતે, ખુમારીવાળા અધિકારીઓ લાંબા સમય સુધી આ ચીલો જાળવી શક્યા. સરદારના માનસસંતાન - સનદી સેવાઓ (હવે પછી અમલદારશાહી) - સરદારના ગુજરાતમાં જ, તેની ગરીમા ગુમાવતાં હોય અને વારે-તહેવારે સરદારને હુકમના પત્તાની માફક વાપરતા ગુજરાતના 'બૌધ્ધિકો' ચૂપચાપ રહે તે બીજું આશ્ચર્ય!


## સરદારનો રાજયોગ : *વહીવટી સેવાઓ મુક્ત હશે, તેણે મુક્ત થઇ રહેવું પડશે*

સરદારે કયા સંજોગોમાં, કઇ રીતે, કેવા વાંધાવિરોધ વચ્ચે આઇ.એ.એસ. - અમલદારશાહી સેવાઓનું અવતરણ કર્યું, તે મથામણોની વાત ફરી કયારેક. હાલ તો સરદારનું માનસ સંતાન, અમલદારશાહી સેવાઓ સરદારની સામે ગરદન ઊંચી કરી ટટાર રહી, દેશહિતને જ એકમાત્ર ફરજ ગણે તે માટે સતત સભાન રહેતા સરદારનાં કેટલાંક સંભારણાં. (બી. કૃષ્ણા લિખિત "Sardar Patel- India's Iron Man"ના પા.નં ૪૬૨થી ૪૯૩)

આઇ.એ.એસ.- ભારતની સનદી સેવાઓની પ્રથમ પ્રોબેશનર બેચને સંબોધન કરતાં સરદારે કહ્યુ, ''આઇ.સી.એસ.(અંગ્રેજોની અમલદાર સેવાઓ)ની જૂની રીતરસમો હવે જવામાં છે, આઇ.એ.એસ. સેવાઓનું નિર્માણ એક યુગવર્તી ઘટના છે, આ સેવાઓ હવે મુક્ત હશે, તેણે મુક્ત થઇ રહેવું પડશે, અને ભૂતકાળની પ્રથાઓ- આદતોથી દોરવાયા વિના તેણે રાષ્ટ્રસેવાની સાચી ભૂમિકા બજાવવી પડશે... (અંગ્રેજ શાસન સમયે) તમારા પૂર્વગામી અધિકારીઓએ એક વિદેશી સત્તાના એજન્ટ તરીકે અને પોતાના સારામાં સારા નિર્ણયની વિરુધ્ધ પણ વિદેશી સાહેબોની મુન્સફી મુજબ કામ કરવું પડતું... (હવે પછી) અમલદાર અધિકારી કયારેય રાજકારણમાં ભાગ લઇ શકે નહી, અને કોમી તનાવોમાં પોતાની જાતને કોઇ રીતે સાંકળશે નહી. ઉચ્ચ નૈતિકતાના આ બે માપદંડોમાંથી કોઇના પણ રસ્તેથી આડા ચાતરવું એટલે અમલદારશાહી સેવાઓનું અપમાન થયું ગણાશે અને તેની ગરીમા લજવાશે, હલકી પડશે''

સરદારનો આગ્રહ રહેતો કે અધિકારીઓ કોઇપણ જાતની બીક કે દબાણ વિના કામ કરે; સ્વતંત્રપણે વિચારે અને અમલ કરે; તેમની તમામ શકિતઓ અને પૂરેપૂરું જ્ઞાન કામે લગાડી નિર્ણય લે અને જવાબદારીથી દૂર ના ભાગે. તેઓ કહેતા : ''મારા સચિવ એવી નોંધ લખી શકે, જે મારા અભિપ્રાયથી સાવ જુદી હોય. મારા તમામ સચિવને તે સત્તા મેં આપેલી છે અને કહ્યું પણ છે કે જો આપ બીક રાખશો અને મને ગમશે નહીં તેમ વિચારી અપ્રામાણિક મંતવ્ય આપશો તો મારી આપને વિનંતી છે કે આપ રજા લો, હું બીજા સચિવ ખોળી લઇશ.'' અંગ્રેજો શાસનમાં હતા, આઝાદીની લડત ચાલતી હતી, તે વખતે કોંગ્રેસ વર્કીંગ કમિટિએ આંધ્રપ્રદેશ રાજ્યની ભાષાકીય ધોરણે રચના કરવાનો ઠરાવ પસાર કરેલો. સ્વરાજ શાસનમાં કોંગ્રેસ વર્કીંગ કમિટિના ઠરાવોનો અમલ કરવાનો નિર્ણય લેવાયો. વહીવટીતંત્ર માટે ઘણી વાર આ બાબત અઘરી થઇ પડતી. ગૃહસચિવ આયંગર પોતે, આંધ્રપ્રદેશ રાજ્યની ભાષાકીય ધોરણે રચના કરવાના વિરોધમાં હતા અને તે દિશામાં પગલું ભરી શકે તેમ ન હતા. તેમણે સરદારને પૂછયું, ''તમે

લોકોએ - સરદાર, નહેરુ, મૌલાના અને રાજેન્દ્રપ્રસાદે - જ આ ઠરાવ પસાર કરેલો છે અને હવે તો તમે કેબિનેટ પ્રધાનો છો, તમે મારી પાસે આ બાબતે શું અપેક્ષા રાખો છો?'' સરદારે ત્વરિત પૂછયું, ''તમે ગૃહસચિવ છો કે નહી?'' તે પછી સરદારે જણાવ્યું ''તમારી ગૃહસચિવ તરીકેની ફરજ બજાવો. આ ઠરાવ મંજૂર કરનાર કોણ છે તેની તમારે શા માટે ફિકર કરવી જોઇએ? તમે તમારી રીતે નોંધ તૈયાર કરો, આ નિર્ણયના અમલથી કેવાં પરિણામો ઊઠશે, કંઇ રીતે આગળની ચકાસણી કરવી જોઇએ, તે જણાવો. તમારે મુકતપણે અને સ્પષ્ટપણે આખા પ્રશ્નની છણાવટ રજૂ કરવી જોઇએ.' આયંગરે તે મુજબ કેબિનેટ મિટિંગમાં નોંધ રજૂ કરી અને ભાષાકીય ધોરણે આંધ્રપ્રદેશની રચનાનો નિર્ણય મુલતવી રહ્યો. તે પછી હળવાશની પળોમાં આયંગરે સરદારને કહ્યું, ''આજે ગૃહપ્રધાન સરદારે, કોંગ્રેસ વર્કીંગ કમિટિના સરદાર પટેલને ઓવરરુલ કર્યા અને તે કામમાં હું સફળ થયો છું.'' તે પછી સરદારે જાહેરમાં પણ સ્વીકારેલ કે ભાષાકીય ધોરણે પ્રાંતરચનાથી વહીવટી, આર્થિક અને નાણાંકીય માળખાઓ ખોરવાશે, બાધાઓ સર્જતાં અને વેરવિખેર કરી નાંખનાર પરિબળોને છૂટો દોર મળશે.



એક વાર સરદારે, માઉન્ટ બેટને ઊભા કરેલ એક મુદ્દા પર, કાયદા સચિવ શાવાક્ષલાલને અભિપ્રાય આપવા કહ્યું. માઉન્ટબેટન હજુ વાઇસરોય અને ગવર્નર જનરલ તરીકે ચાલુ હતા. બીજી બાજુ શાવાક્ષલાલને થોડા દિવસ પહેલાં જ એક અન્ય કેબિનેટ પ્રધાનને અણગમતો જવાબ આપવા બદલ વેઠવાનું આવેલું. શાવાક્ષલાલે સામું પૂછયું, ''શું આપ મારા પ્રામાણિક અભિપ્રાયની અપેક્ષા રાખો છો?'' આ સાંભળી સરદાર ઊકળી જ પડયાઃ ''શું ભારત સરકાર તમને મહિને રુ. ૪૦૦૦ નો પગાર, અપ્રામાણિક અભિપ્રાય આપવા માટે આપે છે? પ્રામાણિક અભિપ્રાય જ આપવાની તમારી ફરજ છે, તે જ તમારે આપવાનો હોય, સ્વીકારવો કે નહી તે મારી મરજી.'' આ બનાવ પછી શાવાક્ષલાલ લખે છે કે મને હું કયાં ઊભો છું તે ખબર પડી, તે પછી સરદાર જ્યારે પણ મારી સાથે ચર્ચાવિચારણા કરતા ત્યારે મેં ખચકાટ વગર મારા અભિપ્રાય આપેલ.

અધિકારીઓના આત્મસમ્માન અને તે માટે તેમની સાથે આદરપૂર્ણ સંબંધો રાખવાનું સરદાર માટે સહજસાધ્ય હતું. તેઓ અધિકારીઓની શકિતઓ અને મનસૂબાઓ પર ભરપૂર ભરોસો કરતા અને તેમનો આત્મવિશ્વાસ એ હદે વધારી શકતા કે રાજ્યખાતાના સચિવ શ્રી વી.પી. મેનન તો પોતાની મેળે જ તે વખતના મોટામા મોટા રાજવી સાથે જોડાણખત પર સહીઓ કરવાની વાટાઘાટો ચલાવતા. મેનને, રાજા-રજવાડાઓના કેન્દ્ર (હિંદી સંઘ) સાથે કરવાના વિલીનીકરણ માટેનો કાનૂની દસ્તાવેજ -જોડાણખત- નો કાચો મુસદો અને તેના હાર્દરૂપ મુદ્દાઓ સરદાર સાથે એક વાર ચર્ચી લીધા તે પછી મુસદ્દામાં જરૂરી સુધારાવધારા જાતે જ કરી દીધેલા. કોઇક રીતે આ ડ્રાફટ હિન્દુસ્તાન ટાઇમ્સના હાથે ચઢયો અને તેણે છાપી કાઢયો. તે દિવસે સવારે, વીપી મેનન સરદારની સાથે જ હતા. સરદારે ગંભીર મુખમુદ્રા ધારણ કરી, તેમને અવગણવામાં આવેલ છે તેવું દર્શાવતાં કહ્યું, ''મેનન, હવે જયારે જોડાણખતનો મુસદો છાપામાં છપાઇ જ ચૂકયો છે ત્યારે મને તેની એક નકલ જોવા મળી શકે કે કેમ?'' મેનન મૂંઝાઇ ગયા. વડીલને ખોટું લાગ્યું કે શું, તે સવાલે ગભરાટ તેમને ઘેરી વળ્યો. થોડી વારે સૌમ્ય ચહેરા પર રમતિયાળ આછા સ્મિત સાથે સરદારે કહ્યું, ''અરે, એ તો હું મજાક કરતો હતો.'' મેનન સાવ હળવાફૂલ થયા.

સરદાર સાથે મેનન જેવો જ મોભો શ્રી આયંગર પણ ધરાવતા. એક દિવસ સરદારના શયનકક્ષમાં આયંગર ચર્ચામાં હતા. આ સમયે પેપ્સુ રાજ્યો તરીકે ઓળખાતા પટિયાલાના મહારાજા આવી ચઢયા. આયંગરે વિનય

જતાવ્યો. "આપ મહારાજા સાથે વાતચીત પતાવો ત્યાં સુધી હું દીવાનખાનામાં બેસું" તેમ કહી જતા હતા. સરદારે તેમ કરવા ના પાડી. જાતે મહારાજાને શયનકક્ષમાં તેડી લાવ્યા, ખુરશી પર વિરાજમાન થવા કહી, આયંગર સાથે ચર્ચા પૂરી કરી. બીજા દિવસે આયંગરે પૂછયું કે ગઇકાલે તમે આવું શા માટે કર્યું? સરદારે જવાબ આપ્યો કે "આવું કરવા માટેનું કોઇ જ અંગત કારણ (મહારાજાને રાહ જોતા રાખી તેમનું સ્થાન બતાવવું કે પોતાનું ઊંચું ચઢાવવું તેવું કોઇ કારણ.) ન હતું પણ મારા અભિગમે ભારત સરકારના સચિવનું સ્થાન ઉચ્ચ દરજ્જાનું છે અને જાહેર જનમાનસમાં તે સ્થાનની મર્યાદા અકબંધ રહેવી જોઇએ."

એક સિનિયર કોંગ્રેસી રાજનેતાએ, જો માંગણીઓ ના સ્વીકારાય તો આમરણ ઉપવાસ અને ગંભીર પરિણામોની ચેતવણી આપતો પત્ર પાઠવેલ. આયંગર તે કાગળ ગજવામાં રાખી સરદારને મળવા ગયા. આયંગર સાથેની મૌખિક ચર્ચામાં સરદારે નિર્ણય આપી દીધો. આતુરતાવશ આયંગરે પૂછયું કે કાગળ નથી જોવો? તરત જ સરદારે જવાબ આપ્યો, "તમે કોઇ મુદ્દો કહેવાનું ચૂકી ગયા છો કે હું કોઈ મુદ્દાનો જવાબ આપવાનું ભૂલી ગયો છું?" આયંગરે ના પાડી અને સરદારે રાજનેતાનો પત્ર જોવાનો ઇન્કાર કરી દીધો.

એક વાર એક સિનિયર કોંગ્રેસી અગ્રણી વિષે સરદારે પૂછપરછ કરી તેથી આયંગર તો મૂંઝાઇ ગયા અને કહ્યું, "હું શું કહેવાનો, મને તો રમૂજ જેવું લાગે છે, આપ તો તેમની સાથે ઘણું રહી-ફરી ચૂકેલા છો અને મને પૂછો છો?" સરદારે કહ્યું કે "તમે ભૂલ કરો છો, હું તેમની સાથે રહ્યો-ફર્યો છું, તે વાત સાચી પણ મારો અભિપ્રાય પૂર્વગ્રહપ્રેરિત નથી જ તેવી ખાતરી મને શી રીતે થાય? તમારો (અમલદાર અધિકારીઓનો) અભિપ્રાય માહિતી આધારિત હશે, જે માહિતી મને શક્ય ન પણ હોય; તમે તમારી માહિતી અને અભિપ્રાય આપો અને મારી પાસે જાણકારી છે તે બંનેના આધારે કદાચ હું સમતોલ નિર્ણય લઇ શકું."

સરદાર જરૂર પડે અધિકારીઓને ટપારતા, ખંખેરી પણ કાઢતા પરંતુ તેવું તો તે તેમના સમકક્ષ પ્રધાનો અને વડા પ્રધાન નહેરુ સાથે પણ કરતા. સરકારી કામકાજમાં શિસ્ત, આચારસંહિતા, મુકત ખુલ્લી ચર્ચા છતાં સમયસર નિર્ણય લેવાઇ જવાના આગ્રહી સરદાર જ્યારે કંઇ અવળું જુએ ત્યારે જ અને તે વિષયે જ અધિકારીઓને ટપારતા. સામાન્યતઃ સરદાર સચિવો સાથેના તેમના વ્યવહારમાં અતિ નમ્ર રહેતા. વાત કરતી વખતે ભાગ્યે જ તેમનો અવાજ ઊંચો થતો, અત્યંત ધીરજથી પૂરેપૂરી વાત સાંભળતા અને છેવટે નિર્ણય પર પહોંચતા. એક વાર નિર્ણય લેવાઇ જાય તે પછી તેની પૂરી જવાબદારી સરદાર પોતે લેતા. અધિકારીએ નિર્ણય લેવડાવી લીધો અને આવું થયું તેમ કહી તેમના પર જવાબદારી ઢોળવાનું સરદારના લોહીમાં ન હતું. આયંગર નોંધે છે કે એક સમયે તેઓને જાતે, સરદાર કે અન્ય કોઇપણ સિનિયર કેબિનેટ પ્રધાન સાથે ચર્ચા કર્યા વગર નિર્ણય લેવો પડે તેમ હતો. આયંગરે તે નિર્ણય લઇ લીધો. તે પછી સરદાર સાથે તેની ચર્ચા થઇ, અધવચ્ચેથી જ સરદારે અસંમતિનું ડોકું ધુણાવ્યું. આયંગર ગભરાયા, તેમની રજૂઆત પતી તે પછી સરદારે કઇ રીતે તેમનો નિર્ણય ખોટો છે તે વિસ્તારથી સમજાવ્યું. પણ જ્યારે કેબિનેટમાં આ મુદ્દાની ચર્ચા નીકળી ત્યારે સરદારે તે નિર્ણય પોતાનો જણાવ્યો અને બચાવ કરેલો. આયંગર કહે છે કે આ પગલાની તેમના પર થયેલી અસર વેધક હતી.

૧૯૪૯માં બંધારણસભામાં અમલદારી સેવાઓને બંધારણીય ગેરંટી આપતી કલમ ૩૧૧ પર ચર્ચા ચાલી. ઘણા સભ્યો એવા મતના હતા કે અમલદારી સેવાઓને કોઇપણ જાતની ગેરંટી આપી ના શકાય. સરદારે ભારપૂર્વક રજૂઆત કરી કે ૧૯૪૬-૪૭ ના કટોકટીનાં વરસોએ આ સનદી અધિકારીઓની કસોટી કરી છે અને તેમની કામગીરી સોના જેવી નીવડી છે. તેમની કામગીરીઓને બંધારણીય ગેરંટી આપવામાં આવશે તે વચન ૧૯૪૬-૪૭માં મેં આપેલ અને હવે આજે જો બંધારણ સભા તેમાંથી ફારેગ થવા માંગતી હોય તો મને પણ રજા આપો, આ નિર્ણયનો ભાગીદાર હું ના બની શકું. આ વાતે બંધારણ સભાએ કલમ ૩૧૧ સ્વીકારી અને અમલદાર અધિકારીઓ પર, તેમના ઉપરી અધિકારી સિવાય કોઇ પગલાં લઇ ન શકે અને તે માટે પણ તપાસની પૂરી પ્રક્રિયા- જે તે અમલદારને નોટિસ, તેને ખુલાસાની તક અનુસરવી પડે તેવા બંધારણીય રક્ષણો અધિકારીઓને અપાયા. (કે.એલ.પંજાબી ભારતીય વિદ્યા ભવન The indomitable Sardar પા.૧૪૭) બંધારણ સભાને સમજાવતાં સરદારે જણાવ્યું કે 'હું કોઇ રીતે અમલદાર અધિકારીઓને શિસ્ત અને કાર્યજુસ્સામાં રાખવા તે જરૂરિયાતને હળવી કરવા માંગતો નથી પરંતુ બીજી બાજુ તેમની કાર્ય મુશ્કેલીઓ અને તેમના કાર્યને સમજીશું નહી તો તેમની પાસેથી વફાદાર **(રાજ્યને, નહી કે વ્યકિતને)** અને કાર્યક્ષમ કામગીરી મેળવી શકીશું નહી. એ આપણી ફરજ છે કે જે મશીનરી - વહીવટીતંત્ર મારફતે કામ પાર પાડવાનું છે તેને કઇ રીતે સ્વસ્થ હળવાશમાં અને જોશમાં રાખીએ.'

ગૃહસચિવ એચ.વી.શંકરને કહેલી વાત પરથી અમલદાર સેવાઓ અંગેનો સરદારનો દૃષ્ટિકોણ સ્પષ્ટ થાય છે, 'એ દિવસ ખરે જ ખરાબ દિવસ હશે કે જે દિવસે લોકો ઉચ્ચ અધિકારીઓને માનથી જોશે નહીં; પ્રધાનો તો આવે અને જાય પણ સનદી સેવાઓનું કાયમી તંત્ર તો દૃઢ, સારું અને લોકોનું માન ધરાવતું જ હોવું જોઇએ.' ૧૪ મે ૧૯૫૦, ત્રિવેન્દ્રમ ખાતે જાહેર સભામાં સરદારે કહ્યું, 'લોકશાહીમાં સૌથી ખતરનાક બાબત એ છે કે સનદી સેવાઓની કામગીરીમાં interfere - દખલરૂપ થવું.'

સરદારના આ બોલ સાથે અનુવાદ અટકું છું ત્યારે વિચારે ચઢી જવાય છે. અધિકારીવર્ગ સાથેના બનાવો આંખ આગળથી પસાર થઇ જાય છે.

## વહીવટીસેવાઓ : પ્રતિબદ્ધ અમલદારશાહીથી કર્મયોગી અમલદારશાહી , સરદાર કયાં ખોવાયા?

લોકોના કામમાં પડયાના શરૂઆતના દિવસોમાં, કવાંટના હરિજનવાસનાં અમુક ઘરો સુધી વીજલાઇન નહીં ખેંચાયા બાબતે વીસ મુદ્દા અમલીકરણ અધ્યક્ષ શ્રી ઝીણાભાઇને અરજી કરેલ. તે પછી વડોદરા ખાતે ભરાનાર નિકાલ કાર્યક્રમમાં જવાનું હતું. પણ તે પહેલાં એક મિત્રનું કહેણ આવ્યું કે જોજે ને, તારી હાજરીમાં જ કલેકટર વગેરેનો ઊધડો લઇ લેશે અને પછી તને કોઇપણ કામ માટે તકલીફ પડશે નહીં, ફટાફટ તારા સવાલો ઊકલશે. ઝાઝી સમજ નહીં હોવાના એ દિવસોમાં પણ આ પ્રસ્તાવના ગમેલ નહીં અને તે કાર્યક્રમમાં જવાનું ટાળેલ.

ફેરકૂવા ખાતે નર્મદા બચાવ આંદોલન અને સરકાર સમર્થિત ગુજરાતના લોકોનો મોરચો, તે બે વચ્ચે સામસામો સંઘર્ષ મંડાયેલો. સરદાર સરોવરને ભારોભાર ટેકો હોવા છતાં, આર્ચ વાહિની તરીકે અમે આ મોરચાના ભાગરૂપ થવાનું ટાળેલ. પણ શું થઇ રહ્યું છે તે જોવા અને પ્રાંત અધિકારી મિત્ર હોવાના નાતે પણ દરરોજ મારી હાજરી ત્યાં રહેતી. એક સાંજે પ્રાંત અધિકારી સાથે વાતો ચાલતી હતી તેવામાં, ચાર પાંચ જુવાનિયા આવી પહોંચ્યા. તેમાંના એકે તે વખતના કલેકટરનું નામ લઇ પૂછયું, 'વ્હેર ઇઝ મી......' પ્રાંત અધિકારી ખુમારીવાળા હતા. તેમણે સાંભળ્યું, ના સાંભળ્યું કર્યું. ફરી એ જ સવાલ, એ જ સત્તાવાહી રીતે. ફરી કોઇ જવાબ નહીં. છેવટે તે જુવાનિયાઓને કંઇ સમજ પડી હશે કે કેમ પણ ત્રીજી વખતનો સવાલ હતો કે કલેકટર સાહેબ કયાં છે? અને તેમને ઠેકાણું મળ્યું. આ જુવાનિયા એક પ્રધાનના પુત્રના મિત્રો હતા, ફેરકૂવાની સફરે આવેલા !

નર્મદા પુનર્વસવાટની લડતની જોડાજોડ, જીવનનિર્વાહ માટે આદિવાસીઓ જંગલની ગણાતી જમીન ખેડે તે માટેની લડતનાં મંડાણ થઇ ગયાં હતાં. તે વખતે નામદાર હાઇકોર્ટમાં કેસ કરેલ અને કમિશન નિમાયેલ. એક બાજુ વન વિભાગના અધિકારીઓ, બીજી બાજુ અમે. દરેક હકીકત, અવલોકનનું સામસામું અર્થઘટન. માથે ભારો લઇને લાકડાં વેચવા જતી આદિવાસી તરુણીને જોઇ વનવિભાગના ઉચ્ચ અધિકારી કહે,'જુઓ, જુઓ માથે શબ લદાઇને આવી રહ્યું છે.' અમારા સાથી અનિલભાઇનો વળતો ઘા : 'જી, હા, સર, ચોકકસ જ શબ આવી રહ્યું છે પણ એક શબના માથે લદાઇને !' વનવિભાગના આ ઉચ્ચ અધિકારી સાથે મિનિટે મિનિટે મતભેદો નહીં પણ ઝઘડા જ થયેલા. વનવિભાગના આ ઉચ્ચ અધિકારી તે શ્રી શૈલેન્દ્ર સિંહા. લડતા ઝઘડતા પણ અમે એકબીજાની પ્રામાણિકતા સમજી શકેલ અને ભીની લાગણીઓ જન્મેલી. થોડાં વરસ પછી ખબર આવી કે એ તો માનસિક ડીપ્રેશનના ભોગ બનેલા છે. માની ના શકાય તેવી વાત હતી. અમે તેમને મળવા ગયા અને આભા જ થઇ ગયા કે વાઘ જેવો માણસ. એની આ હાલત! અમે મળવા ગયા તેથી ખૂબ ખુશ થઇ ગયા. થોડી ઘણી વાતો થઇ અને છૂટા પડયા તે સમયે એમનું દર્દ કળાતું હતું. વાત એમ હતી કે તે વખતના મુખ્યમંત્રીને તેમની સાથે વાંકું પડેલ અને તે કારણે તેમને સાવ જ કામ વગરની જવાબદારી સોંપી કિનારે હડસેલી દેવામાં આવેલા. તેઓ માનસિક હતાશાના શિકાર થયા અને છેવટે અન્ય માંદગીઓ પણ ઘેરી વળતાં રિબાયા અને દેહ છોડયો.

તે સમયગાળામાં અન્ય એક અધિકારી શ્રી આઇ.એમ.શાહને પણ કડવો અનુભવ થયો. સરદાર સરોવરના ભગીરથ તો આઇ.એમ.શાહ જ! ઘણી વાર, અમદાવાદથી સરકારી બસમાં આવે, તે વખતે કેવડિયામાં ઝાઝી સુવિધાઓ ન હતી તે છતાં દિવસો સુધી રોકાય. આંતરરાજ્ય જળવિવાદ પંચ, અનેક કમિશનો, વર્લ્ડબેંક વગેરે અનેક અગ્નિપરીક્ષાઓમાંથી સરદાર સરોવરને લગભગ એકલે હાથે તારી લેનાર શ્રી આઇ.એમ.શાહ અમને - આર્ચ-વાહિનીને - સમજાવવાની કોશિશ કરે કે પુનર્વસવાટના ખર્ચાની કોઇ ચિંતા નથી, સરદાર સરોવરના ખર્ચની સરખામણીમાં તો તે કાનખજૂરાના પગ બરાબર છે. જો કે અંદરખાને તો પુનર્વસવાટ પાછળ ઓછામાં ઓછાં નાણાં ખર્ચવાની જ ગણતરી પણ કહેતા એવું કે પુનર્વસવાટની તમારી માંગણીઓ શક્ય નથી. અમે તેમને શક્યતાઓ - કયાં જમીન છે, કેવી રીતે મળશે, કેવી રીતે ખરીદી શકાય વગેરે વગેરે દાખલા દલીલો સમજાવીએ. હાઇકોર્ટ, સુપ્રીમ કોર્ટ સુધી અમારી પુનર્વસવાટની લડત પહોંચી, કોર્ટમાં સામસામે પણ કોર્ટની બહાર સાથે. અનેક કોઠાઓમાંથી બહાર લાવી, સરદાર સરોવરને એક મુકામે પહોંચાડી દીધા પછી આઇ.એમ.શાહની સરકારને જરૂર ન રહી. કહેવાય છે કે કોન્ટ્રાકટ બારામાં સત્તાધીશ રાજકારણીઓને તે અનુકૂળ ના થયા. તેમને હાંસિયામાં ધકેલી દેવાયા. તે પછી અનેક પક્ષો, અનેક મહાનુભાવ રાજકારણીઓ સરદાર સરોવરના કમાન્ડમાં આવી ગયા પણ કોઇ તેમને યાદ સુધ્ધાં નથી કરતું!

થોડા સમય માટે, નર્મદા પુનર્વસવાટના માળખામાં શ્રી એ.કે.લુક હતા. તે દિવસોમાં ના. સુપ્રીમ કોર્ટે બરાબર સરદાર સરોવરને ભીંસે લીધેલ. એક બાજુ સુપ્રીમ કોર્ટનો કડપ અને બીજી બાજુ આક્રમક નર્મદા બચાવ આંદોલન. સ્થાનિક ગુજરાતી સહિત દેશનાં તમામ છાપાઓમાં સરદાર સરોવરના વિરોધમાં એકપક્ષી ખબરો છપાય. સરકારના તો ઠીક, અમારા પણ પ્રતિભાવો ના છપાય તે ના જ છપાય. તે સમયે નર્મદા નિગમે દેશના

અગ્રછાપાઓમાં નર્મદાની પ્રગતિ અને ભાવિ આયોજન તે મતલબની એક જાહેરાત આપેલ. જે છાપાઓ સરદાર સરોવરના સમર્થનમાં સાચી હકીકત કે બીજી બાજુની હકીકત છાપવા તૈયાર ન હતા તે જ છાપાઓએ જાહેરાત તો પાછી હોંશે ને હોંશે છાપી. જેવી છપાઇ કે તરત જ નર્મદા બચાવ આંદોલને સુપ્રીમ કોર્ટમાં ગુજરાત સરકાર સબજ્યુડીશ કેસની જાહેરાત કરી ન્યાયિક પ્રક્રિયાને પ્રભાવિત કરે છે તેવી કાગારોળ મચાવી. નામદાર સુપ્રીમ કોર્ટે નોટિસ કાઢી સરકારને જાહેરાત પાછી ખેંચવા અને માફી માંગવા કહ્યું. નર્મદાની કારોબારીમાં આ સવાલ ચર્ચાયો. પ્રામાણિક, મહેનતુ અને તેથી આક્રમક શ્રી લુક નર્મદા આંદોલન તરફી છાપાના અહેવાલો, સમાચારોના કટિંગની ફાઇલો લઇને આવેલ અને કોઇ રીતે માફી નહી માંગવાના મૂડમાં. એફીડેવીટ ફાઇલ કરવા તૈયાર કે આ છાપાની જાહેરાત તેમનું (શ્રી લુકનું) પોતાનું પગલું હતું અને તેમની સામે જે કોઇપણ કાર્યવાહી કરવાની થાય તે કરો. તેમની દલીલ હતી કે સરદાર સરોવરના વિરોધમાં આટલું બધું છપાયું અને માત્ર એક જાહેરાત સામે નામદાર કોર્ટ આમ કેમ કરે. આવા આક્રમક અને દ્રઢનિશ્ચયી શ્રી લુકે ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સનો હવાલો સંભાળ્યો ત્યારે આ જાહેર એકમ ભયંકર નુકસાન ભોગવતું હતું. શ્રી લુકે, આ એકમને જોતજોતાંમાં નુકસાનીના ખાડામાંથી બહાર કાઢયું અને આજે તે ગુજરાતનાં નવરત્નોમાંનું એક છે. તે પછી જી.એસ.એફ.સીનો હવાલો સંભાળયો તે પણ ખાડામાં પડેલું , તેને પણ રેડ લાઇનમાંથી બહાર કાઢયું અને આજે તે ગુજરાતના નાકરૂપ એકમ છે. કોઇ ત્રીજા એકમને ખાડામાંથી બહાર કાઢી નવરત્ન બનાવી, કમ સે કમ હેટ્રીક નોંધાવવાની મંશા તો શ્રી લુકની હશે જ પણ ગુજરાત શાસનને તે મંજૂર ન હતું. વિચિત્રાતા તો કેવી કે ગીતાકથિત કર્મયોગ ગુજરાતમાં સર્વત્ર સ્તરે વ્યાપક બનાવવાની સરકારની ઝુંબેશ સઘન રીતે પૂરબહારમાં હતી તે જ સમયે એક કર્મયોગીનો ભોગ લેવાયો! તે વખતના સમાચારોમાં આવેલ માહિતી એવી છે કે જી.એસ.એફ.સીના સપ્લાય કોન્ટ્રાકટ બાબતે એક પ્રધાનને શ્રી લુક અનુકૂળ ના થયા, તેમની બદલી થઇ અને તે ડેશીંગ અધિકારીએ રાજીનામું ધરી દીધું. આ સમયે શ્રી લુકની શી હાલત થઇ હશે તેની તો કલ્પના જ કરવી રહી.

કદાચ નહેરુના સમયથી  જ પણ ઈંદિરાજીના સમયમાં પ્રતિબદ્ધતાની ઝુંબેશ પૂરબહારમાં હતી. *પ્રતિબદ્ધ ન્યાયતંત્ર- પ્રતિબદ્ધ અમલદારીતંત્ર* (commited) પણ *પ્રતિબદ્ધ* કોને ? કેવી રીતે ? કોણ નકકી કરે કે આ પ્રતિબદ્ધ નથી? વળી, પ્રતિબદ્ધ ના હોય તો શું? પ્રતિબદ્ધ અમલદારશાહીથી કર્મયોગી અમલદારશાહીની લાંબી મજલમાં સરદાર કયાં જળવાયા, કયાં ચુકાઇ ગયા તે અભ્યાસનો અભ્યાસ વિષય છે. પણ પ્રતિબદ્ધ અમલદારશાહીની વાત હોય કે કર્મયોગી અમલદારશાહીની વાત, અનેક લુક, અનેક આઇ.એમ.શાહ, અનેક સિંહાઓ શહીદ થયા, કેમ કે પ્રતિબદ્ધ એટલે શું, કર્મયોગી એટલે શું તે મૂળ સવાલ પર જ કોઇએ મગનું નામ મરી ના પાડયું. પોતાને અનુકૂળ, સગવડિયાં તો વળી કયારેક શોભામૂલ્ય ધરાવતાં, મનફાવતાં અર્થઘટનો ફેશનમાં મુકાતાં ગયાં. ઓફિસ ચાલુ થતા પહેલાં અડધો કલાક રામદેવજીનો યોગ શીડયુલ કે પછી આદિવાસી દલિતો વચ્ચે જઇ કશુંક વિતરણ કરવું અને તેમની સાથે ફોટા પડાવવા એવા અવનવા પ્રતીકાત્મક કાર્યક્રમો ઘડાયા છે, ઘડાતા રહેશે. સરદારના આયામો કે અમલદારશાહી મુકત હશે, તેણે મુકત થઇ રહેવું પડશે  અને તે કારણે, તે ના ઝૂકી શકે, તે ના નમી શકે અને નમે તો, માત્ર ને માત્ર દેશને- જનતાને, તે માપદંડ તો કયારનો ઠેકાણે પડી ગયો.

## છેવટના બૉસ- સામાન્ય જન, સાથે અક્કડ અને બેતમા; અન્યત્ર નમી પડતું ઝૂકી પડતું વહીવટીતંત્ર

નર્મદા પુનર્વસવાટમાં આવેલા એક ઉચ્ચ અધિકારી સાથે અસરગ્રસ્તોના સવાલોના નિકાલ માટે ઘણું ફરવાનું થતું. એક બે જોખમી સ્થિતિમાં સાથે જ હતા તેથી મિત્રાતા પણ સારી થઇ. તેમણે એક ભારે કબુલાત કરી. અહી નર્મદા પુનર્વસવાટમાં અને તેમાંય શ્રી બબ્બર જેવા અધિકારી(હાલના મુખ્ય ચૂંટણી કમિશ્નર)ને ચોવીસે કલાક સવાલોમાં ખૂંપેલા જોઇને, લોકો સાથેના તેમના નિકટના વ્યવહાર પરથી શીખવાનું મળ્યું છે કે લોકોના સવાલો ઉકેલવાના હોય, નિકાલ કરવા માટેના નહીં. મેં પાકું કરવા પૂછયું, કે તમે શું કહો છો તે મને સમજાયું નહી. તેમણે હસતા હસતા વાત કરી, અમે (અમલદારો) તો એવું જ શીખેલા કે અરજીઓ કે ફરિયાદો એટલે સરકારની વિરુદ્ધની વાત અને તેની તપાસ જ એવી રીતે કરવાની કે કઇ રીતે તેનો નેગેટિવ નિકાલ થાય. જેટલી ફરિયાદોનાં પોઝિટીવ ઉકેલ કરીએ એટલા લોકો વધારે પ્રોત્સાહિત થાય, અરજીઓ વધે, કામનું ભારણ વધે અને રિપોર્ટ એવો દેખાય કે કેટલા બધા સવાલો આ અધિકારીના સમયમાં હતા. તે દિવસે સમજાયું કે લોકો સરકારી કચેરીમાં જતાં - ફરિયાદ કરતા કેમ ખચકાય છે. એ લોકો કશું નહી કરે, મરવા દો ને  તેવો અભિગમ કેમ ધરાવે છે. કેટલાક અધિકારીઓ તો આ રીતમાં એટલા પાવરધા થઇ ગયા હોય છે કે અરજીનાં એક બે વાકયો પકડી લે અને અરજદારને જ ગુનેગારના પાંજરામાં ઊભો કરી દે અને જાતજાતના સવાલો કરી ઊલટતપાસ જ કરી પાડે. પ્રશ્નના ઉકેલની  તો  વાત જવા દો, સવાલોની નોંધ જ દફતરે નહી કરવાની રીત અમલદારશાહી તંત્રને કોઠે પડી ગઇ.  પોલીસતંત્રે તો હદ જ કરી. ફરિયાદી જ ગુનેગાર, ફરિયાદીને જ એટલો હેરાન કરી નાંખવાનો કે  ફરિયાદ જ પાછી ખેંચી લે, ફરિયાદો જ ના હોય તો ગુનેગારને શોધવાની જફા જ ના રહે! પોલીસ સ્ટેશનમાં ગમે ત્યારે જાવ, અનુભવ થઇ જશે. પ્રતિબદ્ધ અમલદારી તંત્ર કે કર્મયોગી અમલદારીતંત્ર, વાત સારી ભાવનાએ કે સારા આદર્શે ભલેને શરૂ થઇ

હોય પણ તે તમામનો અંજામ ચીલાચાલુ ઘરેડ અને સત્તામાં કોણ છે, તેને શું ગમે છે તેની દરકાર કરવામાં જ પરિણમે છે. સરવાળે, વહીવટીતંત્ર અને જનતાજનાર્દનની ભાગીદારીના સ્થાને વહીવટીતંત્ર અને સત્તાધીશ રાજકારણીઓની ભાગીદારીનું સમીકરણ એવું તો જડબેસલાક રીતે ફીક્સ થઇ ગયું છે કે ગમે તે સત્તામાં આવે તે ઝાઝું ચસકતું નથી. સત્તામાં કોણ છે, તેને શું ગમે છે તેની જ દરકાર દરેકે દરેક શાસનકાળમાં દેખાઈ છે. હમણાં જ ટાઇમ્સ ઓફ ઈન્ડિયાની એક કોલમમાં વાંચ્યું કે સરકારના હાલના કેટલાક અધિકારીઓ તો ઈવેન્ટ મેનેજમેન્ટમાં (મહોત્સવ આયોજનમાં) પાવરધા થઇ ગયા છે, તે વાંચતાં જ, એક કલેકટરને તેના સ્ટાફને સૂચના આપતા સાંભળેલાનું યાદ આવ્યું કે મુખ્યમંત્રીશ્રીની મિટિંગમાં કમ સે કમ એકાદ લાખ લોકો તો હોવા જ જોઇએ અને તેમના પ્રવચન દરમિયાન ટાંકણી પડવાનો પણ અવાજ ના જોઇએ. આવું થાય તે તેમને ગમતું નથી, તેમના ભાષણ પછી દુનિયા ભાડમાં જાય ! આ કોઇ એકલદોકલ ઘટના નથી કે ફકત આજે જ જોવા મળતી હકીકત નથી. દરેક રાજવીએ, આ પક્ષનો કે પેલા પક્ષનો, આ વિચારસરણી કે પેલી વિચારસરણી, અમલદારશાહી તંત્રને કહ્યામાં રાખવાનું જ પસંદ કર્યું છે. ચાલાક કે વિવશ કે શોર્ટકટિયા જે ગણો તે અમલદારશાહી ઝડપથી શીખી જાય છે કે હવે શઢ કઇ બાજુ ફેરવવાનું, કયાં સૂત્રો, નારાઓ, તકિયાકલામ-jargon-, કઇ ભાવભંગિમાઓ - gesture - કરી બતાવવી. મોટામાં મોટો સવાલ તો એ કે અમલદારશાહી તેવું શા માટે ના કરે ? ના કરે તો જાય પણ કયાં? સરદારે તેમના ટૂંકા ગાળામાં, અમલદારશાહીએ દેશને- જનતાને કઇ રીતે વફાદાર રહેવું, તેમના (સરદારના) વફાદાર, માનીતા થવાની કે ચાપલુસી કરવાની કોઇ અધિકારી હિંમત કરે પણ શેના? તેવો કડપ ડગલે ને પગલે દાખવીને ચીલો પાડયો તે તો તેમના મૃત્યુ બાદ ધીરેધીરે સાવ ભૂંસાઇ ગયો. જાહેરમાં અધિકારીઓને ઉતારી પાડી કે અધિકારીઓ પર જવાબદારી ઢોળી દઇ રાજકારણીઓ પોતાની લોકપ્રિયતા અકબંધ રાખે છે. રાજકારણીઓના હાથે અપમાનિત થયેલા કે પછી તેમની સાથે મેળ પાડી દીધેલ અધિકારીઓ એવી રસમ કેળવે કે છેવટે લોકોએ જ તેના ભોગ બનવું પડે. એક ઘણી જાણીતી વાત છે કે શિક્ષકને ઘેર કજિયો હોય તે દિવસે વિધાર્થીઓનો કુચ્ચો નીકળે.

'ખોજ'ના ગયા અંકમાં સાબરકાંઠાના મુડેટી ગામના લોકો સાથે વહીવટીતંત્ર કઇ રીતે વ્યવહાર કરી રહ્યું છે તેની વિગતે વાત છે. મુડેટીના સવાલની જિલ્લા કલેકટર સમક્ષ ધારદાર હકીકતો રજૂ કરાઇ કે :

> વરસોથી ગામની ગૌચર જમીનમાં રહીને પોતાનું ગુજરાન ચલાવતા ગરીબ આદિવાસી પરિવારોને પોતાના કબજા હેઠળની જમીનમાંથી કોઈ પણ જાતની નોટીસ કે સુનાવણી વગર હાંકી કાઢવા એ વાજબી નથી. એસ.આર.પી.ના કેમ્પ માટે એ જ ગામમાં એ જ ગૌચર જમીન પૈકીની બીજી ખુલ્લી જમીનો ઉપલબ્ધ છે જ (૩૦૦ એકરના ગૌચરમાંથી આદિવાસીઓના કબજામાં તો માત્ર ૩૪ એકર જેટલી જ જમીન છે. એસ.આર.પીને કેમ્પ માટે ૮૦ એકર જમીન આપવાની છે) ! આમ, એસ.આર.પીનો કેમ્પ માટે પણ બને અને આ ગરીબ આદિવાસી પરિવારો પણ પોતાની જમીનમાં રહી શકે એવો રસ્તો સહેલાઈથી નીકળી શકે એમ છે ત્યારે એ અપનાવવાને બદલે આદિવાસીઓના કબજાવાળી જમીન જ એસ.આર.પીને આપવાનો આગ્રહ શા માટે રાખવો જોઈએ ?

સાવ જ, નાની અમથી અને સરળ વાત પણ કલેકટર ના માન્યા તે ના જ માન્યા. તીક્ષ્ણ બુધ્ધિવાળા હોંશિયાર કલેકટર છે, તેમણે તો ગરીબ આદિવાસીઓના ગળે બીજો જ ફંદો ફસાવી દીધો : 'અમારી પાસે અહેવાલ, પંચનામાં આવી ગયાં છે કે આ જમીન પરના પઝેશન અમે હટાવી દીધા છે અને કબજો સોંપાઇ ગયો છે, હવે અમારે કંઇ કરવાનું રહેતું નથી.'

એક બાજુ લોકોના જીવનમરણનાં હિતોને ઠેબે ચઢાવતું , સહેજ પણ તમા ના રાખતું અક્કડ વહીવટીતંત્ર, તો બીજી બાજુ નમી પડતું, ઝૂકી પડતું વહીવટીતંત્ર. આ બીના કઇ રીતે સમજાવવી તેની મથામણમાં આ લખાણ તૈયાર થયું. ગરીબો - લોકો અને તેમના પ્રાણરૂપ હિતો, વહીવટના આ સ્વરૂપમાં, રગદોળાઇ રહ્યાં છે તે મુદ્દાની વાત છે.

## સરદારને બીક હતી તે ખતરનાક સ્થિતિ સર્જાઇને જ રહી :

આઝાદીના સમય પછી સ્થિતિ સંકુલ કરતા પણ હકીકતમાં તો વણસી છે, એક તો દેશહિતને કેન્દ્રમાં રાખવાની રાજકર્તા વર્ગની સમજ નજીવી બની છે. કયાં રાજશાસન આવે છે અને કયાં સ્વહક મર્યાદિત થાય છે તેની સમજ ઘણી ઓછી થતી જાય છે. પોતે મોડા પડયાં હોય અને તે છતાં પ્લેનને પ્રવાસીઓ સાથે ના ઊપડવા દેવાનું રાજનેતાઓને સહેજ પણ ખરાબ લાગતું નથી. તેમના માટે તો 'તેમાં શું થઇ ગયું' સાવ જ સ્વાભાવિક વાત છે. તેમાં પાછા સમાજવાદી અર્થવ્યવસ્થાના લાયસન્સ, પરમીટ, ક્વોટા કોન્ટ્રાકટ અને તેના વિતરણના રાજકર્તાવર્ગના, અમલદારશાહીના પોતાના અંગત સ્વાર્થ, તથા તે કારણે શાસક નેતાઓ અને અમલદારશાહી વર્ગ વચ્ચે સતત રહેતી ભાંજગડ અને ઉતારચઢાવ, રાજકર્તા વર્ગનાં પોતાનાં અંગત હિતો ઉપરાંત પક્ષના, પક્ષની છેક નીચેની કેડરનાં અંગત હિતો આ જ સિસ્ટમમાં સાચવી લેવાનાં હોય. આ અને અનેક કારણો એવાં ઊભાં થયાં છે કે જેને સરદાર ખતરનાક ગણતા

- લોકશાહીમાં સૌથી ખતરનાક બાબત એ છે કે સનદી સેવાઓની કામગીરીમાં interfere દખલરૂપ થવું - તે ખતરો આવે, આવે અને આવે જ તેટલું જ નહીં તેનાથી અનેકગણી ભયંકર સ્થિતિ બની ચૂકી છે. રાજકર્તાઓ અને અધિકારીઓ એકબીજાનાં અંગત હિતો સાચવતા થયા એટલેથી વાત અટકી નહીં અને જોતજોતામાં અધિકારી વર્ગ, રાજકર્તા વર્ગનાં પક્ષીય હિતો સાચવતા થઇ ગયા. આમ, હિતોની જાળવણીનાં જાળાં રચાયાં અને તેનાં ભોગરૂપે જે ના થવું જોઇતું હતું તે થયું છે અને 'સરકારી અધિકારી ક્યારેય પણ રાજકારણમાં ભાગ લઇ શકે નહીં, અને કોમી તનાવોમાં પોતાની જાતને કોઇ રીતે સાંકળશે નહીં' તે સરદારરેખા વારંવાર લોપાતી જોવા મળે છે. રાજકીય હિતો અને અમલદારશાહી હિતો, એકબીજાને સાચવી લેતાં હોય તેવાં, હિતજાળવણીનાં જાળાઓ, લંબાતાં જાય છે. અત્યાર સુધી મનાતું કે શિક્ષકો સદંતર બિનરાજકીય હોય છે પણ હવે એવું રહ્યું નથી. શિક્ષણજગત પણ આ ઘટનાચક્રના સરખેસરખા હિસ્સેદાર બનવાની હોડે ચઢેલ છે. (તાજેતરમાં જ ગુજરાત યુનિવર્સિટીના ઊપકુલપતિ શ્રી પરિમલ ત્રિવેદીએ મુખ્યમંત્રીના ચરણોમાં જાહેર નમન કરવાનું પસંદ કર્યું છે.) તે જ રીતે નીચેના સ્તરે ન્યાયનું વહીવટીતંત્ર, જે સીધું રાજ્યશાસન પર આધારિત છે, તે પણ તેનું કૌવત ગુમાવી રહ્યું છે. મુડેટીના કિસ્સામાં નીચલી કોર્ટે મનાઇહુકમ ના આપતાં એક કારણ આપ્યું કે 'બેલેન્સ ઓફ કન્વિનયન્સ સરકારના પક્ષે છે, સાદા અર્થમાં, ન્યાય થતા સુધી લોકોનાં ઝૂંપડાં ઊજડી જશે તો કોઇ વાંધો નહી આવે પણ એસ.આર.પી. કેમ્પ, લોકોનો વસવાટ છે, તે જ જગાએ નહી બને તો ભારે નુકસાન થઇ જશે!'

## સરદારનો રાજયોગ અને રાજયોગ વિના કર્મયોગ ફળે ખરો ?

પરિસ્થિતિ સાધારણ હોય કે વિષમ, સરદારની લાઇનદોરી શાશ્વત છે. સરદારે સાંધેલ નમ્રતા (humility) અને અધિકારપણાનું (authority) સમતોલન તો દરેકને સાધ્ય ના હોય પણ તે દિશામાં ડગલાં તો દરેક માંડી જ શકે. સુશાસન, પ્રજાભિમુખ વહીવટ, રામરાજ્ય, દૈવી શાસન, ભારતીય પરંપરાનું શાસન કે જે નામ આપવું હોય તે આપો પણ વડીલ મિત્ર અને ગુજરાત વિધાપીઠના કુલસચિવ સુદર્શન આયંગર કહે છે તેમ 'ઉપર ઉપરના ઉકેલ તરીકે કર્મયોગનો ઉપાય કામે લગાડી શકાય, કંઇક અંશે મદદરૂપ થાય પણ ખરો. પણ (જાહેર જીવનમાં) રાજયોગ વિના કર્મયોગની સાધના ફળે ખરી?' આપણી પાસે તો સરદારે ચીંધેલા, જાતે અમલ કરીને શક્ય સાબિત કરેલ રાજયોગના આયામો છે, જેમ કે :

'આ સનદી અમલદારી સેવાઓ હવે મુક્ત હશે, તેણે મુક્ત થઇ રહેવું પડશે,'

'સરકારી અધિકારી ક્યારેય પણ રાજકારણમાં ભાગ લઇ શકે નહી , અને કોમી તનાવોમાં પોતાની જાતને કોઇ રીતે સાંકળશે નહી.'

'પ્રધાનો તો આવે અને જાય પણ સનદી સેવાઓનું કાયમી તંત્ર તો દૃઢ, સારું અને લોકોનું માન ધરાવતું જ હોવું જોઇએ.'

અમલદારશાહીની મુકિતનો રાજયોગ સરદારના રાજયોગનું પ્રથમ પગલું છે. સનદી અધિકારીઓના ગરદન પર બદલીની તલવાર લટકતી હોય, બઢતી અટકી ના જાય તેની સતત ધાસ્તી હોય અને સચિવનાં ગોપનીય અહેવાલ (CR) પ્રધાને જ લખવાનાં હોય તો પછી કેવી રીતે, અમલદારશાહી વર્ગ સરદારે અમલ કરી બતાવેલ 'પ્રામાણિક અભિપ્રાય જ આપવાની તમારી ફરજ છે તે તમારે આપવાનો હોય' તે કરી શકે. બદલીઓનું શસ્ત્ર અમલદારશાહી વર્ગને મુસીબતરૂપ તો ખરું જ પણ નૈતિક રીતે ભાંગી પાડે છે. વહીવટી સુધારાઓ બાબતે ગુજરાતનું શાસન પહેલ કરે તો તે ચીલાચાલુ રાજકારણથી ગુણવત્તાની રીતે ચઢિયાતું અને આગવા ગુજરાતનું આગવું શાસન ગણાશે. દેશને સરદારનો રાહ - સાચી દિશા બતાવી શકશે. મનસ્વી બદલીઓ, વરિષ્ઠ અધિકારીને સુપરસીડ કરી સાઇડ પર કાઢવા, બઢતી અટકાવવી વગેરે સામેના પારદર્શી ધારાધોરણો તથા સી.આર. ફાઇનલ થતા પહેલાં અધિકારીને ખુલાસાની તક કે અપીલની તક જેવા સુધારાઓ વહીવટીતંત્રાને વિશ્વાસમાં લઇ રાજકર્તા વર્ગે ઘડવા જોઇએ. એક વાર વહીવટીતંત્ર પરની પકડો હટે પછી ચોકકસ જ એવા કૌવત અને ખુમારીવાળા અધિકારીઓ આવશે જે વહીવટીતંત્રાની ગાડી પાટા પર ચઢાવશે. ચૂંટણીપંચની બંધારણીય સ્વાયત્તતા તો વરસોથી હતી પણ શેશાન જેવા અધિકારી, સ્વાયત્તતાની તાકાત અને કાઠું પારખી પંચની ઘરેડનાં દિશાદોર એવાં બદલી કાઢયાં કે એક પછી એક ચઢિયાતા ચૂંટણી કમિશ્નરો આપણને મળી રહ્યા છે. આજે દેશનું ચૂંટણીપંચ, વિશ્વનાં બેસ્ટ ઇલેકશન કમિશનોમાંનું એક છે. ચૂંટણીપંચે એવી પરંપરાઓ, દાખલાઓ અને મીકેનીઝમ ઊભાં કર્યાં છે કે હવે તેના કાંટા પાછા ફેરવવા અશક્ય છે. અમલદારી તંત્રની બાટલી પરનું બૂચ હટે તો અમલદારીતંત્ર પણ કૌવત કાઢે તે વિષે કોઇ શંકા નથી.

## વિષમ વહીવટીતંત્ર : સરદારના માનસપુત્રો આત્મખોજ કરે

વહીવટીતંત્ર કઇ સ્થિતિએ છે તે જોઇએ. લોકોના સવાલથી શરૂ કરીએ. લોકોને જવાબદાર વહીવટ છે ખરો? સરદાર સરોવરનો પુનર્વસવાટ ભારે ભીંસમાં અને ચારેબાજુથી કડક નીગરાનીમાં હતો તેવા કપરા સમયે પણ, એક ઉચ્ચ કક્ષાના ખાસ્સા સિનિયર અધિકારીએ જાહેર મિટિંગમાં ફિલ્ડ પરના અમલકર્તા કર્મચારીઓ- અધિકારીઓની હાજરીમાં ફરમાવેલું કે વહીવટીતંત્ર દરેક અરજીનો જવાબ આપે તે જરૂરી નથી ! બીજું,

લગભગ એવું કહી શકાય કે છેક નીચલા લેવલના નિર્ણય સામે કોઇ અસરકારક અપીલ પ્રક્રિયા રહી જ નથી. ઉચ્ચ અધિકારી નીચેના કર્મચારીઓએ તૈયાર કરેલ સાધનિક કાગળોને જ આખરી ગણી નિર્ણયો લે છે. પોતાની સૂઝ, અરજદારને ધીરજથી શાંતિથી સાંભળીને કે સ્થળ પરની હકીકતો- વાસ્તવિકતાનું અનુભવ જ્ઞાન (ગણેલા હોવું તે) ખૂબ ઓછા કિસ્સામાં ઉપયોગમા લેવાતું જોવા મળે છે. આ ઉપરાંત, અરજી/ અપીલોમાં નિકાલ કરવાનું વલણ -ઉકેલ કરીએ તો વધુ નવી માંગણીઓ ઊભી થશે-તે ઉચ્ચ સ્તરે પણ તેટલું જ લાગુ પડે છે. તેથી સરવાળે, લખાણું તે વંચાણું ન્યાય લાગુ પડે અને સર્કલના કાગળો અને કલેકટરશ્રીના હુકમો વાંચતાં એકબીજાની નકલ જેવા જ લાગે. આ કારણે નીચેનું સ્તર ભારે વજનવાળું થતું ગયું. એક ઉચ્ચ અધિકારીના શબ્દોમાં ‘એક મુખ્યમંત્રી ના કરી શકે તેટલું એક તલાટી- સર્કલ ભેગા મળી કે એકલા કરી શકે.’ કેમ કે લખાણું તે છેક ઉપર સુધી તેવું ને તેવું જ વંચાણું. હવે આ નીચેના સ્તરનું વધેલું વજન લોકોના ગળે જ ભારે પડે. સ્થળ પરના કર્મચારીઓએ સ્થળસ્થિતિ તેમના અહેવાલો પંચનામાં સાચાં જ લખે તેની અરજદારોએ સતત ચિંતા, દેવડનો વ્યવહાર વત્તા સ્થાનિક રાજકારણીઓનું દબાણ લાવવાની વિશેષ કાળજી લેવી પડે છે. નીચેના કર્મચારીઓ ગૌરવથી ખાંસે છે કે અમે એવા શબ્દો - લીટીઓ ઘસડી આપીએ કે તમે અટવાયા જ કરો અને કોઇ કાળે તમારા સવાલનો ઉકેલ ના આવે. સ્થળસ્થિતિના એવા સંદિગ્ધ એહવાલો તૈયાર થાય કે ભલભલાને તે સમજાય જ નહી. છેવટે જ્યારે એના આધારે સાવ જ ઊંધો ચુકાદો આવે તે વખતે ખબર પડે કે નીચેવાળાઓએ શબ્દો ઉમેરી દીધેલા તે નડયા. વળી, લોકો તો પાછા પ્રામાણિકપણે માને કે સાહેબ તો ઘણા સારા પણ નીચેવાળાએ ઊંધું ચીતરી દીધું હોય તો એ બિચારા શું કરે? પરિણામે, નીચે જેણે વધારે જોર કર્યું તેના પક્ષે ચુકાદા આવે. તેથી ગમે ત્યારે કામ પડે તે ગણતરીએ, દેશની મોટાભાગની પ્રજાએ પોતાની ખુમારી અને ગૌરવ સદાને માટે ગિરવે મૂકી નીચેના કર્મચારીઓ તથા સ્થાનિક રાજકારણીઓને સાચવતા રહેવું પડે છે. સ્થળસ્થિતિના ખોટા, સંદિગ્ધ અહેવાલો તૈયાર થવા તે રોજના બનાવો છે. દરેક અમલદાર જાણે છે પણ સાચા માણસને ન્યાય મળતો રહે તે માટે આવી પ્રવૃત્તિઓ પર રોક મૂકાતી નથી. મુડેટીના કેસમાં સ્થળસ્થિતિનાં અહેવાલો ખોટા સાબિત થતા ચોંકી જઇ જે તે કર્મચારીને સસ્પેન્ડ કેમ ન કરવા તે પ્રક્રિયા હાથ ધરવાના બદલે જિલ્લા કલેકટર તો તે ખોટા રિપોર્ટ આધારિત હુકમોને આખરી લખાણું તે વંચાણું માની આગળ ચાલ્યા અને હવે અમારે વહીવટીતંત્રે કશું કરવાનું રહેતું નથી, કોર્ટે જવું હોય તો જાવ, તેમ ફરમાવી દીધું.

આ હકીકતની સાથેને સાથે જ પરંતુ સાવ વિરોધાભાસી હકીકત પણ જોવા મળે છે. વહીવટીતંત્રની ભોંય, ઉપરથી એકધારા હુકમના વરસાદી ઝાપટા વેઠી સજ્જડ થઇ છે. ઉપલા અધિકારી નીચેનાને કરે તો હુકમ જ કરે, અને નીચેના કર્મચારી અધિકારીએ તો મૂંગે મોઢે હા જી હા જ કરવાની. ભરભરી-દાણાદાર ભોંયમાં નીચેની ગરમી(બાફ) ઉપર જાય અને ઉપરની તાજી હવા નીચે મૂળિયાં સુધી જાય અને તેથી ખેતી મબલખ પાકે. ફળદ્રુપતાની પ્રક્રિયા વહીવટી માળખામાં નામની નથી. નીચેના અધિકારીઓ જાણતા હોવા છતાં સ્થળસ્થિતિની પૂરેપૂરી માહિતી આપી ના શકે અને ઉચ્ચ અધિકારીઓ તો બધું જ જાણીએ છીએ. ચર્ચા કરવાની જ શા માટે? આ કારણે સાવ જ અધ્ધરતાલ એડહોક નિર્ણયો લેવાય, મોટાભાગે તો તત્કાલીન કટોકટીનો તત્પૂરતો ઊકેલ લાવતા કામચલાઉ નિર્ણયો જ લેવાય છે. ઘણીવાર તો રમૂજ પણ બને. કચેરી આસપાસની લારીઓ કે કેન્ટીનમા શાંતિથી ચા પીતા પીતા સાંભળો તો નવાઇ લાગે તેવા ભવાડા જાણવા મળે. આમ, એકપક્ષી ઉપરથી ચાલતા હુકમ અને નીચેથી પડઘાતા ‘હા જી હા’ ના સંબંધો વહીવટને કાર્યક્ષમ બનાવે ખરાં? ખર્ચલાભની ગણતરી મૂકાય તો આપણે કદાચ વહીવટની ભારેમાં ભારે કિંમત ચૂકવતા હોઇશું.

ઉચ્ચ અધિકારીઓ લોકાભિમુખ થાય તે બાબતે કઇ ને કઇ થયા કરે છે. જેમ કે હાલના મુખ્યમંત્રીએ કૃષિરથ મારફત ગામોમાં તમામ અધિકારીઓ એક સાથે જાય, લોકો સાથે રહી, લોકોના સવાલો સમજે, ઉકેલે તે પ્રથા અમલમાં મુકાવી છે. એકંદરે સારું પગલું છે પણ ઘણું અપૂરતું . એમ કહેવાય કે એક દિવસની જાત્રા! પાંચેક વરસ પહેલાં ગામસભા મારફત ગામના સવાલો પર ગામના નિર્ણય લેવાય તે માટેનું ઐતિહાસિક પગલું લેવાયેલ, જેના પ્રચારનું કામ સંસ્થાઓએ પણ પોતાની રીતે ઘણું કરેલ. તે ધીરેધીરે બુઠ્ઠું થઇ ગયું કેમ કે લોકોએ ગામસભામાં કરેલા ઠરાવોનો નિકાલ તે પછીની ગામસભાને અપાયો જ નહીં. ગામસભા માટેનો લોકોનો ઉત્સાહ ઓસરી ગયો. વાત ઘરેડમાં ફેરવાઇ ગઇ. ખરેખર ગામલોકોને ભાગીદાર બનાવી નિર્ણયો લેવાતા હોય તેવી ગામસભાઓ ભાગ્યે જ થાય છે. સરકારી માળખામાં ભલભલા સર્જનાત્મક innovative આઇડિયાને ઘરેડમાં ફેરવી દેવાની જબ્બરની તાકાત છે અને તેવું ના થઇ જાય તે માટેની ખામી સુધારક વ્યવસ્થા નથી. એક રાજાને વરદાન હતું કે તે લોખંડને હાથ લગાડે તો પણ સોનું થઇ જાય, વહીવટીતંત્રને વરદાન (લોકોના દૃષ્ટિકોણથી શ્રાપ) છે કે સોનાને અડે તો તે પણ કથીરમાં ફેરવાઇ જાય. સ્થિતિ એટલી હદ સુધી વણસી છે કે માની ના શકાય. નર્મદા પુનર્વસવાટના કમિશ્નરશ્રી બબ્બર સાહેબે દરેક અસરગ્રસ્ત પરિવારનો સતત સંપર્ક રહે તથા વસાહતમાં શું ચાલી રહ્યું છે તેની માહિતી મળ્યા કરે તે માટે લોકભારતી સંસ્થાના ઊભરતા બી.આર.એસ. જુવાનિયાઓને કોન્ટ્રાકટ ધોરણે વિસ્તરણ અધિકારી તરીકે નીમવાનું આગવું પગલું લીધું. વિસ્તરણ અધિકારીઓની ભૂમિકા પણ અનેક સાથે ચર્ચાઓ કરી ઘડી.

દરેક વિસ્તરણ અધિકારી સાથે પર્સનલ કહી શકાય તેવાં સમીકરણો ઊભાં કર્યાં. વહીવટના દરેક તબક્કે વિસ્તરણ અધિકારીઓની ભૂમિકા ધારદાર રીતે અમલમાં મુકાવી, જે સારાં પરિણામ લાવતી સાબિત પણ થઇ. પણ તેમના પછીના અધિકારીઓએ આ પગલાને શંકાથી જોવાનું શરૂ કર્યું. એક સમયે જે વિસ્તરણ અધિકારીઓ પુનર્વસવાટ માળખાના હાથપગ અને માહિતીએકમ બની ગયેલા તેમને કિનારે ખસેડવાનું આરંભાયું. તેમની નિમણૂક સમયે જ તેમને સમજાવવામાં આવેલ કે અસરગ્રસ્તોના સવાલો નોંધવા અને જરૂર પડે તો અરજીઓ પણ લખી આપવી. નવા માળખાનો રૂખ પારખી, પુનર્વસવાટના રેગ્યુલર કર્મચારીઓએ ગણગણાટ શરૂ કર્યો અને ધીરે રહીને સ્વીકારાઇ ગયો કે વિસ્તરણ અધિકારીઓ તો વસાહતોમાં જાય છે અને અસરગ્રસ્તોને ચઢાવે છે, ફરિયાદો ઊભી કરાવે છે. કહેવાનો મતલબ એ છે કે નવા સર્જનાત્મક  વિચારોની તો વાત જવા દો, અમલી કાર્યમાળખાં કાર્યવાતાવરણને સમજવાની સંવેદનશીલતા અને નમ્રતા, વહીવટીતંત્રમાં તળે ઉપર સુધી ઓછી જોવા મળે છે. અધિકારી બદલાય એટલે ઓફિસનાં નવાં રંગરોગાન, નવાં ફર્નિચર અને વાસ્તુ પોઝિટિવ સેટઅપ કે એવા એવા ખર્ચા તો ઠીક પણ કામનાં માળખાં અને કાર્યવાતાવરણ પણ ઊંધુંચત્તું થઇ જાય! હદ તો ત્યારે થાય કે જ્યારે નવા અધિકારી અને જૂના બદલાયેલા અધિકારી વચ્ચે કોઇ તનાવ હોય તો વિદાય લેતા અધિકારીના નજીક ગણાતા કર્મચારીઓનું તો આવી જ બન્યું સમજો. ઓછું હોય તેમ, ઉચ્ચ અમલદારી સેવાઓમાં પણ જૂથબંધી જોવા મળે છે. ઓછું આવી જવું કે ઈગો કલેશના કારણે, કોર્ટ કે એવું કોઇ બહારનું દબાણ ના હોય તો, બે ત્રણ ઉચ્ચ અધિકારીઓ ભાગ્યે જ ભેગા મળી ફળદાયી ભાગીદારી ઊભી કરી શકે છે. એક અર્થમાં દરેક પોતાની મઢૂલીના રાજા તે હકીકત જોવા મળે છે. સરદાર સાહેબ તેમના માનસપુત્રોને -અધિકારીઓ કર્મચારીઓને- તાકીદ કરતા અણમોલ દિશા નિર્દેશ કરેલ કે ‘સનદીસેવાઓનું કાયમી તંત્ર તો દૃઢ, સારું અને  લોકોનું માન ધરાવતું જ હોવું જોઇએ.’ ખરેખર, સાચા દિલથી લોકો કોઇ અધિકારીને માન આપે, પ્રેમ કરે તેવું વહીવટનું વાતાવરણ રહ્યું છે ખરું ? અધિકારીઓને લોકો માને છે પણ બીકના માર્યા કેમ કે નામંજૂર કરવાના મનસ્વી (discretionary) પાવર તેમની પાસે છે!

આઇ.એ.એસ., આઇ.પી.એસ વગેરે ઉચ્ચ સેવાઓ, દેશની બુધ્ધિશક્તિનાં સરોવર -pool of talent- એ જાતતપાસ કરવાની જરૂર છે. સરદાર સાહેબની કસોટીએ તેઓ પાસ થાય છે કે કેમ? આઇ.એ.એસ, આઇ.પી.એસ વગેરે ઉચ્ચ સનદી સેવાઓને દિલથી આ અહેસાસ થાય તો દેશના વહીવટને લોકોની ભાગીદારીવાળો, લોકોનો, લોકો માટે અને લોકોના સવાલોના ઉકેલ માટેનો કરવાની દિશામા સર્જનાત્મકતા બતાવવાની અઢળક શક્યતાઓ છે, અને એમાં ઉચ્ચ કક્ષાનાં કાર્યસંતોષનું સુખ પણ મળે. નિકાલ માટેનો નહી પણ ઉકેલ માટેનો વહીવટ અનેક રીતે આત્મસંતોષી -gratifying થઇ રહે. કર્મયોગી શિબિરોનાં પાંચેક વરસનાં અમલ બાદ પણ આ કક્ષાની સર્જનાત્મકતા માટેનું વાતાવરણ સર્જાયું નથી. કર્મયોગી શિબિરોનો પારસમણિ લોખંડમાં ફેરવાઇ ગયો પણ કર્મયોગી વાતાવરણ બની ના શક્યું. નહી તો મુડેટી જેવા બનાવો ઊભા થાય જ કેવી રીતે? માંડ ૨૫ કુટુંબોની ૫૦ એકર જમીન પરના બે ત્રણ પેઢીના વસવાટ ઉજાડી નાંખવાની ક્રૂરતા વહીવટીતંત્ર કલ્પી પણ કેવી રીતે શકે!

અમલદારોનાં, આઇ.એ.એસ વગેરનાં સંગઠનો છે અને તેઓ પણ પોતાની રીતે ધારે તો પોતાની સ્વાયત્તા માટે મથી શકે છે. પોતાની લજવાતી ગરીમા, નીચાજોણાની પરિસ્થિતિ અટકાવવા અને અધિકારીઓ લોકોના માન-સન્માનના અધિકારી બનેલા રહે, લોકોની વાજબી યાતનાઓ દૂર થાય અને નિર્ણયો તટસ્થપણે લેવાય તે દિશામાં ઘણું કરી શકે તેમ છે.

આજની સ્થિતિ જોતાં વિશેષપણે, સક્ષમ વહીવટનો મૂળભૂત સોનેરી સિધ્ધાંત- *ઓછામાં ઓછો વહીવટ* -Minimum Governance ને દિવાદાંડી બનાવવી પડે. *ઓછામાં ઓછાં વહીવટ*ના અભિગમની સુંદરતા એ છે કે તે થકી તમે લોકોનો  વિશ્વાસ કરો છો, લોકોની સૂઝ-સમજ પર ભરોસો મૂકો છો. આ રીતે જોઇએ તો અધિકારી વર્ગે જાતે જ પોતાની મુન્સફીઓ  discreation ઓછી કરી, તટસ્થ અને વેરાઆંતરા વિનાનાં પારદર્શી વહીવટી માળખાં ઊભાં કરવાં જોઇએ. દાખલા તરીકે ગરીબોને અપાતી સહાયો-યોજનાઓ કોને કે કયાં ગામને આપવી તે કોઇ અધિકારી કર્મચારીઓએ નકકી કરવાનું શા માટે હોવું જોઇએ? એક વખત પાત્રતાના માપદંડો ઘડાઇ જાય, યાદી બની જાય તે પછી કોમ્પ્યુટર ડ્રોથી અપાય તો કેવું! સાધનસહાયો-બિયારણ-દવા ખાતર અધિકારીઓ મંજૂર કરે, અધિકારીઓ જ ખરીદે અને તેઓ જ લોકો સુધી પહોંચાડે તેવો આગ્રહ શા માટે? સહાયની રકમ જેટલા ચેક આપી દો, લોકો ગમે ત્યાં જઇ પોતાના ગજવાની રકમ ઉમેરીને સારામાં સારી વસ્તુ ખરીદી લાવે તેવી પ્રથા કેમ ના અપનાવાય? વહીવટીતંત્રે, પોતાની સત્તાઓ ઘટાડતા જઇને વહીવટને વધારે પારદર્શી અને લોકભાગીદારીવાળું બનાવવાની દિશાના કર્મયોગની સાધના કરવી પડે. આ દિશામાં સરદારના માનસપુત્રો - સનદી અધિકારી અને છેક નીચલા સ્તર સુધીની અમલદારશાહી- કાર્યરત થશે તે દિવસે સરદારના આત્માને ટાઢક મળશે.

*લખનાર ઉંઝા જોડણીના સમર્થક છે પણ આદતવશ રૂઢિગત જોડણીમાં લખે છે. જો કે રૂઢિગત જોડણી પણ કાચી જ છે પણ તે કારણે ઉંઝા જોડણીને સમર્થનનું મૂલ્ય ઘટી નથી જતું. ■

# વન અધિકાર કાયદાનો અમલ - પડકારો અને સંભાવનાઓ

*- તૃપ્તિ પારેખ*

વન અધિકાર કાયદો ડિસેમ્બર ૨૦૦૬માં કાયદાનું સ્વરૂપ પામ્યો એ પહેલાં એણે ઘણા ચડાવ-ઉતારમાંથી પસાર થવું પડ્યું. અને એ પછી જાન્યુઆરી ૨૦૦૮માં અમલી બનતાં પહેલાં પણ એણે ઘણા અવરોધો પાર કરવા પડ્યા. ગુજરાતમાં અમલી બનતાં પહેલાં પણ વિજયનગરના આદિવાસીઓનું લોહી રેડાયું ! આ આખા ઘટનાક્રમને અને ચડાવ ઉતારને ખોજનાં પાનાંઓ પર આપણે વિસ્તારથી ચર્ચ્યો છે. માર્ચ ૨૦૦૮થી ગુજરાતમાં એનો અમલ શરૂ થયો. એ કહેવું જોઈશે કે કાયદાના અમલની શરૂઆત પ્રમાણમાં સારી થઇ છે. દેશ આખામાં સારા અમલની દૃષ્ટિએ મધ્યપ્રદેશ પછી ગુજરાતનો ક્રમ બીજો આવે છે અને જાણવા મુજબ વહીવટીતંત્ર ગુજરાતને પહેલા ક્રમ પર લાવવાની નેમ ધરાવે છે, એ સારી બાબત છે.

આપણે ત્યાં અનુસૂચિત વિસ્તારોમાં આ કાયદા હેઠળ ખૂબ ઝડપથી ગ્રામસભાઓ બોલાવાઇ અને વન અધિકાર સમિતિઓનું ગઠન પણ થઇ ગયું છે. અલબત્ત, એ જે ઝડપે થયું એના કારણે એમાં ગરબડ તો નહીં થઈ હોય ને એવો ધ્રાસ્કો શરૂઆતમાં પડેલો. ધીમે ધીમે જાણવા મળતું ગયું કે અમુક અપવાદોને બાદ કરતાં મોટાભાગનાં ગામોમાં  પહેલા ચરણનું આ કામ પ્રમાણમાં સારી રીતે થયું છે. વન અધિકાર સમિતિઓ અચાનક બની જવા પામી હોવાથી અણધાર્યો ફાયદો એ થયો કે આ સમિતિઓ રાજકારણનો લૂણો લાગવામાંથી બચી ગઈ.

અલબત્ત, આ હજુ શરૂઆત છે. કાયદાના સારા અમલનો પંથ હજુ ઘણો લાંબો છે અને પડકારો પણ ઘણા છે. ક્યારેય અનુભવ નથી એવી કાર્યવાહીઓ વન અધિકાર સમિતિઓ અને ગ્રામસભાઓએ કરવાની છે. એના માટેની સમજ, જાણકારી અને તાલીમની એમને જરૂર છે. બીજો પડકાર છે, પ્રાંત કક્ષા (પેટા વિભાગીય) સમિતિઓ અને જિલ્લા સ્તરની સમિતિઓ અને ખાસ કરીને વનવિભાગ અને સામાન્ય વહીવટીતંત્ર સામે જે જવાબદારીઓ છે એ પણ જુદા પ્રકારની છે. બન્ને સ્તરે આટઆટલાં વર્ષોથી જે કરતા આવ્યા છે, એના કરતાં કાંઈક જુદી જ ભૂમિકા નિભાવવાની આવી છે. તેથી જ ગામના સ્તરે તેમજ વહીવટીતંત્રના સ્તરે પરસ્પર સમજ કેળવાય અને વિશ્વાસનું વાતાવરણ ઊભું થાય એ જરૂરી છે. સારા અમલની પૂર્વશરત જ એ છે કે આ કાયદા નીચે ઉભય પક્ષ પોતાની જવાબદારી, સત્તા અને ફરજોને સમજે અને માન આપે.

કોઇપણ કાયદાના અમલથી જેમને લાભ કે અધિકાર મળવાપાત્ર હોય કે અસર થવાપાત્ર હોય એમની મૂળ યાદીઓ તૈયાર કરવાની કે દાવા-ચકાસણીની કાર્યવાહી સામાન્ય રીતે વહીવટીતંત્ર કે જે તે લાગતો વળગતો સરકારી વિભાગ કરે છે. પણ, આ કાયદા નીચે આ તમામ કાર્યવાહી ગ્રામસભા વતી વન અધિકાર સમિતિએ કરવાની છે. વન અધિકાર સમિતિ કે ગ્રામસભાએ આ પ્રકારની જવાબદારી ક્યારેય નિભાવી નથી. એ ઉપરાંત અમુક અંશે અક્ષરજ્ઞાનનો અભાવ, જરૂરી જાણકારી, સમજણ અને જાગૃતિનો અભાવ કે આ પ્રકારના કામના અનુભવનો સદંતર અભાવ વગેરેને કારણે ઊભી થઇ શકનારી સમસ્યાઓને હલ કરવા માટે એમણે સજ્જ થવું પડશે. બીજી બાજુ, વહીવટીતંત્રે પણ બદલાયેલા સંજોગો પ્રમાણે માનસિકતા બદલવાની અને લોકો દ્વારા આ કામગીરી સારી રીતે થઇ શકે એ માટે એમને જાણકારી, સમજણ, માર્ગદર્શન અને જરૂર પડ્યે મદદ કરવાની ભૂમિકા ભજવવી પડશે.

## વહીવટીતંત્ર જોગ

કાયદા અંગે થોડી ભ્રામક માન્યતાઓ હજુ પણ પ્રવર્તે છે જેના અંગે કાયદાના સારા અમલ માટે થોડી વૈચારિક સ્પષ્ટતા જરૂરી છે.

એક સામાન્ય માન્યતા એ પ્રવર્તે છે કે આ કાયદો જંગલના હિતમાં નથી અને આદિવાસીઓને જમીનો આપી દેવાથી તો જંગલો ખલાસ થઇ જશે. એટલે કાયદાના અમલ વખતે પણ જાણ્યે-અજાણ્યે એક નકારાત્મક ગ્રંથિ કામ કરે છે. અમુક કિસ્સામાં સાવ નકારાત્મક નહીં તો પણ, આ તો સરકારની પોલિસી છે એટલે અમલ કરવો પડે, એવી મજબૂરીભરી માનસિકતા રહેલી જોવા મળે છે. કાયદાનો સારો અમલ તો જ શક્ય બનશે, જો આ કાયદા સાથે જોડાયેલાં તમામ ઘટકો (stake-holders) આવી માન્યતાઓમાંથી બહાર નીકળી જશે. એ તો જ શક્ય બને જો કાયદા પાછળ જે વિચાર રહેલો છે, એની પાછળ જે વૈચારિક સમજ -thinking રહેલી છે, એ બરાબર સમજી લઈએ.

## કાયદો આદિવાસીઓના જ હિતમાં નહીં, જંગલોના પણ હિતમાં છે

સ્વતંત્ર ભારતમાં જે કાયદા-કાનૂનો બનેલા છે એનો અભ્યાસ કરીએ તો ખ્યાલ આવે છે કે આદિવાસીઓ અને અન્ય જંગલવાસીઓને જંગલ/ જંગલજમીન પર અધિકારો આપતો આ કાયદો અભૂતપૂર્વ અને ઐતિહાસિક તો છે જ, પણ સાથે જ દૂરોગામી સકારાત્મક અસરો કરનાર છે -ન કેવળ આદિવાસીઓ માટે, પણ દેશનાં જંગલો માટે પણ. આ કાયદો આદિવાસીઓ (અને અન્ય જંગલનિવાસીઓ)ને સ્પષ્ટ અધિકારો આપે છે, એની સાથે જવાબદારીઓ પણ આપોઆપ આવી જાય છે. એને ધ્યાનથી તપાસીએ તો ખ્યાલ આવે છે કે આ કાયદો માત્ર આદિવાસીઓ (અને અન્ય જંગલનિવાસીઓ)ના જ હિતમાં નથી, પણ જંગલ અને દેશના હિતમાં પણ છે.

સૌથી પહેલાં તો એ તપાસીએ કે કાયદો જે 'ઐતિહાસિક અન્યાય'ની વાત કરે છે એ શું છે? સામાન્ય રીતે, કોઇપણ વિસ્તારનાં કુદરતી સંસાધનોનો લાંબા સમય સુધી ભોગવટો કરનાર, કબજો ધરાવનાર કે પોતાની મહેનતથી એના પર અસર કરનારનો કાળક્રમે જે તે સંસાધનો પરનો અધિકાર પ્રસ્થાપિત થાય છે. દુનિયાભરમાં મિલકતના અધિકારો આ રીતે જ પ્રસ્થાપિત થયેલા છે. આપણા જંગલ વિસ્તારોમાં ૧૯મી સદીના ઉત્તરાર્ધથી અંગ્રેજોએ ઘડેલા કાનૂનને કારણે વધારે ને વધારે વિસ્તારો 'અનામત જંગલ' તરીકે જાહેર થતા ગયા અને મિલકત પરના અધિકારો પ્રસ્થાપિત થવાની આ સામાન્ય પ્રક્રિયા પર રોક આવી ગઇ. તેથી જંગલ વિસ્તારોમાં રહેતા લોકો, ખાસ કરીને આદિવાસીઓ અને તેમના જેવી જ સ્થિતિમાં રહેતા અન્ય લોકોનો પોતાની આસપાસનાં સંસાધનો - જમીન અને જંગલ બન્ને પર કોઇ હક્ક રહ્યો નહીં.

બીજી બાજુ, સ્થાનિક લોકોના જમીનો પરના અધિકારો ન રહેવાથી અને જંગલ જમીન જાહેર કરી દેવાથી તેમજ લોકોને એના પરના અધિકારથી વંચિત કરી દેવાથી લોકોને તો નુકસાન થયું જ છે, પણ સાથે જ સંસાધનોને પણ બહુ મોટી હાનિ પહોંચી છે. જ્યાં જ્યાં સ્થાનિક લોકોના હાથમાં સંસાધનો હોય છે, ત્યાં સંસાધનોને પણ ફાયદો થયો છે. આપણે ખેતી નીચેની જમીનો જોઇએ કે જ્યાં જળસ્રોતો પર માછીમારીના અધિકારો હોય છે એ ચકાસીએ તો ખ્યાલ આવે છે કે એ સંસાધનોનું જતન સારી રીતે થાય છે. એવું જ જંગલો બાબતે પણ છે. દુનિયાભરમાં પણ એ જ અનુભવ છે કે જ્યાં જંગલો પર સ્થાનિક લોકોનો અધિકાર છે ત્યાં જંગલોની જાળવણી વધુ સારી થઇ છે. આપણે ત્યાં પણ જંગલોની અવદશા માટે આદિવાસીઓના અધિકારોની બાદબાકી થઇ ગઇ છે એ ઘટના જવાબદાર છે. એમના અધિકારો -stakes જેટલા વધારે એટલાં જંગલો વધારે સુધરશે.

૧૯૮૮ની આપણી રાષ્ટ્રીય વન નીતિએ આ સિદ્ધાંતને સૌ પ્રથમ વાર સ્વીકાર્યો છે. અને સહભાગી વન વ્યવસ્થા (JFM) ની પાછળ પણ આ જ ભાવના રહેલી હતી. આ કાયદો સહભાગી વન વ્યવસ્થાના વિચારને એક ડગલું આગળ લઇ જાય છે. એટલે, એક બીજી જે સામાન્ય સમજણ છે કે આ કાયદો તો માત્ર જંગલની જમીન - પટ્ટા જ આપે છે, એ અર્ધસત્ય છે. હકીકતમાં કાયદો સ્થાનિક લોકોને જંગલ સાચવવાનો, ઉછેરવાનો, ટકાઉ ઉપયોગ કરવાનો અને વ્યવસ્થાપન કરવાનો બહુ અગત્યનો સામુદાયિક અધિકાર આપે છે. એ ઉપરાંત, વાંસ સહિતની ગૌણ વનપેદાશો પર માલિકી હક્ક અને વિસ્તારના જળસ્રોતો અને એની પેદાશોના ઉપભોગનો અધિકાર આપે છે. વિસ્તારના જીવવૈવિધ્ય અને સંસાધનોને જાળવવાની જવાબદારી સોંપે છે. આમ, જંગલોને નવપલ્લવિત કરવાની બહુ મોટી ગુંજાઇશ આ કાયદામાં રહેલી છે. એની પૂર્વશરત જ એ છે કે કાયદાને આ દૃષ્ટિથી જોવામાં આવે અને એની તમામ જોગવાઇઓનો બરાબર અમલ કરવામાં આવે.

બીજી એક સામાન્ય માન્યતા એ પ્રવર્તતી જોવા મળે છે કે રાજકીય મતબેંકની ગણતરીઓને કારણે અત્યાર સુધી વારંવાર (૧૯૭૨ અને ૧૯૯૨ના સરકારી ઠરાવ અન્વયે) જંગલ જમીન પરનાં દબાણો નિયમિત કરવામાં આવ્યાં છે. હવે એ સાલ લંબાવીને ૨૦૦૫ સુધીનાં દબાણો નામે કરી આપવામાં આવશે. અને આ પ્રક્રિયા ભવિષ્યમાં પણ ચાલુ રહેશે. એટલે જંગલોનો સર્વનાશ જ થનાર છે. આ બાબતને આપણે વિગતવાર તપાસીએ.

સૌપ્રથમ તો આપણે આગળ જોયું તેમ જંગલ વિસ્તારોમાં જમીન નામે કરવાની પ્રક્રિયા પર વર્ષો પહેલાં રોક આવી ગયેલો. જુદાજુદા વિસ્તારોમાં છેલ્લાં સર્વે સેટલમેન્ટ ૧૯૨૦ થી ૧૯૩૦ની વચ્ચે થયેલાં. ત્યાર બાદ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારતીય વન અધિનિયમની કલમ ૪ નું ('અનામત જંગલ' જાહેર કરવાનો ઇરાદો જાહેર કરતું) જાહેરનામું ૧૯૫૦ના દાયકાના ઉત્તરાર્ધમાં બહાર પાડવામાં આવેલું. ઘણાખરા કિસ્સાઓમાં ત્યારે જ લોકોના હક્ક-હિતોની નોંધ થઇને જે સેટલમેન્ટ થવાં જોઇતાં હતાં એ થયાં નથી. એ ઉપરાંત, ૧૯૬૦-૭૦ના દાયકાઓમાં વન વિભાગ દ્વારા વર્કિંગ પ્લાન મુજબ કુપ પાડીને બહુ મોટા પાયા પર clear cuttingનું અભિયાન ચલાવવામાં આવેલું (આ અભિયાન માત્ર ગુજરાત પૂરતું જ સીમિત નહોતું, પરંતુ દેશભરમાં અંગ્રેજોએ અપનાવેલી selection cuttingને બદલે વન મંત્રાલયે clear cuttingની જે નીતિ અપનાવેલી

એને આભારી છે). વ્યવસ્થિત રીતે મોટાભાગનાં જંગલો મૂળસોતાં એ વર્ષોમાં ખલાસ થઇ ગયાં. ઝાડવિહોણી થઇ ગયેલી જમીનો પર મોટાભાગના જમીનવિહોણા સ્થાનિક લોકોએ ખેતી ચાલુ કરેલી. કોઇને એ પ્રશ્ન થઇ શકે કે ત્યાર પછી ૧૯૭૨ અને ૧૯૯૨માં સરકારી ઠરાવ થયા છે એનું શું ? આ ઠરાવો થયા છે એ વાત સાચી, પણ એમાં પુરાવા તરીકે જંગલખાતાએ આપેલી દંડની પાવતીને જ ગ્રાહ્ય રાખવામાં આવેલી હોવાથી વર્ષોથી એ જમીનો ખેડતા હોવા છતાં આદિવાસીઓ (તથા અન્ય જંગલ નિવાસીઓ)ના નામે એ જમીનો થઇ નથી શકી કારણ કે મોટાભાગના કેસોમાં જંગલખાતાએ પાવતીઓ જ નથી આપી એ હકીકત તો હવે સર્વસ્વીકૃત છે. તેથી આ કાયદા નીચે ૨૦૦૫ની કટ ઓફ તારીખ હોવા છતાં મોટાભાગની જમીનો વર્ષો પહેલાંની જ છે. અને એ વર્ષોમાં જ મોટાભાગની ખેતીલાયક જમીનો ખેડાણ હેઠળ આવી ગયેલી. ૨૦૦૫ની કટ ઓફ તારીખનો પુરાવા અને વહીવટી સુગમતાને લીધે જ છે.

અને બીજી અગત્યની બાબત એ છે કે જો આ કાયદાનો અમલ બરાબર થશે અને સામુદાયિક વન સંસાધનોનો વહીવટ સ્થાનિક લોકો લેવા માગતા હોય એમને સોંપવામાં આવશે અને લોકોને એમાંથી પણ આવક મળવાની ચાલુ થશે તો લોકો સ્વાભાવિકપણે જ ડુંગરવિસ્તારમાં ઢાળવાળી જમીનો પર ખેતીને બદલે જંગલો ઉછેરવાનું અને એમાંથી કાયદેસરની આવક મેળવીને ગરિમાવાળી જિંદગી જીવવાનું વધુ પસંદ કરશે.

હકીકત તો એ છે કે જંગલ વિસ્તારમાં ખેતી હેઠળની જમીનો કુલ જંગલ વિસ્તારના ૫ ટકા જેટલી પણ નથી થતી (૨૦૦૪માં વન મંત્રાલયે સંસદમાં ૨ ટકાથી પણ ઓછી જમીન ગેરકાયદેસર ખેડાણ હોવાનું જણાવ્યું હતું). એટલે, હકીકતમાં આ કાયદો જંગલ જમીનની લ્હાણી કરી દેવાનો છે અને તેથી જંગલો જ ખતમ થઇ જશે એવી માન્યતા બરાબર નથી. અને આવી લાગણી કે માન્યતાના આધારે ઓછામાં ઓછી જમીન આપવી પડે એવું કડક અર્થઘટન કરવામાં આવશે, તો આદિવાસીઓને દોઢ-બે સદીથી થયેલ ઐતિહાસિક અન્યાયનું હજુ પણ નિરાકરણ નહીં આવી શકે, અને આ સવાલ ચાલુ જ રહેશે.

બીજી બાજુ, એકમાત્ર અને છેલ્લી વાર આ જંગલ વિસ્તારોનું સેટલમેન્ટ કરવાનું છે, એમ વિચારીને કાયદાના અમલ સાથે જોડાયેલ પ્રત્યેક ઘટક દ્વારા કાયદાનો યોગ્ય અને ન્યાયિક અમલ કરવામાં આવશે તો કાયદાનો મૂળ ઉદ્દેશ બર આવશે અને આદિવાસીઓ (અન્ય જંગલનિવાસીઓની) તથા જંગલો- બન્નેની સ્થિતિ સુધરશે. એટલે ટૂંકમાં, કાયદાના અમલ અંગે વિરોધી -antagonistic વલણ રાખવાની જરૂર નથી.

**ગામ લોકો જોગ**

કાયદાના અમલમાં બીજું અગત્યનું પાસું છે ગ્રામસભા-વનઅધિકાર સમિતિની ચાવીરૂપ ભૂમિકાનું. આ બહુ ક્રાંતિકારી પગલું છે. અને સૌથી પહેલી વાર આ પ્રકારની અગત્યની જવાબદારી અને સત્તા એમને આપવામાં આવી છે. એના લાભો પણ છે, અને પડકારો પણ જેવા તેવા નથી. સૌથી પહેલું તો ગામની સ્થિતિની સારામાં સારી માહિતી ગામલોકો પાસે હોય છે. કોણ ક્યાં ક્યારથી ખેડે છે તેની કે જંગલ વિસ્તારમાં કયા ફળિયાના-ગામના લોકો ક્યા વિસ્તારના જંગલનો ભોગવટો કરે છે, એની સારામાં સારી અને ઝીણવટીભરી જાણકારી ગામલોકોને હોય છે. એટલે અધિકારો ચકાસવાની અને નક્કી કરવાની પ્રક્રિયા તેઓ સારામાં સારી રીતે કરી શકે એમ છે.

સાથે જ, આ પ્રક્રિયામાં પડકારો પણ રહેલા છે. સૌથી પહેલું તો ગામલોકોને જાણકારી હોય છે, પણ એને નોંધવી, લખવી, ઠરાવ કરવો વગેરે બાબતો અઘરી છે. ભણેલીગણેલી અને આવા પ્રકારનાં કામોથી ટેવાયેલી વ્યક્તિઓ કે અધિકારીઓને પણ જો ક્યારેય ન કરી હોય એવી કોઇ કાર્યવાહી કરવાની જવાબદારી માથે આવે તો એમને પણ એ શીખવા, સમજવામાં અને એડજસ્ટ થવામાં સમય લાગે છે. જ્યારે અહીં તો મોટાભાગના લોકો સાવ અભણ કે ખૂબ ઓછું અક્ષરજ્ઞાન ધરાવતા હોય છે અને આવી કોઇ જ જવાબદારીઓ પેઢીઓથી એમને માથે આવી નથી. એવા સંજોગોમાં આવી ઔપચારિક લેખિત પ્રક્રિયા કરવી એમને માટે અત્યંત મુશ્કેલ બાબત છે. એને માટે એમણે સજ્જ થવાની જરૂર છે. પણ એ માટેની તૈયારી તો એમણે જ દેખાડવી પડશે. સામે પક્ષે, વહીવટીતંત્રે (પેટા વિભાગીય સમિતિ - જિલ્લા સ્તરની સમિતિ) અને વન વિભાગે આ ભગીરથ કાર્યમાં સહાનુભૂતિપૂર્વક એમને મદદ કરવી પડશે. બહારના માર્ગદર્શકોની જરૂર પડશે, પણ નિર્ણય ગામલોકો જ લે, એવી ધીંગી પ્રક્રિયા ખીલવવાની જરૂર છે.

બીજી બાજુ, વન અધિકાર સમિતિએ કોઇપણ જાતની પક્ષાપક્ષીથી પર થઇને તટસ્થ રીતે તમામ દાવેદારોના દાવા ચકાસીને યોગ્ય નિર્ણય કરવાના છે. તેથી, આ કાયદાના અમલ પૂરતું પણ ગામમાં સામાન્ય રીતે પ્રવર્તતી જૂથબંધી, પક્ષાપક્ષી કે કૌટુંબિક વેરભાવથી સૌએ ઉપર ઊઠવું પડશે અને વન અધિકાર સમિતિને સોંપવામાં આવેલ આ અર્ધ-ન્યાયિક (quasi-judicial) જવાબદારી નિભાવવાની નિષ્પક્ષતા અને પુખ્તતા કેળવવાં પડશે. ગામ આખાનું ભલું કરવાની વૃત્તિ કેળવવી પડશે. વળી, ખરા અર્થમાં આ ભગીરથ કામને પાર પાડવાની બૌદ્ધિક સજ્જતા કેળવવી પડશે. કામ ખૂબ મોટું છે, પણ જિંદગીમાં પહેલી વાર

પોતાને લગતી, પોતાના ફળિયાને લગતી, પોતાના ગામને લગતી અત્યંત અગત્યની બાબતો અંગે નિર્ણય લેવાની જવાબદારી પોતાને શિરે આવી છે, એનું મહત્ત્વ સમજશે, તો પોતાના અને આગામી પેઢીઓનાં જીવન માટે ખૂબ અગત્યની ભૂમિકા ભજવી જશે.

આમ, આ કાયદો એના વિષયવસ્તુ -content માટે તો ઐતિહાસિક છે જ, એની પ્રક્રિયા માટે પણ અભૂતપૂર્વ છે. એનો જો યોગ્ય અને ન્યાયિક અમલ થશે, તો આદિવાસીઓ અને અન્ય જંગલનિવાસીઓને તો ખૂબ મોટો ફાયદો થશે જ, સાથે સાથે જંગલો અને કુદરતી સંસાધનોને પણ મોટો લાભ થશે અને સમાજને પણ લાભ થશે, એમાં બેમત નથી.

### સ્વૈચ્છિક સંગઠનો જોગ

છેલ્લે, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સંગઠનોને સાવચેતીના બે શબ્દો. આપણે સૌએ પહેલામાં પહેલી તો કાયદાની જોગવાઇઓનો સારી રીતે અભ્યાસ કરી લેવાની જરુર છે, જેથી ગામલોકોને સાચી હકીકત અને જોગવાઇઓની માહિતી અને માર્ગદર્શન આપી શકાય. આપણે આગળ જોયું તેમ લોકો કાયદાનો અમલ કરવા સક્ષમ છે, સવાલ માત્ર એમના લખવા-વાંચવા, ઠરાવ કરવા વગેરે અંગેની એમની ક્ષમતાનો છે. એ બાબતોમાં એમને યોગ્ય માર્ગદર્શન મળી રહે એ અગત્યનું છે. એમાં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે આપણી ભૂમિકા કાયદાની સમજ અને કાર્યવાહી અંગે સલાહ આપવા પૂરતી જ રહે અને આપણા વિચારો કે અપેક્ષાઓ જાણ્યે અજાણ્યે એમના પર થોપાઇ ન જાય કે એમની નિર્ણયપ્રક્રિયામાં દખલ ન થઇ જાય એ અંગે આપણે સજાગ રહીએ.

બીજું, ખાસ તો કાયદાની સ્પષ્ટ જોગવાઇ છે કે ૧૩-૧૨-૨૦૦૫ પહેલાંના રહેઠાણ કે ખેતી માટેના કબજાને માન્યતા આપવામાં આવશે. તેથી નવી જમીનો ખેડવા કે કબજો કરવા માટે ભૂલેચૂકે પણ લોકોને પ્રોત્સાહન ન આપવાની આપણા સહુની કાયદાકીય અને નૈતિક ફરજ છે. આદિવાસી મહાસભા તરફથી પણ અમે આ અપીલ કરતા આવ્યા છીએ. સાથે જ, વર્ષો પહેલાં જો લોકોનો કબજો જંગલખાતાએ છોડાવી દીધો હોય તો તે જમીનો અથવા એને બદલે એવી જ બીજી જમીન પર પુનર્વસવાટનો અધિકાર આ કાયદો આપે છે એ જણાવવાની અને એને માટે અલગથી અરજી ફોર્મ ભરવાની સલાહ આપવી જરુરી છે. ટૂંકમાં, કાયદેસરના અધિકારો કાયદેસર રીતે જ લોકોને મળે એ માટે આપણે મથવું પડશે. આદિવાસી વિસ્તારોમાં બીજા પ્રશ્ને કાર્યરત એવી અન્ય સંસ્થાઓ પણ સમય કાઢીને આ ભગીરથ કામમાં મદદ કરે એ જરુરી છે.

કોઇ પાત્ર વ્યક્તિ કે સમુદાય આ કાયદાનો લાભ મેળવવામાંથી બાકાત ન રહી જાય એ જોવાની અને એને માટે જરુર પડ્યે વોચ-ડોગની ભૂમિકા ભજવવી પડશે. ખોટી બાબતો કે ખોટા તરીકાઓને પ્રોત્સાહન આપવાથી તો કાયદો અને કાયદાનો અમલ જ બદનામ થશે. એની અવળી અસર આદિવાસીઓ તથા અન્ય જંગલનિવાસીઓ પર જ પડશે. એવું કદાપિ ન થાય એ જોવાની આપણા સહુની ફરજ છે. ■


### 'ખોજ'નું લવાજમ નીચેનાં સ્થળોએ પણ સ્વીકારાય છે

| | |
|---|---|
| ડો દક્ષાબેન /રશ્મિભાઈ | : આર્ચ દવાખાનું, નગરિયા, ધરમપુર. ફોનઃ ૦૨૬૩૩-૨૯૩૨૩૨. |
| શ્રી રાહુલ દવે | : ૫૮, સહજધામ રો હાઉસ, હની પાર્ક રોડ, અડાજણ, સુરત. ફોન ૯૮૨૫૧૩૨૬૧૫. |
| બરોડા બુક કોર્પોરેશન | : ૨૦ સ્ટોપ એન્ડ શોપ પ્લાઝા, ઓફટેલ ટાવર, આર.સી.દત્ત રોડ, અલકાપુરી, વડોદરા, ફોન ૨૩૫૮૭૩૬. |
| ડો. મહેન્દ્ર ચોટલિયા | : એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, ફોન ૯૮૭૯૫૨૮૧૨૯. |
| શ્રી પ્રશાંત ચાવડા | : ૩૨-૨, બીમાનગર, ઉમિયા વિજય બસ સ્ટેન્ડ પાછળ, સેટેલાઈટ રોડ, અમદાવાદ. ફોન ૨૬૩૦૨૩૨૨. |
| ડૉ. મહેબુબ દેસાઈ | : સુકૂન, ૪૦૫, પ્રભુદાસ તળાવ, ભાવનગર. ફોન (૦૨૭૮) ૨૪૩૯૨૨૬ |
| સૌરભ પુસ્તક ભંડાર | : બી-૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લીંગ હોસ્પિટલ પાસે, મેમનગર, અમદાવાદ ફોન ૨૭૪૫૧૪૦૦. |
| નવકાર મેગેઝિન એજન્સી | : બી-૮, અરિહંતનગર, વિશ્રામનગર સામે, ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ ફોન ૨૭૪૭૫૦૯૭. |
| પીયૂષ મેગેઝિન વર્લ્ડ | : એફ-૮, પ્રથમ માળ, મુલ્કી ભવન, એસ. ટી. બસ સ્ટેન્ડની પાસે, મહેસાણા ફોન (૦૨૭૬૨) ૨૨૦૩૫૦. |


*I have often said that from the amoeba to Einstein there is only one step. Both work with the method of trial and error. The amoeba must hate error, for it dies when it errs. But Einstein knows that we can learn only from our mistakes, and he spares no effort to make new trials in order to detect new errors, and to eliminate them from our theories. The step that the amoeba cannot take, but Einstein can, is to achieve a critical, a self-critical attitude, a critical approach. It is the greatest of the virtues that the invention of the human language puts within our grasp. I believe that it will make peace possible.*

*Karl Popper (1990)*

*But I shall let the little I have learnt go forth into the day in order that someone better than I may guess the truth, and in his work may prove and rebuke my error. At this I shall rejoice that I was yet the means whereby this truth has come to light.*

*Albrecht Durer, quoted by Karl Popper*

RNI No. GUJMUL/2007/21517



Where the mind is without fear and the
head is held high;
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments of domestic walls;
Where words come out from the depth
of truth;
Where tireless striving stretches its arms
towards perfection;
Where the clear stream of reason has
not lost its way into the dreary desert
sand of dead habit;
Where the mind is led forward by
Thee into ever-widening thought and
action
into that heaven of freedom, my Father,
let my country awake.

- Rabindranath Tagore - Gitanjali

Khoj - Jeevan Ek Avirat Khoj May-June 2008 Volume 2 Issue 3
Editor : Ambrish Mehta
Published and Printed by Ambrish Mehta on behalf of Action Research in Community Health and Development,
E-702, Samrajya Complex, Vadodara - 390002. Printed at Vishal Offset, Sardar Estate, Vadodara